ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૧૭ અંક: ૭ જુલાઈ ૨૦૧૫ સળંગ અંક : ૫૨૫

# વિ-વિદ્યાનગર



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते।

**Charutar Vidya Mandal**
**Vallabh Vidyanagar**



ચારુતર વિદ્યામંડળના(સીવીએમ)ના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલે કોઈમ્બતૂર ખાતે સ્વાસ્થ્યલાભ બાદ સંપૂર્ણપણે સ્વસ્થ થઈને સીવીએમ મુખ્યાલયમાં રાબેતા મુજબની હાજરી આપવાનું શરૂ કરી દીધું છે. અધ્યક્ષ ડૉ.પટેલ માનદ મંત્રીઓ પ્રિ. એસ.એમ.પટેલ, ડૉ.જે.ડી. પટેલ, શ્રી વી.એમ. પટેલ, શ્રી બી.પી. પટેલ, ડૉ.એસ.જી. પટેલ અને શ્રી એમ.જે. પટેલ સાથે પોતાના કાર્યાલયમાં ચર્ચા કરતા જણાય છે.




વલ્લભ વિદ્યાનગરસ્થિત શાસ્ત્રી મેદાન ખાતે ચારુતર વિદ્યામંડળ અને એનસીસી ગ્રુપ હેડક્વાટર્સના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ(૨૧જૂન)ની ઉજવણી પ્રસંગે સંબોધન કરતા સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ. પટેલ. તેમની સાથે સીવીએમના માનદ સહમંત્રી ડૉ.એસ.જી.પટેલ, એન.સી.સી.ના બ્રિગેડિયર શ્રી સુંદરસિંહ, શ્રીમતી સુંદરસિંહ, પ્રિ.ડૉ.ભાવેશ પટેલ, પ્રિ.આર.એમ. પટેલ અને પ્રિ.વિજય સુથાર દશ્યમાન છે.




**તંત્રી**

હરિ દેસાઇ

**પરામર્શન**

રમેશ એમ. ત્રિવેદી • રાજેન્દ્રસિંહ જાડેજા

જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ

**સંપાદન-સહાય**

ગિરીશ ચૌધરી • ઉર્વીશ છાયા

**પ્રકાશક**

પ્રિ.એસ.એમ. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી- આણંદ

**વિ-વિદ્યાનગર**

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

જુલાઇ ૨૦૧૫

વર્ષ: ૧૭ અંક: ૭

સળંગ અંક: ૫૨૫

**ISSN 0976-9609-V Vidyanagar**

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫


*कर्मण्येवाऽधिकारस्ते*


**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ.એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચારકણિકા**

પોતાના ગુરુ તથા ભગવાનનાં મંદિરનું દેવું ન કરવું.

**- શિક્ષાપત્રી**


# વિ-વિદ્યાનગર
## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

જુલાઇ ૨૦૧૫

વર્ષ: ૧૭ અંક: ૭

સળંગ અંક: ૫૨૫

**ISSN 0976-9609-V Vidyanagar**


• • •

**जलबिन्दु निपातेन क्रमशः पूर्यते घटः।**
**स हेतुः सर्वविद्यानां धर्मस्य च धनस्य च ॥**

એક એક જળનું ટીપું પડ્યા કરે તો પણ ઘડો ભરાઇ જાય છે. સર્વપ્રકારની વિદ્યાઓની પ્રાપ્તિ, તેમજ ધર્મ તથા ધન આ રીતે ધીમે ધીમે મળે છે.

• • • **(ચાણક્યનીતિ: ૧૨:૧૯)**


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ ગુરુના આશીર્વાદનું બળ • ડૉ.સી.એલ.પટેલ

॥ પ્રાથમ્ય ॥ ન્યાયી મહારાજા સયાજીરાવ • હરિ દેસાઇ / 1

॥ આપણો વૈભવ અને વારસો ॥ (પદ્ય વિભાગ) • ઉમાશંકર જોશી / 3

॥ આપણો વારસો અને વૈભવ ॥ (ગદ્ય વિભાગ) ઇન્દુ ચાચાનું યોગદાન • સનત મહેતા / 4

॥ નવાં કાવ્યો ॥ • પ્રવીણ ગઢવી, કાજલ જોષી, દર્શક આચાર્ય, પારુલ બારોટ, અલ્પેશ પાઠક /6

॥ સામ્પ્રત ॥ ભારત-બાંગલાદેશ સંબંધ • હરિ દેસાઇ / 7

॥ અભ્યાસ ॥ સહજાનંદ સ્વામી અને અરદેશર કોટવાળ • અરુણ વાઘેલા / 10

॥ અભ્યાસ ॥ કૌટિલ્યનું શિક્ષણ-ચિંતન • જયશ્રી કે. દવે / 15

॥ સમીક્ષા ॥ કળાકારના આંતરજગતની પ્રેરણાદાયી સંઘર્ષકથા • સિલાસ પટેલિયા / 23

॥ Review ॥ Reflections of an Educationist • Sulbha Natraj / 26

॥ રમન્તે તત્ર દેવતા ॥ સ્મૃતિકાળમાં વધૂપસંદગી • પારુલટીના દોશી / 28

॥ Gyan-Vigyan ॥ Bio-pesticides: An eco-friendly approach for pest control • Yachana Jha / 32

॥ આરોગ્ય ॥ આયુર્વેદમાં મધનું મહાત્મ્ય • સાગર ભીડે /35

॥ વિદ્યાવૃત્ત ॥ / 37

# ગુરુના આશીર્વાદનું બળ

**ડૉ.સી.એલ.પટેલ**

વર્ષ ૧૯૯૩માં એચ.એમ.પટેલ સાહેબના નિધન બાદ ચારુતર વિદ્યામંડળની જવાબદારી યોગ્ય વ્યક્તિ સંભાળે તે માટે ઘણા બધા શુભેચ્છકો પ્રયત્નશીલ હતા. એમાં ખાસ કરીને એ વખતના ઉપપ્રમુખ અને જ્યોતિ લિમિટેડના માલિક શ્રી નાનુભાઈ અમીન તથા બીએપીએસ સંસ્થાના ગુરુહરિ પ્રગટબ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પણ ચિંતિત હતા. એનું કારણ એ હતું કે ૧૯૪૫-'૪૬માં પૂજ્ય ભાઈકાકા અને પૂજ્ય ભીખાભાઈ સાહેબને પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત થયેલા અને વિદ્યાનગરની તે વખતની વેરાન ભૂમિ પર પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે પગલાં કરેલાં. બસ, ત્યારથી જ એક પરંપરા રહી હતી કે ચારુતર વિદ્યામંડળ અને ચારુતર આરોગ્ય મંડળને બીએપીએસનો ખૂબ ભાવનાત્મક ટેકો રહેતો. આમ પ્રગટબ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ૧૯૯૩માં મને આજ્ઞા કરી કે સી.એલ., ચારુતર વિદ્યામંડળની જવાબદારી સંભાળવા માટે તમે ચેરમેનની ચૂંટણી લડો અને આ જવાબદારી સંભાળો. તેઓની આજ્ઞા બાદ મેં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષપદ માટે ઝંપલાવ્યું. મારી સાથે બૅરિસ્ટર શ્રી આનંદભાઈ અમીન, ડૉ.સુમનભાઈ પટેલ- સારસા, શ્રી રશ્મિભાઈ પટેલ-ધર્મજ તથા તે વખતના માનદ મંત્રી શ્રી ગોરધનભાઈ પટેલે પણ આ જગ્યા માટે પ્રયત્ન કર્યો હતો. ખરેખર જ્યારે ચૂંટણી આવી ત્યારે મારા સિવાયના બીજા ચારેય જણે પોતાની ઉમેદવારી પાછી ખેંચી. મને વિદ્યાનગર મ્યુનિસિપાલિટી, ધર્મજ, કરમસદ, આણંદ, નડિયાદ, અમદાવાદ, વડોદરા વગેરેના સભાસદોનો ટેકો પ્રાપ્ત થયો. અધ્યક્ષપદની ચૂંટણીમાં હું વિજયી બન્યો. ચૂંટણી બાદ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કરવા સારંગપુર મુકામે ગયો. પ્રગટબ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે મને આશીર્વાદ આપ્યાઃ 'સી.એલ., કોઈ ચિંતા કરવાની નહિ. તમારી સાથે શાસ્ત્રીજી મહારાજ છે. તમારા બધા સંકલ્પો પૂરા થશે.' તેમના આશીર્વાદથી મને નવી જવાબદારી ઉપાડવાનું બળ પ્રાપ્ત થયું. તેમણે છ ફૂટનો ગુલાબનો હાર પહેરાવી આશીર્વાદ આપ્યા. તેમના આશીર્વાદના બળથી મારા જેવી એક સામાન્ય વ્યક્તિએ અસામાન્ય કહી શકાય એવી આ મોટી જવાબદારી સંભાળવાની શરૂઆત કરી.

હું ખરેખર નસીબદાર છું કે ગુરુહરિના આશીર્વાદ સાથે કામકાજમાં જરૂરી એવા મંત્રીઓ મને પ્રાપ્ત થયા, જેઓએ પોતાનું જીવન શિક્ષણ માટે સમર્પિત કર્યું હોય. ઍકેડૅમિક ફિલ્ડમાં મારો પોતાનો ખાસ અનુભવ નહોતો. વર્ષ ૧૯૮૮થી '૯૧ દરમિયાન હું ડૉ.એચ.એમ.પટેલ સાહેબ સાથે સહમંત્રી તરીકે કામ કરતો હતો. આ દરમિયાન બે વખત હું સરદાર પટેલ યુનિવર્સિટીની સિન્ડિકેટમાં ચૂંટાયો હતો અને મેં શિક્ષણ બાબતે અનુભવ પ્રાપ્ત કર્યો હતો. એટલે ચારુતર વિદ્યામંડળની ઘણીબધી સંસ્થાઓ અને શિક્ષણક્ષેત્રની માહિતી મેં મેળવેલી હતી, છતાં પણ હું કહી શકું કે ઍકેડૅમિક ફિલ્ડનો અનુભવ મારા ચારુતર વિદ્યામંડળના મંત્રીઓ, હજારો પ્રાધ્યાપકો-શિક્ષકોના યોગદાન થકી મને પ્રાપ્ત થયો અને અધ્યક્ષ તરીકે આ સંસ્થાઓમાં કામ કરવા માટે એ અનુભવની સાથે સાથે દૃષ્ટિ પણ પ્રાપ્ત થઈ. ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ પ્રમાણે એક પછી એક કામો હાથ પર લઈને પૂરાં કરવા માટે પ્રયત્નશીલ રહેતાં કામકાજમાં પ્રગતિ સાધી શકાય.

વર્ષ ૨૦૧૪માં અધ્યક્ષ તરીકે મારી કારકિર્દીનાં એકવીસ વર્ષ પૂરાં થતાં હોઈ

ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને પત્ર લખી આજ્ઞા મેળવી કે મારે સેવા ચાલુ રાખવી કે નિવૃત્ત થવું. તેઓની આજ્ઞા મને મળી કે તમારી સેવાની જરૂર છે. સેવા ચાલુ રાખવી અને જરૂર લાગે તો અધ્યક્ષની ચૂંટણી લડવી. આ રીતે ફરીને આગળની ટર્મ માટે મેં અધ્યક્ષની ચૂંટણીમાં ઝૂકાવ્યું, જેમાં સભાસદોના સહકારથી હું અધ્યક્ષની ચૂંટણી જીતી શક્યો. ત્યાર પછીના થોડા સમયમાં મને બીમારી લાગુ પડી. મારી બીમારીમાં મારા શરીરમાં જે કાંઈ ક્ષતિ દેખાઈ તે અંગે અપપ્રચાર શરૂ થઈ ગયો અને મારી તબિયતમાં સુધારો થઈ શકે તેમ નહિ હોવાની ખોટી રીતે પબ્લિસિટી કરીને મારી બીમારી જીવલેણ છે તેવી લોકોમાં હવા ઊભી કરવામાં આવી. આ બધું થતાં મારું 'મૉરલ' નીચું ગયું, પરંતુ મારા અમેરિકાસ્થિત દીકરાઓએ પોતાના મિત્રમંડળમાંના મૅડિકલ વ્યવસાયમાં કાર્યરત લોકો પાસેથી માહિતી મેળવી કે મારી બીમારી માટે જરૂરી સર્જરીના નિષ્ણાત એવા ડૉક્ટર કોઈમ્બતૂરની જૅમ(GEM)હૉસ્પિટલના ડૉ.પનીરવેલુ છે. તેઓ લેપ્રોસ્કોપિ પદ્ધતિથી આવા ટ્યૂમરની સર્જરી કરતા હોવાથી તેમની ઍપોઈન્ટમૅન્ટ લઈને ૨૭ માર્ચ ૨૦૧૫ના રોજ હું કોઈમ્બતૂર ગયો. ત્યાં બધાં પરીક્ષણો(ટેસ્ટ) બાદ ૩૦ માર્ચ ૨૦૧૫ના રોજ મારી સર્જરી થઈ. મારી સર્જરી પૂરી થતાં ડૉ.પનીરવેલુએ મને ખૂબ ઉમંગથી કહ્યું કે ડૉ.પટેલ, કોઈ જાતની ચિંતા કરશો નહીં. મારે આ ટ્યૂમરના અનુસંધાનમાં જે કાંઈ કરવાનું હતું તે બધું કર્યું છે. તમે હવે સંપૂર્ણપણે રોગમુક્ત છો. ભવિષ્યમાં તમારે કીમો કે રેડિયેશન લેવાની જરૂર નહીં રહે, એવું પણ તેમણે ભારપૂર્વક કહ્યું. આ બાજુ મારા ગુરુ પ્રગટબ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તેમની પોતાની તબિયત નાદુરસ્ત હોવા છતાં મને આશીર્વાદ આપ્યા અને કહેવડાવ્યું કે તમારે કોઈ જાતની ચિંતા કરવાની જરૂર નથી. તમે કોઈપણ રોગથી મુક્ત છો. ચિંતા કરશો નહીં. સદ્‌ગુરુ સંત પૂજ્ય મહંતસ્વામીએ પણ મને ફોનથી આશીર્વાદ આપ્યા કે અમારે તો તમારી પાસેથી હજુ ૧૫ વર્ષ સેવા લેવાની છે. એટલે તમારું શરીર નીરોગી રહે એટલા માટે અમારા આશીર્વાદ છે.

છેલ્લે મેં ઝાયડસ હોસ્પિટલમાં સારવાર લીધી. ત્યાં ડૉ.મૌલિક શાહ, ડૉ.કૌશલ પૂજારા, ડૉ.પ્રતીક અગ્રવાલ, ડૉ.પરિમલ સાળવી અને મૅનેજમૅન્ટ બાજુથી શ્રી પ્રજ્ઞેશ ગોર સહિતનાએ ખૂબ મહેનત કરીને મને રોગમુક્ત કરવા તસ્દી લીધી. આમ છતાં અગાઉની જે બાયોપ્સી શ્રી કૃષ્ણ હોસ્પિટલમાં થોડી ઉતાવળમાં થયેલી એને માટે ચોખવટ મેળવવા માટે આ બધા ડૉક્ટરોની સલાહથી પૅટ-સ્કૅન માટેનો આગ્રહ રખાયો. ગત ૯ જૂન ૨૦૧૫ના રોજ ગુજરાત ઈમેજિંગ સૅન્ટર-સામવેદ હોસ્પિટલમાં મારું આખું બૉડી ચૅકઅપ થયું. ચૅકઅપને અંતે એવો રિપોર્ટ મને મળ્યો કે તમારા આખા શરીરમાં કોઈપણ જગ્યાએ કૅન્સરના કોઈ અંશ નથી અને તમારું શરીર સંપૂર્ણપણે કૅન્સરમુક્ત છે. ત્યારપછી સોડિયમ લોસની ફરિયાદ સંદર્ભે પણ તપાસ કરાઈ હતી. સોડિયમની ૧૩૬ની માત્રા જોઈએ, એની જગ્યાએ તે ૧૩૯ થયું. શરીરની બીજી બધી જરૂરિયાતો જેમ કે બ્લડ શુગર, બી.પી. વગેરે બધું ડૉક્ટરોના પ્રયત્નથી સુધારા પર છે અને હું નિયમિત રીતે સવારના ઑફિસમાં હાજરી આપું છું. મને કોઈ શારીરિક મુશ્કેલી રહી નથી એવું મને લાગે છે.

આ બધામાં એક ખાસ બાબત વાચકોના ધ્યાનમાં લાવવાનો મારો નમ્ર પ્રયાસ છે કે જીવનમાં કોઈપણ કાર્ય કે સિદ્ધિ માટે આપણને ગુરુના આશીર્વાદ હોય તો આપણે જે કાંઈ વિચારતા હોઈએ તે બધું કરી શકીએ છીએ. છેક ૧૯૯૪થી ગુરુના આશીર્વાદથી મેં જે કોઈ સંકલ્પ કર્યા હોય તે પૂરા થયા છે. ગુરુના આશીર્વાદથી જ આવું બળ હું પ્રાપ્ત કરી શક્યો તે માટે મારા ગુરુહરિ પ્રગટબ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ચરણોમાં લાખ લાખ વંદન.

(૧૨ જૂન ૨૦૧૫)

# ન્યાયી મહારાજા સયાજીરાવ

**હરિ દેસાઈ**

જૂના વડોદરા રાજ્યના પ્રજાજન તરીકે મહારાજા સયાજીરાવ ત્રીજા ભણી વિશેષ આદરભાવ અને લાગણી હોવી સ્વાભાવિક છે. ફેસબુક પર મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા દ્વારા નવપ્રકાશિત 'ન્યાયના શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા) શ્રેષ્ઠ' વિશે જાણવા મળતાં જ એ પુસ્તક ખરીદીને વાંચવાનું મન થયું. તુષાર વ્યાસ લિખિત અને ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટના દસ્તાવેજોને આધારે સંશોધિત માંડ ૨૦૦ પાનાંના આ ગ્રંથને વાંચ્યા પછી બ્રિટિશ શાસન કરતાં પણ વધુ સારી ન્યાય વ્યવસ્થાનું અમલીકરણ કરાવનાર મહારાજા ભણી માન વધ્યું. પુસ્તક વાંચ્યા પછી જાણ્યું કે લેખક સિન્ડિકેટ સભ્ય હોવાની સાથે જ વ્યવસાયે ધારશાસ્ત્રી છે. એટલું જ નહીં એમનો સમગ્ર પરિવાર ધારશાસ્ત્રી છે 'હું ઈતિહાસનો વિદ્યાર્થી નથી, પરંતુ ઐતિહાસિક તથ્યોનો આધાર જરૂર લીધો છે, છતાં ત્રુટક ત્રુટક મળી આવેલી માહિતી અને સામગ્રીના આધારે તૈયાર થયેલ આ પુસ્તક એક છાયા રૂપે છે. જો કે આ વિષયનું સંપૂર્ણ સત્ય તો આનાથી ઘણું વિશેષ હશે.' તુષારભાઈએ આત્મકથનમાં નોંધ્યું છેઃ ''માર્ગદર્શક વિનાનો આ સંશોધન ગ્રંથ છે, પરંતુ ડૉક્ટરેટની ડિગ્રી મેળવવાની કોઈ અભિલાષા નથી. છે તો માત્ર શ્રીમંત સયાજીરાવ માટેનો આદર અને ન્યાય વ્યવસ્થાને સુદૃઢ કરવાનો સંકલ્પ.'' પુસ્તક પ્રકાશનનું નિમિત્ત બનેલા કુલપતિ ડૉ.યોગેશ સિંહના અનુગામીની જવાબદારી નિભાવતા ડૉ.પરિમલ વ્યાસ અમસ્તું ના કહે કે તુષારભાઈને આ એક પુસ્તકને આધારે જ ડી.લિટ્. આપી શકાય ! 'ન્યાયની યશસ્વી વિરાસત' અને 'ગુજરાતનાં ગુરુશિખર' એ અગાઉનાં તુષાર-સર્જન ઉપરાંત ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટના માધ્યમથી આદિ શંકરાચાર્યવિરચિત 'સૌંદર્યલહરી'નું સંસ્કૃત, અંગ્રેજી, ગુજરાતી, મરાઠી અને હિંદીમાં પ્રકાશનનું નિમિત્ત પણ એ બન્યા છે.

ન્યાયી મહારાજા સયાજીરાવ પૂર્વજ ખંડેરાવ ગાયકવાડે ઈ.સ. ૧૮૫૬ થી ૧૮૭૦ દરમિયાન મહારાજા તરીકે અંગ્રેજ હકૂમતને પડખે રહીને પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન વડોદરા રાજ્યને બચાવ્યું હતું. તાત્યા ટોપેને પકડાવી દેવાનું કામ અંગ્રેજનિષ્ઠ મહારાજા ખંડેરાવે એ વેળા કર્યું હતું. નાસિક જિલ્લાના કવલણના સામાન્ય પરિવારમાં જન્મેલા ૧૨ વર્ષના ગોપાળરાવને મહારાણી જમનાબાઈએ દત્તક લીધા ત્યારે બ્રિટિશ રાણીના સંમતિ પત્રકમાં અંગ્રેજિનષ્ઠાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. એ ગોપાળરાવ ૧૮ મે વર્ષે મહારાજા સયાજીરાવ ત્રીજા તરીકે રાજ્યાભિષેકથી વડોદરા રાજ્યના રાજવી બને છે એટલું જ નહીં એમના ૬૪ વર્ષના શાસન દરમિયાન તેઓ ખૂબ જ પ્રજાવત્સલ રાજવી તરીકે નામાંકિત બન્યા હતા. બ્રિટિશ શાસન દરમિયાનના ભારતીય રાજા-મહારાજાઓના કુશાસન અને પ્રજાના શોષણને સ્થાને વડોદરાના ગાયકવાડી શાસનની કીર્તિ પ્રજાવત્સલ સુશાસન માટે ચોફેર પ્રસરી હતી. પ્રસ્તુત પ્રયાસ માટે તુષાર વ્યાસ અભિનંદનના અધિકારી છે. કુલ ૨૪ પ્રકરણોમાં ન્યાયના શ્રીમંતની રૈયતના હિતનો વિચાર કેન્દ્રસ્થાને રાખવાની ખેવના ઊડીને આંખે વળગે છે. મહારાજાનાં અપ્રગટ રહેલાં કેટલાંક પ્રશંસનીય પાસાંને ઉઘાડ આપે છે.

લેખક નોંધે છે કેઃ ''ગાયકવાડીરાજનું વર્ણન ખૂબ થતું રહયું છે, પરંતુ સહેજ ઝીણવટભરી નજર ઈતિહાસ પર કરીએ તો આગળના બાર રાજા કે તેમના પછીના ચાર વારસદારો જે નથી કરી શક્યા તે મહારાજા સયાજીરાવ ત્રીજાએ કરી બતાવ્યું. અગાઉનાં ૧૫૦ વર્ષનો ઈતિહાસ તો ગાયકવાડી શાસનનો અંધકારયુગ તરીકે ઓળખાતો હતો અને તે પછીનાં ૧૦૦ વર્ષના શ્રીમંત સયાજીરાવ ત્રીજાએ મેળવેલ સિદ્ધિઓમાં વૃદ્ધિ તો નથી થઈ શકી, પરંતુ તેની જાળવણીમાં પૂરતું ધ્યાન આપી શકાયું નથી. આ સંદર્ભે સયાજીરાવ ત્રીજાના ૬૪ વર્ષના સુદીર્ઘ શાસનની પ્રશંસા થાય તે ફક્ત ભાવનાત્મક દૃષ્ટિએ જ નહીં, પણ બૌદ્ધિક અભિગમથી પણ સ્વીકૃત અને આવકાર્ય છે.''

વડોદરાના દીવાન અને રિજન્સી કાઉન્સિલના અધ્યક્ષ સર ટી. માધવરાવને સગીર રાજવી સયાજીરાવ ત્રીજાને આરંભનાં છ વર્ષ તાલીમ આપવાની જવાબદારી સોંપાઈ હતી. માધવરાવે પોતે અને અન્ય વિદ્વાનોએ અલગ અલગ વિષયો ઉપર પ્રવચનો આપ્યાં હતાં. તેના સાર રૂપે એક ગ્રંથ 'માયનર હિન્ટસ' સયાજીરાવને સોંપવામાં આવ્યો હતા. ભિન્ન ભિન્ન વિષયનાં ૪૬ પ્રકરણોમાં કુલ ૬૬૭ સૂચનો કરવામાં આવ્યાં હતાં. આજેય મનનીય અને પઠનીય જ નહીં, અનુસરણીય એવી આ ગ્રંથ કસ્તૂરીની ૨૯ પૃષ્ઠની વિશદ નોંધ પણ લેખકે 'ન્યાયના શ્રીમંત'માં સમાવીને એમના ઘડતરનો પાયો કઈ રીતે મજબૂત થયો એનો અણસાર પણ આપ્યો છે. સયાજીશાસનના વિશિષ્ટ કાયદાઓની સમજૂતીની સાથે

જ શિક્ષણની વ્યવસ્થા, ન્યાયધીશો અને ધારાશાસ્ત્રીઓ સાથેના મહારાજાના મોકળાશભર્યા વર્તન અને પ્રજાના રૈયતના હિત કાજે પ્રજાની ભાષામાં અદાલતોનું કામ ચાલે એવો આગ્રહ પણ અહીં સુપેરે રજૂ થયો છે.


'એક દિવસ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ ફરતાં ફરતાં અદાલતમાં આવી ચડયા. શ્રી બાપુસાહેબ સુધાલકરની ધારદાર દલીલો થતી હતી. અડધા પોણા કલાક પછી બાપુસાહેબે તેમની રજૂઆત પૂરી કરી બેસી ગયા. શ્રી સયાજીરાવ પોતે પણ પ્રભાવિત થયા, પરંતુ ઊભા થતાં તેઓએ બાપુસાહેબને સવાલ કર્યો, બાપુ, તમારા અસીલ અહીં છે ? શ્રી સુધાલકરે એક કાકાને ઊભા કર્યા......''

આ પ્રસંગ લેખકે ટાંકીને અસીલ ના સમજે એ ભાષામાં એટલે કે અંગ્રેજીમાં દલીલો કરવાને બદલે ગાંઠ વાળી કે શકય હોય ત્યાં સુધી ગુજરાતી ભાષામાં જ દલીલો કરવી. મહારાજાનો પરિવાર મરાઠી હોવા છતાં એમણે વહીવટ ગુજરાતી અને અંગ્રેજી બેઉ ભાષામાં ચાલે એની તકેદારી રાખી હતી. લેખકે ગ્રંથમાં દસ્તાવેજો પ્રકાશિત કરીને કાયદા પણ અંગ્રેજી અને દેવનાગરી લિપિમાં એક સાથે પ્રકાશિત કરવાનો રિવાજ ગાયકવાડીમાં હોવાનું દર્શાવાયું છે. રાજમહેલ લક્ષ્મીવિલાસ પેલેસમાં પણ બધો વ્યવહાર ગુજરાતીમાં થતો હોવાની વિગતો સંભવતઃ પહેલીવાર બહાર આવી છે.

મહારાજા સયાજીરાવ ગાયકવાડ (તૃતીય) ની સાર્ધ શતાબ્દી (૧૫૦ વર્ષ) ની ઉજવણીમાં આ મોંઘેરું તર્પણ છે. મહારાજાના અંગત સચિવ રહેલા મહર્ષિ અરવિંદ ઘોષ અને અંગત તબીબ રહેલા ડૉ. સુમંત મહેતાએ મહારાજા સાથેનાં સંસ્મરણોની નોંધ કરતાં તારવેલી સયાજીરાવની મર્યાદાઓને અતિક્રમીને તુષાર વ્યાસ પોતાના સંકલ્પમાં સફળ થયા હોય એવું અવશ્ય નોંધવું પડે. કેમ ખરુંને, ડૉકટર તુષાર વ્યાસ ? (૧૪ જૂન ૨૦૧૫)

**(નિયામક : સરદાર પટેલ સંશોધન સંસ્થા-સેરલિપ, સીવીએમ બંગલો-૧૮, ભાઈકાકા લાઈબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮૧૨૦ જિ.આણંદ. મોઃ૯૮૯૮૫૪૩૮૮૧)**

## સીવીએમના માનદ સહમંત્રી પ્રિ. આર.સી. દેસાઈને અંજલિ



ચારુતર વિદ્યામંડળ(સીવીએમ) સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય (બીવીએમ)માંથી સ્નાતક થયા પછી મૂળ માતરના શ્રી રમાકાંત ચંદુલાલ દેસાઈએ સીવીએમ સંચાલિત બીબીઆઈટીમાં ઈજનેરી શાખાના અધ્યાપક તરીકે કારકિર્દી શરૂ કરીને એના આચાર્ય તરીકે સેવા આપી નિવૃત્ત થયા પછી પણ ચારુતર વિદ્યામંડળ સાથે છેલ્લા શ્વાસ સુધીનો સંબંધ નિભાવ્યો હતો. ૨૮ એપ્રિલ ૨૦૧૫ના રોજ ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રીના હોદ્દે કાર્યરત પ્રિ.આર.સી. દેસાઈએ ૮૨ વર્ષની વયે દેહત્યાગ કર્યો હતો. તેઓ અગાઉ ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી અને એચ.એમ. પટેલ કેરિયર ડૅવલપમેન્ટ સૅન્ટર (સીડીસી)ના નિયામકપદે પણ રહ્યા હતા. 'વિ-વિદ્યાનગર'ના સંપાદકમંડળના સક્રિય માર્ગદર્શક અને લેખક રહેલા પ્રિ. દેસાઈ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલના અધ્યક્ષપદે ચાલતા ગુજરાત રાજયમાં સ્થાપિત સ્વનિર્ભર ઈજનેરી, ફાર્મસી, એમબીએ અને એમસીએ કૉલેજના ફેડરેશનના માનદ સભ્ય-સચિવ પણ હતા.

પ્રિ. આર.સી.દેસાઈની ચિરવિદાયથી નહીં પૂરી શકાય એવો ખાલીપો સર્જાયાનું જણાવતાં સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ અને સમગ્ર ચારુતર વિદ્યામંડળ પરિવારે સદ્‌ગતને ભાવભીની અંજલિ આપી હતી.

(ઉત્તર ગુજરાતના બામણા ગામથી વિશ્વમાનવી બની રહેલા ગૂર્જરગૌરવ ઉ.જો.નો જન્મ ૨૧ જુલાઈ ૧૯૧૧ ના રોજ થયો હતો. એ નિમિત્તે કવિવરને ઊંચાઈ બક્ષનારાં એમનાં સર્જનોની આછેરી ઝલક અહીં પ્રસ્તુત છે.)

### જઠરાગ્નિ

રચો, રચો અંબરચુંબી મંદિરો,
ઊંચા ચણો મ્હેલ, ચણો મિનારા !
મઢો સ્ફટિકે, લટકાવો ઝુમ્મરો,
રંગે ઉડાવો જળના ફુવારા !

રચો, રચો ચંદનવાટિકાઓ,
ઊંડા તણાવો નવરંગ ઘુમ્મટો
ને કૈંક ક્રીડાંગણ, ચંદ્રશાળા
રચો ભલે !
અંતર-રૂંધતી શિલા
એ કેમ ભાવિ બહુ કાળ સાંખશે ?
દરિદ્રની એ ઉપહાસલીલા
સંકેલવા, કોટિક જીભ ફેલતો
ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે,
ખંડેરની ભસ્મકણી ન લાધશે !

વીસાપુર જેલ, એપ્રિલ, ૧૯૩૨ (ગંગોત્રી)

### વિશ્વમાનવી

કીકી કરું બે નભતારલીની
ને મીટમાં માપું દિગંતરાલને,
માયા વીંધીને જળવાદળીની
અખંડ દેખું પળમાં ત્રિકાળને.
સન્ધ્યા-ઉષાની સજી પાંખજોડલી
યાત્રી બનું ઊર્ધ્વમુખી અનંતનો,
સ્વર્ગંગમાં ઝૂકવું ચંદ્રહોડલી,
સંગી બનું વા ધૂમકેતું-પંથનો.
વ્યક્તિત્વનાં બંધન તોડીફોડી
વિશ્વાન્તરે પ્રાણપરાગ પાથરું.
પાંખો પ્રકાશે-તિમિરે ઝબોળી
સ્થળે સ્થળે અંતરપ્રેમ છાવરું.
વ્યકિત મટીને બનું વિશ્વમાનવી,
માથે ધરું ધૂળ વસુન્ધરાની.

વીસાપુર જેલ, ૩૦-૬-૧૯૩૨ (ગંગોત્રી)

### ભોમિયા વિના

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,
જંગલની કુંજ કુંજ જોવી હતી,
જોવી'તી કોતરો ને જોવી તી કંદરા,
રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી.

સૂના સરવરિયાની સોનેરી પાળે
હંસોની હાર મારે ગણવી હતી,
ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે
અંતરની વેદના વણવી હતી.

એકલા આકાશ તળે ઊભીને એકલો
પડઘા ઉરબોલના ઝીલવા ગયો,
વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં,
એકલો અટૂલો ઝાંખો પડ્યો.

આખો અવતાર મારે ભમવા ડુંગરિયા,
જંગલની કુંજ કુંજ જોવી ફરી,
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા,
અંતરની આંખડી લ્હોવી જરી.

ઓગસ્ટ- ૧૯૩૨ (ગંગોત્રી)

### બીડમાં સાંજવેળા

વિશાળ સહરા સમું નભ પડ્યું વડું વિસ્તરી,
કહીંય રણદ્રીપશી નજર ના'વતી વાદળી.
ડૂબ્યો સૂરજ શાંત, ગોરજ શમી, અને રંગ સૌ
ઘડી અધઘડી સ્ફુરી અવનિ-ઓઢણે, આથમ્યા,
સર્યું ક્ષિતિજઘેન, લોચનની રક્તિમા નીતરી.
બીડેલ જડબાં ખૂલે જરી ન પૂર્વપશ્રિમ તણાં,
જરી થથરી કંપતાં, પણ ન આંખકીકી હસે.
હવે નભનું શું થશે ? પ્રબળકંધ ડુંગર, ગિરિ,
વનસ્પતિ વિશાળ ગુંબજ ઉપાડનારાં અહીં
નથી ! રવિવિયોગમાં ત્રુટી જશે ? તૃણો માત્ર હ્યાં !
ડરું ગભરું માનવી- અયુતવર્ષ કેડેય જે
ન આદિનરભિન્ન- વામન કરો કરું ના ઊંચા
તહીં, થરથરી, ટટાર થઈ, ડોક ઊંચી કરી
તૃણો ટચલી આંગળી ઉપર તોળતાં આભને !

બામણા ૩૦-૧-૧૯૩૩ (ગંગોત્રી)

॥ આપણો વૈભવ અને વારસો ॥ (ગદ્ય વિભાગ)

# ઈન્દુચાચાનું યોગદાન

**સનત મહેતા**

**(બહુમુખી પ્રતિભા ધરાવતા ઈન્દુલાલ યાજ્ઞિક મહાગુજરાત આંદોલનના પ્રણેતાથી લઈને સાંસદ તથા ફિલ્મ નિર્માતા રહ્યા છતાં એમની ફકીરી અંતિમ ક્ષણ સુધી જળવાઈ. પ્રત્યેક ગુજરાતીના દિલમાં વસતા આ ઓલિયા માણસે જ વલ્લભ વિદ્યાનગર નામ પાડેલું. ૨૨ ફેબ્રુઆરી ૧૮૯૨ના રોજ જન્મેલા ઈન્દુચાચાએ ૧૭ જુલાઈ ૧૯૭૨ના રોજ આ ફાની દુનિયાને આખરી સલામ ભરી એ નિમિત્તે એમને અંજલિ આપવાના અધિકારીજણના શબ્દો અહીં પ્રસ્તુત છે.)**

ભારતતી ભૂમિ તો બહુરત્ના વસુંધરા છે. ભારતની મુક્તિ અને ગરીબોની ગરીબાઈ દૂર કરવા વિવિધ વિચાર ધરાવતી હજારો વ્યક્તિઓએ પોતાના જીવન અને પ્રાણ અર્પ્યા છે. એમાં ગાંધીજી તો મહામાનવની કોટિમાં સ્વીકારાયા છે. આ સિવાય બીજા અનેક આગેવાનોએ સ્વાર્પણ, ત્યાગ અને સાદગીભર્યા જીવન જીવી બતાવ્યાં છે. પણ કહેવાય છે કે, સફળતાના તો અનેક દાવેદારો હોય છે નિષ્ફળતા નિરાધાર જ હોય છે.

ઈન્દુલાલ યાજ્ઞિક એક અર્થમાં ભારતના ઉતમ કોટિના આગેવાન હતા. એમને સત્તાએ કદી લોભાવ્યા નથી. ભિન્ન મત પ્રદર્શિત કરવામાં એમણે ક્યારેય અચકાટ અનુભવ્યો નથી. ફકીરી એમના જીવનમાં વણાયેલી હતી. ગામડાંનો ગરબી ખેડૂત અને શહેરનો મજૂરી કરતો મજૂર જ્યારે પણ જરૂર પડે તો ઈન્દુભાઈનો સાથ મેળવી શકતો.

૧૯૭૦ માં ઈન્દુલાલ યાજ્ઞિક ૭૯મા વરસમાં પ્રવેશ્યા ત્યારે એમણે કરેલા કેટલાક ઉદ્‌ગારો એમના વિચારવલોણામાંથી નીકળ્યા હોય એવા હતા.

પોતાના વિશે એમણે કહ્યું-

''હું તો ઝૂંપડાનો માનવી છું. પગથી પર જીવતો આદમી છું. ત્રીજા વર્ગની જનતાનો માનવી છું. ગરીબ કિસાનો વચ્ચે બેસવું. એમની ઝૂંપડીઓમાં જવું અને એમની વિચારધારા ઝીલવી. એ મારું કાર્ય છે. એ શ્રમજીવીઓના શ્રમ અને આદર્શો તથા મારી સેવાનો સમન્વય સધાશે તો હું જે ક્રાંતિ કરવા ધારું છું એ કરી શકીશ.''

૧૯૬૯માં ગાંધીજીની જન્મશતાબ્દી હતી. ગાંધી અને ઈન્દુલાલ યાજ્ઞિક બે વચ્ચેના વિચારસંબંધો વિશે અનેક માન્યતાઓ પ્રવર્તે છે પણ તે દિવસે ઈન્દુચાચાએ ગાંધી વિશે જે કહ્યું એ નવા જ પ્રતિભાવ જન્માવે છે. ગાંધીજીની સાથે એમનો સંબંધ તો નવજીવન સમયનો હતો. પણ તે દિવસે એમણે કહ્યું-

''ત્યારથી ગાંધીજી સાથેનો મારો અંગત સંબંધ પૂરો થયો નહિ. તે ફરીથી કદીયે સંધાયો નહિ.''

ન સંધાયેલા સંબંધ છતાં ગાંધીમાં એમને જે દર્શન થતું એના વિશે એમણે ૧૯૭૦માં કહ્યું-

''આજે ગાંધીજીની જન્મ શતાબ્દી ઊજવાય છે ત્યારે ગાંધીજીનું એક નવું દર્શન મને થાય છે. સ્વચ્છ કપડામાં સજ્જ થયેલો સૂકલકડી ગાંધીજીના હાથમાં હું લાંબો દંડ જોઉં છું. અને તેમની કમ્મરે બાંધેલું ઘડિયાળ નિહાળું છું. પણ તેમનો ખરો જાદુ તેમની આંખોમાં છે, તેમાંથી એવી અગન ચમકે છે, જે જગતનાં બંધનો અને પાપને ભસ્મ કરવાની શક્તિ ધરાવે છે.''

ઈન્દુલાલ યાજ્ઞિકે એમના જીવનમાં લાખો ગુજરાતીઓનાં મન જીતી લીધાં તે મહાગુજરાતનું આંદોલન. એમના સતત સંઘર્ષમાં વીતેલા જીવનના સૌથી વધુ સફળ દિવસો આ હતા. દ્વિભાષી મુંબઈમાંથી અલગ ગુજરાત રાજ્ય રચવાની મોરારજીભાઈને મનેકમને હા ભણવી પડી. આવી સંમતિ આખરે નહેરુને પણ આપવી પડી એ એમના સફળ નેતૃત્વનું સોનેરી પાન હતું. પણ આમ છતાં અમદાવાદની લાખોની જનતાને આખરી સલામ કરી તે દિવસે અમદાવાદની શેરીઓ અને અટારીઓમાં ઐતિહાસિક દૃશ્યો સર્જાયાં હતાં.

સમગ્ર આંદોલન સંપૂર્ણ અહિંસક રહ્યું. એટલું જ નહિ પણ ઈન્દુલાલ યાજ્ઞિક મટી ઈન્દુચાચા બન્યા અને એમણે જનતા કરફ્યુ જેવા અહિંસક શસ્ત્રનો ઉપયોગ થનગણતા યૌવનને પણ સુઝાડ્યો અને પળાયો ત્યારે ગાંધીના અહિંસક આંદોલનને ચાર ચાંદ લાગ્યા હતા.

પંડિતજીની જાહેરસભા સામે ઈન્દુચાચાને અજોડ સમાંતરસભા ભરી મહાગુજરાતના નિર્ધારની કસોટી કરવાનો નિશ્ચય જાહેર કર્યો ત્યારે એમની હિંમત માટે ઘણાને મનમાં હસવું આવેલું કારણ એ દિવસોમાં પંડિતજીને જાહેર પડકાર આપવાની કોઈએ હિંમત કરી નહોતી. લાલદરવાજાના મેદાનની પંડિતજીની સભા અને એના સામે લો-કોલેજના મેદાનની સમાંતર જાહેરસભાના બીજે દિવસે ભારતના મીડિયાએ સમાચાર પ્રસિદ્ધ કરી મહાગુજરાતની સભાને નહેરુની સભા કરતાં મોટી જાહેર કરી ત્યારે ગુજરાતની જનતાની શક્તિનો દેશને પરચો થઈ ગયો.

ખૂબીની વાત એ છે કે, ઈન્દુચાચાને કદી આ બનાવને પોતાની સિદ્ધિમાં ન ગણાવ્યો. ઊલટાનું એમણે ગુજરાતની જનતા સમક્ષ તે દિવસે શિર ઝુકાવી લડત એમ જ સ્વાભાવિક સ્વરૂપે ચાલુ રાખી. આ લડતની પરાકાષ્ઠા

મહાગુજરાતની રચનાની જાહેરાત સમયે આવીઃ કારણ ભાષાવાર પ્રાંતરચનાના ઈતિહાસમાં આવી અને આટલી અહિંસક લડત ક્યાંય નહોતી લડાઈ.

આ વિજયના દિવસે મળેલી વિરાટસભામાં સામાન્યજન પોતાના નેતાઓને ગુજરાતના મંત્રીપદે જોઈ રહ્યો હતો અને એના સવાલોની ચિઠ્ઠીઓ આવતી હતી ત્યારે જ ઈન્દુચાચાએ જાહેર કરી દીધું કે, આપણામાંથી કોઈએ પ્રધાન બનવાનું નથી. આપણું ધ્યેય પ્રધાનપદ નહિ પણ મહાગુજરાત હતું. તે મળી ગયું છે અને મહાગુજરાત જનતાપરિષદનું કાર્ય પૂરું થયું છે. વિજયની પળે, પળનાય વિલંબ વગર આવું કોણ કરી શકે ? માત્રને માત્ર ઈન્દુચાચા જેવા ફકીર નેતા.

અમારા જીવનની આ અદ્‌ભુત ક્ષણ હતી.

અનેક રાજય અને રાષ્ટ્રીય કક્ષાના આગેવાનો જોડે કામ કરવાની મને મારા ૭૦ વરસના જાહેર જીવનમાં તક મળી છે. પણ નિર્ભેળ ફકીરી જે મને ઈન્દુચાચામાં જોવા મળી એવી ભાગ્યે જ બીજામાં મળી છે. સાને ગુરુજી અમુક અંશે એમના બરોબરિયા ગણાય પણ નિર્ભેળ ફકીરી સાથેસાથ અન્યાય થતો જોવાની સાથે જ ઈન્દુચાચાના દિલોદિમાગમાં જે આગ જોવા મળતી એવી આગ બીજે જોવા નથી મળતી.

ઈન્દુચાચા બહુમુખી પ્રતિભા અને બહુમુખી શક્તિ ધરાવતા હતા અને એટલે જ એમને તાલુકદારો કે ઠાકોરોના ગણોતિયાનો જે પ્રેમ અને આદર મળતો તેવો જ પ્રેમ અને આદર એ અમદાવાદના મિલ-મજૂર પાસેથી મેળવી શક્યા. જયારે એ બોલે કે હું ફૂટપાથનો આદમી છું તો અમદાવાદમાં મહાગુજરાતના આંદોલનમાં રાતની સભાઓમાં એક સભામાંથી બીજીમાં પહોંચવાનો વખત આવતો ત્યારે અમદાવાદનો કોઈપણ રિક્ષાવાળો ઈન્દુચાચાને લઈ જવા ગૌરવભેર તૈયાર થઈ જતો.

શ્રમ, થાક કે સમય આ ત્રણમાંથી કશાની એ ભાગ્યે જ તમા કરતા. વડોદરા જિલ્લાના સંખેડા-મેવાસના ખેડૂતોને ઠાકોરોની ધૂંસરીમાંથી છોડાવવા એ અમદાવાદથી સાંજની ગાડીમાં નીકળતા, કંઈપણ વ્યવસ્થા કરી હોય ત્યાં રાતવાસો કરી સવારે વહેલી ગાડીમાં પ્રતાપનગરથી નીકળી બપોરે નેરોગેજમાં નસવાડી પહોંચતા, ત્યાં કિસાનસભાના કાર્યકરો બળદગાડું લઈને આવ્યા હોય તો નીકળી પડતા. ટૂંકું અંતર હોય તો ચલી નાંખતા. રસ્તામાં કોઈ ઝાડ નીચે બસો-ચારસો આદિવાસી ખેડૂતો ભેગા થયા હોય ત્યાં પહોંચી જતા.

અને ઉગ્રભાષામાં ઠાકોરના જુલ્મને ઝાડી નાખતા. સભા પૂરી થાય એટલે નસવાડી પાછા આવતા. આજના બસો, ટ્રકો, દુકાનો અને લારીઓ તેમજ હોટલોથી ઘેરાયેલા નસવાડીને બદલે એ જમાનામાં નસવાડી માત્ર વેરાન સ્ટેશન હતું. પાછા ફરીએ તો બપોર પૂરી થવા આવી હોય એટલે ઈન્દુચાચા એમની લાક્ષણિક ઢબે કહે, અલ્યા ! જો કોઈ ચાની લારી હોય તો- ભજિયાં ક્યાંકથી પકડી લાવ. કોઈકવાર કંઈ ન પણ મળે તો ગજવાના સીંગચણા ફાકે અને એ જ નેરોગેજમાં પાછા પ્રતાપનગર સ્ટેશન પહોંચી અમદાવાદ જતી ટ્રેન પકડે. એમની કાયમી સાથીદાર તાજ સિગારેટ હોય જ. આવા તો અનેક પ્રવાસો કર્યા હશે પણ એમનો ગણોતિયાને જમીન અપાવવાનાં ઉત્સવ કે જોમ કદી નરમ નથી પડ્યાં.

કિસાનસભાના આગેવાન એવા આ ઈન્દુચાચાએ સમય આવયે અમદાવાદના મિલ-મજૂરોનો સવાલ હાથ ધર્યો તો અમદાવાદની મિલોના ઝાંપે ઝાંપે ઘૂમી વળ્યા. અખૂટ સાધનોવાળા મજૂર મહાજનનો ભુકકો બોલાવી દીધો અને પ્રતિષ્ઠિત મહાજન ગણાતા જયકૃષ્ણ હરિવલ્લભદાસને કોંગ્રેસ (સંસ્થા) અને મિલમાલિકોનો ટેકો છતાં અપક્ષ ઉમેદવાર તરીકે હરાવી ઈન્દુચાચા લોકસભામાં પહોંચ્યા હતા. દિલ્હીમાં પણ એ વેસ્ટર્ન કોર્ટમાં રેહતા પણ એમનું મન તો ખેડૂતો કે મજૂરોના સંઘર્ષમાં રમતું. દિલ્હીની સત્તાની ગલિયારીઓએ એમના મનને કદી આકર્ષ્યું નથી.

મહાગુજરાતના ફકીર ઈન્દુચાચાને જમેણે જોયા છે એમને સપનામાં પણ ખ્યાલ ન આવે કે, આ ઈન્દુલાલ યાજ્ઞિકે એક જમાનામાં ચાર ફિલ્મો તૈયાર કરી હશે ? અથવા તો એક જમાનાની ગર્વિષ્ઠ અભિનેત્રી સુલોચનાને સિનેમાના પરદે ઉતારી હશે.

ઈન્દુચાચાનો ગુજરાતી ભાષા પર અનોખો કાબૂ હતો. એમના લાંબા ગુજરાતી પ્રવચનમાં ભાગ્યે જ અંગ્રેજી શબ્દ આવતો. પ્રવચનની ભાષા અને વિશેષણો બિલકુલ તળપદી રહેતાં. છતાં આ પ્રમાણે જયારે આયર્લૅન્ડની મુક્તિની લડાઈમાં દ'વેલેરાનો સંગાથ કર્યો ત્યારે અંગ્રેજીમાં પ્રવચન કરવામાં કશી મણા આવવા દીધી નહોતી.

ઈન્દુચાચાએ ગાંધીજી અને ઠક્કરબાપા જેવાનો પણ પ્રેમ સંપાદન કર્યો. પણ ગાંધીજીનો સંગાથ છોડ્યા પછી પણ પોતાના પ્રવચનમાં ગાંધીનો ઉલ્લેખ કરે તો લાગણીશીલ બની જતા.

**(ઈન્દુલાલ યાજ્ઞિકની નવપ્રકાશિત 'આત્મકથા'ની પ્રસ્તાવનામાંથી)**

## વૃક્ષ અને પંખી

**પ્રવીણ ગઢવી**

પંખીએ વૃક્ષને કહ્યું,
'આશરો આપ.'
વૃક્ષે કહ્યું,
'એક શરતે !'
પંખી બોલ્યું,
'બોલ !'
'તારી વાણી મને આપવી પડશે !'
પંખીએ ખુશીથી હા ભણી
ત્યારથી
વૃક્ષ ગાતાં થયાં !

(આસવલોક, ૪૬૬-૨ સેક્ટર-૧, ગાયત્રી મંદિર પાછળ,
ગાંધીનગર મોઃ ૯૯૭૯૮૯૩૯૯૦)

## ક્યાં સુધી

**કાજલ જોષી**

મંઝિલ વગર આ બધું દોડવાનું ક્યાં સુધી.
આંખમાં મિનારાં આ ખોડવાનું ક્યાં સુધી.
આવવાનાં એંધાણે નજરો ડૂકી રહી,
પાંપણોથી પ્રતિક્ષાને ગોડવાનું ક્યાં સુધી.
ઝાંઝવાના દૂરથી ચમકાર જોઈને,
હાથમાં છે તે બધું વખોડવાનું ક્યાં સુધી.
પ્રભાતે પગલાં સૌ રાતનાં ઊઠી જશે,
તોયે અંધારે નિશાનો છોડવાનું ક્યાં સુધી.
ઊગી ગઈ વસંતો એકસામટી પછી,
પાનખરને ઉદાસી સાથ જોડવાનું ક્યાં સુધી.

(મુ.બોરલા, તા.તળાજા, પો.બેલા, જિ.ભાવનગર
મો.૯૭૨૩૮૯૧૪૪૬)

## શું કરું

**દર્શક આચાર્ય**

પાંખના પીંજરપણાને શું કરું !
આભના અધ્ધરપણાને શું કરુ ?
કોઈને હું ક્યાં ઉછીના દૈ શકું,
શ્વાસના અધ્ધરપણાને શું કરું?
જો હૃદયને ભીંજવી શકતો નથી,
આંખના ઝરમરપણાને શું કરું?
સ્વપ્નમાં પણ તું મને મળતી નથી
આંખના નીંદરપણાને શું કરુ?
જો પ્રભાતે પંખીઓ ગાતા નથી,
સૂર્યના અવસરપણાને શું કરુ?

('કવિતા', ૧૦, અંકુર સોસાયટી,
નવા જંકશન રોડ, સુરેન્દ્રનગર-૩૬૫૦૦૧)

## હસી પડ્યું

**પારુલ બારોટ**

રેતની મુઠ્ઠી ખુલી મૃગજળ હસી પડ્યું.
સાવ સૂક્કી આ નદીમાં જળ હસી પડ્યું.
હું મને જો ઓળખું તો વાત છે જુદી,
આયનાની ઓથમાં પોકળ હસી પડ્યું.
હિમશિલા જેવડું આકાશ આ મઢ્યું.
મોસમી અણસાર થ્યોને છળ હસી પડ્યું
કૂંપળો કોળાઈને મ્હેકી રહી નજરં
નેવલું ભીજાયું ને વાદળ હસી પડ્યું
કણકણોથી જોતર્યું છે ખોરડું જૂનું
ભીંતના રંગો ઉડયાને તળ હસી પડ્યું

(એ-૫ ક્રિષ્ના બંગલોઝ-૨ ગણેશ એપાર્ટમેન્ટ સામે,
મોટેરા-અમદાવાદ-૫)

**અલ્પેશ પાઠક 'પાગલ'**

ખાલીપો ઘર ભરચક-ભરચક,
એક બે યાદો અઢળક-અઢળક.
જોયો મેં પણ ખરતો તારક,
મારી ઉપર છે કોને શક ?
મારામાં હું બાહર બેઠો,
તારામાં હું ઉભડક-ઉભડક.
આશા-બાશાનું એવું છે,
સ્હેજ જલે છે દિપક-બિપક.
એ પણ ક્યાં સાચું બોલે છે ?
થયો અરિસો મારો ચાહક.
'પાગલ' તો બસ અર્ધો હું છું,
નામ આખું છે એ પી પાઠક.

(અમીપ્રભા, ૧૦૧-એ, કીડવાઈનગર મેઈન રોડ, માધવ
રેસીડન્સી નજીક, રાજકોટ-૩૬૦૦૦૫)

# ભારત-બાંગલાદેશ સંબંધ

**હરિ દેસાઈ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હમણાં ઢાકા જઈ આવ્યા. બાંગલાદેશનાં વડાપ્રધાન શેખ હસીના સાથે મળીને બંને દેશો વચ્ચેના સંબંધોમાં નવી વસંત લાવવાની કોશિશ કરી હોય એવું સંયુકત નિવેદન વાંચતાં લાગ્યા વિના રહેતું નથી. છેક ૧૯૭૪માં એટલે કે ૪૧ વર્ષ પહેલાં તત્કાલીન વડાંપ્રધાન ઈન્દિરા ગાંધી અને બાંગલાદેશના એ વેળાના શાસક મુજીબ-ઉર-રહેમાન(બંગબંધુ) વચ્ચે બંને દેશોની એન્ક્લેવ-વસાહતોના આદાનપ્રદાનના થયેલા કરારને વડાપ્રધાન મોદી અને બંગબંધુનાં દીકરી શેખ હસીનાએ ઢાકામાં અમલી બનાવ્યો. ભારતનાં ૧૧૧ ગામની ૧૭,૧૬૦ એકર જમીનના સાટામાં બાંગલાદેશ ભારતને ૫૧ ગામની ૭૧૧૦ એકર જમીનની સોંપણી આવતા એક વર્ષમાં કરશે. આ કરારથી ૫૦ હજારથી વધુ લોકોની નાગરિકતાની સમસ્યાનો ઉકેલ આવશે. છોગામાં ભારત તરફથી બાંગલાદેશને બે અબજ ડોલરની આર્થિક સહાય આપીને ખુશખુશાલ કરી દેવાનું પસંદ કર્યું. સામે પક્ષે બાંગલાદેશ તરફથી ભારતના પૂર્વ વડાપ્રધાન અને ૧૯૭૧માં બાંગલાદેશના મુકિતસંગ્રામને ટેકો આપનાર જનસંઘ-ભાજપના નેતાને બાંગલાદેશ મુકિત જંગ સન્માનથી નવાજવામાં આવ્યા. મોદીએ અટલજી વતી એ સન્માનનો સ્વીકાર કર્યો. અટલજી અને પોતાને વિશે વાતો કરી, પણ એકેય વાર એ વેળાનાં વડાંપ્રધાન ઈન્દિરાજીને યથોચિત અંજલિ આપવાનું પસંદ ના કર્યું. બે દિવસની મોદીની ઢાકા મુલાકાત બંને દેશો વચ્ચેના સુમધુર સંબંધોને મજબૂત કરીને નોબેલ પારિતોષિક મેળવવા ભણીની કવાયત હોય એવું વધુ લાગ્યું. વડાપ્રધાનની વેબસાઈટ પર બંગબંધુ કન્વેન્શન સેન્ટરમાં તેમણે આપેલા લાંબા પ્રવચનની શબ્દશઃ નોંધમાં નોબેલ પારિતોષિકનો ઉલ્લેખ આવે છે ! બાંગલાદેશનાં પૂર્વ વડાંપ્રધાન બેગમ ખાલેદા ઝિયાને વડાપ્રધાન મોદી મળ્યા ખરા, પણ એની ઝાઝી નોંધ ના લેવાઈ.

સપ્ટેમ્બર ૨૦૧૧માં તત્કાલીન વડાપ્રધાન ડૉ.મનમોહનસિંહ બાંગલાદેશના પ્રવાસે ગયા ત્યારે એમની સાથે જોડાવાનો સાફ ઈનકાર કરનારાં પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજી આ વખતે વડાપ્રધાન મોદી સાથે ઢાકા મુલાકાતમાં જોડાયાં. મોદી વિદેશો સાથેના સંબંધો સુધારવાના અભિયાનમાં પણ ઘરઆંગણાના રાજકારણને કેન્દ્રસ્થાને રાખતા હોવાનું અહીં જોવા મળે છે.હિંદીમાં બોલવાનું હોય ત્યારે મોદી બરાબર ખીલે છે. રાજદ્વારી મુલાકાતોની સંયમીભાષા હજુ એમને ગોઠતી નથી. એમના પ્રવચનમાં વડનગરથી દિલ્હી સુધી બાંગલાદેશના ટેકાના સત્યાગ્રહના સત્યાગ્રહીની કથા પણ આવે અને પોતે એ વેળા અટલજીના નેતૃત્વમાં જનસંઘે કરેલા સત્યાગ્રહમાં જોડાયાની વાતથી લઈને છેક ૧૯૯૮ માં પોતે રાજકીય કાર્યકર્તા બન્યાની વાત પણ એ છેડે છે : ‘‘એક બાત જો શાયદ મૈંને પહેલે કભી બતાઈ નહીં હૈ વો મુઝે આજ બતાતે હુએ જરા ગર્વ હોતા હૈ. મૈં રાજનીતિક જીવનમેં તો બહુત દેર સે આયા. ૯૮ કે આખિરી-આખિરી કાલખંડ મેં આયા.’’ (ઢાકામાં વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઈ વાત કરી રહ્યા હોય ત્યારે માર્ચ ૧૯૯૫માં ભાજપી મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના સમયગાળામાં એમની ભાજપી જવાબદારીને વીસારે પાડતા લાગે છે!) બાંગલાદેશે ‘બંગબંધુ સેટેલાઈટ’ છોડવાની વાત કરી તો ‘પાસ-પાસ કરતાં સાથ-સાથ’ની અનુભૂતિ કરતાં વડાપ્રધાન મોદીએ ૨૦૧૬ માં ‘સાર્ક સેટેલાઈટ’ છોડવાની વાત કરી. બાંગલાદેશના મહિલા સશકિતકરણ પર મોદી વારી જાય છે. એ કહે છે કે ‘‘યહાં કે પુરૂષો કો કભી ઈર્ષ્યા આતી હોગી કિ પ્રધાનમંત્રી(શેખ હસીના)મહિલા, સ્પીકર(ડૉ.શીરીન ચૌધરી)મહિલા, વિપક્ષ કી નેતા(રોશન ઈર્શાદ) મહિલા, ઓપોઝિશન પાર્ટી કી લીડર(ખાલેદા ઝિયા) મહિલા હૈ ઓર યહાં કી પ્રો-વાઈસ ચાન્સેલર મહિલા હૈ, યે સુનકર કે ગર્વ હોતા હૈ.. મુઝે ખુશી કી બાત હે કિ બાંગલાદેશ કી પ્રધાનમંત્રી મહિલા હોને કે બાવજૂદ ભી ડંકે કી ચોટ પર કહ રહી હૈ કિ ટેરરિઝમ કે સંબંધ મેં મેરા ઝીરો ટોલરન્સ હૈ.. યુએન સિકયોરીટી કાઉન્સિલ મેં અભી ભી હિંદુસ્તાન કો જગહ નહીં મિલી હૈ . પરમેનેન્ટ મેમ્બરશિપ નહીં મિલ રહી હૈ..’’ બંને દેશોમાં શાંતિના જતન માટે મોદીએ ગૌતમ બુદ્ધનો આલાપ ચાલુ રાખ્યો અને બાંગલાદેશમાં બુદ્ધિસ્ટો પર અત્યાચાર થતા હોવા છતાં સરકારી ધોરણે બુદ્ધિસ્ટ

**ઢાકા-દિલ્હીના ઈલુ-ઈલુમાં બાંગલાદેશી ઘૂસણખોરો વીસરાયાઃ વાજપેયી શાસનમાં ગૃહમંત્રી લાલકૃષ્ણ આડવાણીએ સંસદમાં કહ્યું હતું કે દેશમાં દોઢ કરોડ બાંગલાદેશી ગેરકાયદે વસે છે**

સર્કિટ શરૂ કરવાની વાત થઈ. બાંગલાદેશનો માલ ભારતમાં વેચાય એવું અપેક્ષિત માનનાર વડાપ્રધાન મોદી બાંગલાદેશમાં રિલાયન્સ અને અદાણીનાં વીજ ઉત્પાદક એકમો સ્થાપવાના કરાર પણ કરે છે. વિદાય થતાં પૂર્વે એ કહે છે કે ''ખુશી કી બાત હૈ કિ આપકે પ્રધાનમંત્રીજી ઔર મેરી સોચ પરફેક્ટલી મેચ હોતી હૈ. હમારે દિમાગ મેં એક હી વિષય હૈ, વિકાસ, વિકાસ, વિકાસ. ઉનકે દિમાગ મેં ભી એક હી વિષય હૈ, વિકાસ, વિકાસ, વિકાસ.'' સોનાર બાંગલાથી એ પ્રભાવિત છે.

વડાપ્રધાન શેખ હસીનાને ભારત આવવાનું નિમંત્રણ આપવાની સાથે જ મોદીએ ફરીને બાંગલાદેશની મુલાકાત લેવાની ઈચ્છા પણ જાહેર કરી દીધી. આરોંગની મુલાકાત લેવી છે. નોઆખલી જઈને મહાત્મા ગાંધીના

**મે ૨૦૧૪ માં ચૂંટણી પ્રચારમાં નરેન્દ્ર મોદીએ ભારતમાં વસતા બાંગલાદેશી ઘૂસણખોરોને તગેડી મૂકવાનો સંકલ્પ કર્યો હતો**

મ્યુઝિયમને, બાપુના આશ્રમને જોવો છે. કુટિબાડી અને ઠાકુરબાડી જોવું છે. મોદી બાંગલાદેશ પર આટલા બધા કેમ વારી ગયા છે એ આગામી દિવસોમાં સમજાશે, પણ આ વેળા તિસ્ટા જળ કરાર થઈ શક્યા નહીં. જો કે એ વિશે એમણે આશાવાદ જરૂર બંધાવ્યો છે.

અત્યાર સુધીની વાત સોનેરી સ્વપ્ના જેવી લાગે, પણ ભારત અને બાંગલાદેશ એટલે કે અગાઉના પૂર્વ પાકિસ્તાનવિષયક વરવી વાસ્તવિકતા અને ભારતને કનડતા પ્રશ્નોની વાત છેડયા વિના સોનેરી સ્વપ્નાં કેટલાં બોદાં છે એનો અંદાજ આવી શકે નહીં. બાંગલાદેશની દસમી સંસદની કુલ ૩૫૦ બેઠકોમાંથી ૨૭૩ બેઠકો શેખ હસીનાની બાંગલાદેશ અવામી લીગે જીતેલી છે. વિપક્ષનાં નેતા જાતીય પાર્ટીનાં બેગમ રોશન ઈર્શાદના પક્ષને ફાળે માંડ ૪૨ બેઠકો છે. વર્ષ ૨૦૧૪ની ચૂંટણીનો પૂર્વ વડાંપ્રધાન બેગમ ખાલેદા ઝિયાની બાંગલાદેશ નેશનાલિસ્ટ પાર્ટીએ બહિષ્કાર કર્યો હતો.

ભારતમાં લોકસભાની મે ૨૦૧૪માં યોજાયેલી ચૂંટણીમાં સ્વયં વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે ભાજપી નેતા અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ઊઠાવેલા સવાલો વડાપ્રધાન બન્યા પછી એમણે કેમ વીસારે પાડયા એવો સવાલ ગુવાહાટી(આસામ)ના અંગ્રેજી દૈનિક 'ધ સેન્ટિનલ'ના ૧૦ જૂન ૨૦૧૫ના અંકમાં દસ વાકયોના જ તંત્રીલેખમાં કરવામાં આવ્યો. અત્રે એ યાદ રહે કે 'ધ સેન્ટિનલ' દૈનિક ભાજપસમર્થક મનાય છે, છતાં એણે લખેલા તંત્રીલેખનું મથાળું હતુંઃ ''વ્હાય ફરગેટ ધ માયગ્રન્ટસ?''

બાંગલાદેશની બે દિવસની મુલાકાતે જઈને ઢાકા પર વારી ગયેલા વડાપ્રધાન મોદી હજુ એક વર્ષ પહેલાંની ચૂંટણીના પ્રચારમાં ભારતમાંના એક કરોડ કરતાં વધુ બાંગલાદેશી ઘૂસણખોરોને તગેડી મૂકવાની ખાતરી આપતા હતા. એકવાર વડાપ્રધાન થયા કે આ મુદ્દો એમનાથી ભૂલાઈ ગયો. એમણે એ વાતને પણ વીસારે પાડી દીધી છે કે બાંગલાદેશ ભારતના આતંકવાદીઓને રક્ષણ આપે છે અને એના પ્રદેશમાં આતંકવાદી અડ્ડા ચલાવાય છે. બાંગલાદેશની બે દિવસની મુલાકાત દરમિયાન સત્તાવાર રીતે વડાપ્રધાન મોદીને બધું રૂડુંરૂપાળું લાગ્યું ભલે હોય, એમની સાથેની મુલાકાતમાં બાંગલાદેશ નેશનલ પાર્ટી(બીએનપી)નાં અધ્યક્ષા અને પૂર્વ વડાંપ્રધાન બેગમ ખાલેદા ઝિયાએ કહેલા શબ્દો કે 'બાંગલાદેશમાં લોકશાહી ગેરહાજર છે' એ ચિંતાજનક છે.બે-તૃતીયાંશ કરતાં વધુ બહુમતી સાથે સત્તારૂઢ અવામી લીગ પાર્ટીનાં શેખ હસીના વડાપ્રધાન છે.જયારે જાતીય પાર્ટીનાં વડાં રોશન ઈર્શાદ સંસદમાં વિપક્ષી નેતા છે.

જે જમીન સરહદ કરાર(એલબીએ) કરીને મોદી હરખ કરી રહ્યા છે એ જ કરાર કોંગ્રેસના વડપણવાળી યુપીએ સરકારના વડાપ્રધાન ડૉ.મનમોહનસિંહ ૨૦૧૧માં કરવા ઈચ્છતા હતા ત્યારે સંસદમાં મોદીની જ ભારતીય જનતા પાર્ટીએ એ સામે વિરોધ નોંધાવી સહકાર આપ્યો નહોતો. એ જ કરાર માટે જરૂરી બંધારણીય સુધારા માટે સંસદમાં મોદી સરકારે કોંગ્રેસ સહિતના પક્ષોનો ટેકો મેળવ્યો અને હવે 'ભારતીય સુરક્ષા મજબૂત કરવા અને બાંગલાદેશમાંથી ગેરકાયદે ઘૂસણખોરી રોકવા માટે' આ કરાર કરાઈ રહ્યાનું વડાપ્રધાન મોદી જાહેર કરે છે. જો કે એમની ઢાકાની બે દિવસની મુલાકાત દરમિયાનનાં નિવેદનો અને વ્યાખ્યાનોમાં માત્ર એક જ વાકય અમોને જોવા મળ્યું કે 'ઈલલિગલ મૂવમેન્ટ જો હોતા હૈ, ઉસકે કારણ ભારત મેં ભી કઈ રાજયો મેં તનાવ પૈદા હોતા હૈ. હમને દોનોંને મિલકર કે ઈસકી ચિંતા વ્યકત કી.' વડાંપ્રધાન શેખ હસીના સાથે વડાપ્રધાન મોદીએ કેવા પ્રકારની ચિંતા વ્યકત કરી કે બાંગલાદેશ-ભારત વચ્ચે થયેલા કરારોની વિગતો કેવી છે તે જાહેર કરવાની માગ ભારતમાં અને બાંગલાદેશમાંથી પણ ઊઠી છે.

ભારતનાં વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીએ પૂર્વ પાકિસ્તાનને બાંગલાદેશમાં રૂપાંતરિત કરવામાં કરેલા યોગદાન માટે તત્કાલીન વિપક્ષી સાંસદ અટલ બિહારી વાજપેયીએ ઈન્દિરાજીને મા દુર્ગા સાથે સરખાવતાં સંસદમાં તેમને બિરદાવ્યાં હતાં. જો કે આ વિશે વિવાદ થયો ત્યારે સંસદના રેકર્ડમાં અટલજીએ ઈન્દિરાજીને મા દુર્ગા ગણાવ્યાં હોવાનું નોંધાયાની ચર્ચા ખૂબ ચાલી હતી. રાજપુરુષ(સ્ટેટ સ્ટેટ્સમેન) વાજપેયી વિદેશ નીતિની બાબતમાં ઈન્દિરા ગાંધીને ટેકો આપે એ સ્વાભાવિક હતું. જો કે સ્વતંત્ર બાંગલાદેશ બન્યા પછી સમયાંતરે એ ઈસ્લામી કટ્ટરવાદથી પ્રભાવિત બન્યો અને પાકિસ્તાનની જેમ જ ભારતમાં આતંકવાદની નિકાસ કરનાર દેશ બન્યો હતો. છાસવારે ભારતીય સૈનિકોનાં માથા વાઢી નાંખવાની બાંગલા રાયફલ્સની હરકતો અજાણી નથી. બાંગલાદેશમાં લઘુમતી એટલે કે હિંદુ, બૌદ્ધ અને ખ્રિસ્તીઓની કનડગતના અહેવાલો અને વટાળપ્રવૃતિ વિના રોકટોક ચાલી રહ્યાનું સુવિદિત છે. બાંગલાલેખિકા તસલીમા નસિરને એટલે જ ભારતમાં આશ્રય લેવો પડે છે. અત્યારે સ્વિડિશ નાગરિક એવી તસલીમાએ મોદીની ઢાકા મુલાકાત પહેલાં જ અમેરિકા ભણી ઉચાળા ભરવા પડે એટલી અસલામતી એને કોલકાતામાં અનુભવાતી હતી. વડાપ્રધાન બન્યા પહેલાં મોદીએ તસલિમાના ટેકામાં નિવેદનો કર્યા હતાં. હવે એ મૂકપ્રેક્ષક છે. કેન્દ્રમાં કોંગ્રેસના નેતૃત્વવાળી સરકાર હોય કે આઈ.કે. ગુજરાલની સરકાર, ભારતીય જનતા પાર્ટી અને એની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ) થકી કાયમ બાંગલાદેશી ઘૂસણખોરો વિરુદ્ધ કાગારોળ મચાવાઈ છે. જો કે કેન્દ્રમાં ભાજપના નેતૃત્વવાળી મોદી સરકાર આવ્યા પછી બાંગલાદેશી ઘૂસણખોરોની વાતનો ઉપાડો શાંત પડયો છે. હકીકતમાં વાજપેયીના નેતૃત્વવાળી એનડીએ સરકારના ગૃહમંત્રી લાલકૃષ્ણ આડવાણીએ સંસદમાં માહિતી આપી હતી કે ભારતમાં દોઢ કરોડ બાંગલાદેશી ઘૂસણખોરો ગેરકાયદે વસવાટ કરે છે. ડૉ.મનમોહન સિંહના નેતૃત્વવાળી ભારત સરકાર યુપીએ-૧ના ગૃહ રાજયમંત્રી શ્રીપ્રકાશ જયસ્વાલે સંસદમાં બાંગલાદેશી ઘૂસણખોરોનો ઉપરોક્ત આંકડો પોણા બે કરોડનો હોવાનું જણાવ્યું હતું. આસામમાં ભાજપ અને અહોમ ગણ પરિષદ બાંગલાદેશી ઘૂસણખોરોના મુદ્દે ચૂંટણી લડતા રહ્યા છે. બાંગલાદેશી ઘૂસણખોરોને તેમના દેશની સરહદ સુધી તગેડવાનો સંકલ્પ કરીને આજ લગી જો કોઈએ સક્રિય અભિયાન આદર્યું હોય તો મહારાષ્ટ્રના ૧૯૮૦-'૮૧ના ગાળામાં કોંગ્રેસી મુખ્યમંત્રી રહેલા અબ્દુલ રહેમાન અંતુલેએ. કમનસીબે એ વેળા મુંબઈ હાઈકોર્ટે માનવ અધિકારના મુદ્દે અંતુલેના અભિયાનને બંધ કરાવ્યું હતું, અન્યથા મુંબઈની ફૂટપાથો પર કબજો જમાવીને બેઠેલા બાંગલાદેશી ઘૂસણખોરોને બાંગલાદેશની સરહદ સુધી મૂકી આવવા અંતુલે સરકારે ટ્રકોની વ્યવસ્થા પણ કરી દીધી હતી. હજુ થોડા વખત પહેલાં જ ૮૭ વર્ષની વયે અંતુલેનું મુંબઈમાં અવસાન થયું હતું.

લોકસભાની છેલ્લી ચૂંટણી માટે પશ્ચિમ બંગાળમાં ભાજપના ઉમેદવારો માટે પ્રચાર કરતાં એ વેળાના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ કેન્દ્રમાં ઈન્દરકુમાર ગુજરાલ વડાપ્રધાન હતા એ ગાળાના એટલે કે ૧૯૯૭-'૯૮ના કેન્દ્રીય ગૃહમંત્રી ઈન્દ્રજિત ગુપ્તા(સીપીઆઈ)એ સંસદમાં ૬ મે ૧૯૯૭ના રોજ આપેલી માહિતી ટાંકવાનું પસંદ કર્યું હતું.

**મહારાષ્ટ્રના કોંગ્રેસી મુખ્યમંત્રી અબ્દુલ રહેમાન અંતુલેએ સાડા ત્રણ દાયકા પહેલાં બાંગલાદેશીઓને પાછા કાઢવા અભિયાન છેડયું હતું**

એ મુજબ ભારતમાં એક કરોડ કરતાં વધુ બાંગલાદેશી ઘૂસણખોરો હોવાનું કહ્યું હતું. ''અહીંના લોકોને તો નોકરી ધંધો મળતો નથી પણ બાંગલાદેશી જે ઘૂસણખોરો આવે છે તેમને માટે લાલ જાજમ પાથરવામાં આવે છે'' એવું કહીને મોદીએ તેમને પાછા તગેડવાનું એલાન કર્યું હતું. જો કે બાંગલાદેશી ઘૂસણખોરોને મોદી બે ભાગમાં વહેંચે છે: ''ઘૂસણખોર(મુસ્લિમ) અને નિરાશ્રિત(હિંદુ). નિરાશ્રિતો તો આપણા પરિવારના છે. અહીં તેમને ગુજરાત કે રાજસ્થાનમાં વસાવવા એ ભારતના સૌની જવાબદારી છે.'' વડાપ્રધાન બન્યા પછી બાંગલાદેશી ઘૂસણખોરોને પાછા તગેડવા કે નિરાશ્રિત હિંદુઓને વસાવવાની બાબતમાં મોદીની બોલતી બંધ થયાનું અનુભવાય છે, પરંતુ વાજપેયી શાસનમાં પણ આસામ સહિતના પ્રદેશોમાંથી પાછા તગેડાયેલા બાંગલાદેશી ઘૂસણખોરોનો આંકડો માંડ બે હજારનો જ હતો. એની સામે દેશમાં બે કરોડ બાંગલાદેશી ઘૂસણખોરો વસે છે. આ આંકડો નિરંતર વધતો રહે છે.

(નિયામક : સરદાર પટેલ સંશોધન સંસ્થા-સૅરલિપ, સીવીએમ બંગલો-૧૮, ભાઈકાકા લાઈબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮૧૨૦ જિ.આણંદ.)

॥ અભ્યાસ ॥

## સહજાનંદ સ્વામી અને અરદેશર કોટવાળ

**અરુણ વાઘેલા**

**પ્રસ્તાવના :-**

સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રવર્તક સહજાનંદ સ્વામી મધ્યયુગના અંત અને અર્વાચીન યુગના આરંભ સમયનું એક વિરાટ વ્યક્તિત્વ હતા. તેમના જીવન અને કાર્યને સમાજવિજ્ઞાનીઓએ વિવિધ દૃષ્ટિકોણથી પ્રમાણ્યું છે. છતાં આંતરધર્મીય અને સાંસ્કૃતિક સમન્વયની દિશામાં તેમના કર્તૃત્વો વિશે પ્રર્યાપ્ત સંશોધનો થયાં હોવાનું જણાતું નથી. આવી એક ખાલી જગ્યા પૂરવાનો અત્રે ઉપક્રમ છે.

પ્રસ્તુત શોધપત્રમાં સહજાનંદ સ્વામી અને સુરતના અરદેશર કોટવાળ વચ્ચે યોજાયેલી મુલાકાતના સાંસ્કૃતિક સમન્વયના સંદર્ભમાં વિચાર કરવામાં આવ્યો છે. શોધપત્રને ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવ્યો છેઃ

(૧) અરદેશર કોટવાળ : પરિચય

(૨) સહજાનંદ સ્વામી અને અરદેશર કોટવાળ વચ્ચેની મુલાકાત (૧૮૨૩)

(૩) બંને મહાનુભાવોની મુલાકાતનો સાંસ્કૃતિક સંદર્ભ

હવે એના વિશે વિસ્તારથી જોઇએઃ

**(૧) અરદેશર કોટવાળઃ પરિચય**

ભારતીય ઈતિહાસ અને સંસ્કૃતિ વિવિધધર્મી, સંપ્રદાયીઓના પ્રદાનથી રળિયાત થયેલાં છે.

તેમાં પારસીઓ ભારતમાં અંદાજે એક હજાર વર્ષનો ઈતિહાસ ધરાવે છે. ભારતની અન્ય કોમો કરતાં more open community તરીકે પ્રસિદ્ધ છે. તેમની ઘટતી સંખ્યા વિશે સંયુક્ત રાષ્ટ્રસંઘ પણ ચિંતા કરી રહ્યું છે. સંખ્યાબળ ઓછું પણ તેજસ્વીતા વધુ ધરાવતી આ કોમે દેશને અનેક મહાનુભાવો આપ્યા છે. ઉદા. તરીકે રાજકારણમાં ફિરોઝશાહ મહેતા, આર્થિક ક્ષેત્રે જમશેદજી તાતા, ગાંધીવાદી કાર્યકર તરીકે મીઠુબહેન પીટીટ પત્રકારત્વના ક્ષેત્રે ફર્દુનજી મર્ઝબાન, સાહિત્યના ક્ષેત્રે અરદેશર ખબરદાર વગેરે. આ શૃંખલામાં અરદેશર ધનજીશાહ કોટવાળ પણ કીર્તિવંત પારસી ગૃહસ્થ હતા. તેઓ મરાઠા સમયનો અંત બ્રિટિશ સત્તાના આરંભના ચશ્મેદીદ ગવાહ હતા. રાજધર્મી, લઘુમતી અને સમન્વયવાદી પારસી કોમના તેઓ પ્રતિનિધિ હતા. તેમની સહજાનંદ સ્વામી સાથેની મુલાકાત અને પરિણામે રચાયેલી સાંસ્કૃતિક સમન્વયના મુખ્ય મુદ્દા પર જતાં પહેલાં અરદેશરના પૂર્વજો અને તેમની વ્યકિતગત કારકિર્દી તપાસીએ અરદેશર કોટવાળની આધારભૂત તવારીખ તેના ૧૭મા સૈકામાં થઇ ગયેલાં પૂર્વજ શોરાબજી ને કસાતખાન (ઇ.સ.૧૬૯૭-૧૭૭૨) થી શરૂ થાય છે. તેઓએ દિલ્હીના શહેનશાહનું શાહી ઘડીયાળ દુરસ્ત કર્યું હતું. તેનાથી તેમને અનેક માન અકરામો પ્રાપ્ત થયા હતા. ૧૭૫૯માં સુરતમાં બ્રિટિશ હકૂમત સ્થપાઇ ત્યારે દિલ્હી સલ્તનતે નેકસાતખાનને સુરતના એજન્ટ માટે પહેરામણી આપવા નિયુક્ત કર્યા હતા. ત્યારથી શરૂ કરી બરજોરજીના બેટા ધનજીશાહ (અરદેશરના પિતા) (૧૭૭૦-૧૮૧૦) સુધી સુરતમાં આ કુટુંબનું માનવંતુ સ્થાન રહ્યું હતું. ધનજીશાહના બે પુત્રો પીરોજશાહ (૧૭૮૬-૧૮૮૩) અરદેશર (૧૭૯૬-૧૮૫૬) હતા.

ધનજીશાહના તે પુત્રો નામે પીરોજશાહ અને અરદેશરની કેળવણીનો પ્રબંધ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ કર્યો હતો, નોકરીમાં લીધા અને કોટવાળનો હોદ્દો આપ્યો હતો. (પારેખ-૧, પૃ. ૨૧૪) તેમના ચરિત્રકાર ધનબાઇ વાડિયાએ નોંધ્યું છે કે અરદેશર રોબવંતા, દમામદાર તેમજ પોતાના કામમાં સખત રહેતા (ધનબાઇ,પૃ.૧૧) અરદેશરના પહેલા ચરિત્રકાર બે એ (૧૮૭૨) નોંધ્યું છે કે અરદેશર નો દેખાવ ઘણો રોબદાર હતો. તે કદમાં ૬'' ફુટ ઊંચા, ભરેલા અને કદાવર માણસ હતા, એમનું કપાળ ઊંચું ને વિશાળ હતું નાહની તીણી આંખીઓ ખુલ્લું ઊઠાવદાર નાક, નીચલો હોઠ પાછળ હઠતો, ને ગોળ,બાહર પડતી ઠુંઠી એટલા ચિહ્નોમાં જ અરદેશરના સ્વાભાવિક ગુણો દેખાઇ આવતા હતા. એમની ચામડી બહુજ ગોરી ને મોહ પર સીતલાના જીણા ચાંથા હતા.''(બે.પૃ.૭૨) શારીરિક દેખાવની જેમ તેમનો સ્વભાવ પરોપકાર,દાનશીલતા પણ તેમનાં ચરિત્રકારોએ દર્શાવ્યા છે. તેમનો દોર દમામ અને ઠાઠમાઠ બાદશાહી પ્રકારનો હતો. તે ખર્ચ પણ મ્હોરો રાખતો અને દિલનો બહુ દિલાવર હતો, એટલે સુધી કે કોઇ તેને બારણે સાદ પાડતો આવે તે કદી ખાલી હાથે જતો નહિ, તેથી એક સખી પુરુષ તરીકે તેની કીર્તિ બહોળી પામેલી હતી. (બે, પૃ. ૨૧૯)

અરદેશરનું કોટવાળ તરીકે એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ સુરત વિસ્તારમાં શાંતિ,વ્યવસ્થા જાળવવામાં હતી. સુરતમા ચોર લુંટારા વગેરેનો ત્રાસ તેમણે કુનેહપુર્વક કાઢયો હતો. સુરતમાં ડાંડિયાની પ્રથા પણ આજ હેતુથી

તેમણે ચાલુ કરી હતી. આ પ્રથા પરથી કવિ નર્મદે ૧૮૬૪માં 'ડાંડિયો' નામનું સાપ્તાહિક શરૂ કર્યુ હતું. અરદેશરની સૂઝબૂઝ અને કાર્યપદ્ધતિ ને લઇ તેઓએ અનેક માનવંતા હોદ્દાઓ, ઈનામો પ્રાપ્ત કર્યા હતાં. ઉદા. તરીકે ૧૮ જાન્યુ ૧૮૨૬ના રોજ અંગ્રેજ એજન્ટનો ખિતાબ તથા પાલકી ભેટ, ૨૨ ડિસે. ૧૮૨૯ના રોજ મુંબઇના ગર્વનર સર જોન માલ્કમના હસ્તે દરબાર ભરી કીમતી ખેલાત તથા સોનેરી સાજનો એક ઘોડો તથા રૂ ૩ હજારની ૩ વાર્ષિક પેદાશવાળા ચાર ગામો જાગીર તરીકે ભેટ આપ્યા. ૧૪ ડિસે. ૧૮૩૦ ના રોજ સુરતના મ્યુ કમિશનર મિ. જેન્સ સંડર લેન્ડે દરબાર ભરી ચાંદ આપ્યો હતો. (ધનબાઇ પૃ. ૭૮) આમ અરદેશર પોતાના કુનેહ, કોઠાસૂઝ અને બ્રિટિશ ભકિત ને કારણે સુરતના જાહેર જીવનમાં મોભાનું સ્થાન પામ્યા હતા. જેની નોંધ તો 'Cities of Gujarat'ના કર્તા એ પણ લીધી હતી.તેમણે નોંધ્યું છે કે "Among the native of western India he (Ardasir) stands alone for his abilities his enegry, and his unwearied zeals for the government he, served The country which gave him birth and his country men refuge in exile (B,પારેખ,૧ પૃ. ૨૧૨) તેમને તેમના સમયના great man of his age તરીકે નવાજવામાં આવતા હતા. સુરત શહેરના પારસીઓમાં તો પારસીઘરોમાં શુભ પ્રસંગે અરદેશર કોટવાળનો ગરબો ગવડાવવામાં આવતો હતો. જેના શબ્દો આવા હતા.

આવો સરવે મલી સંગાત શહેરે સીતારો જન્મીઓ
તેની હરખે કરો સઉ યાદ શહેરે સીતારો જન્મીઓ
(ધનબાઇ પૃ.૧૫)

તેમને કોટવાળ, સદર અમીન તથા નેટીવ એજન્ટનો એમ ત્રણ દરજજા એક સામટા મળ્યા હતાં. આવી જવલંત આર્થિક અને જાહેર જીવનની કારકિર્દી ધરાવનાર અરદેશરનો અંતકાળ ઘણો કરૂણ રહ્યો હતાં. તેમના ઊંચા જીવન ધોરણ બાદશાહી વૈભવ વિલાસને કારણે દેવાદાર બન્યા હતા. દેવામા ડુબી ગયા, લેણદારોના ત્રાસથી બચવા હવાફેર કરવા ડુમસ ગયા પણ માંદગી વધતાં સુરતમાં આવ્યા. જયાં તેમનુ ૧૫ મી ફેબ્રુ ૧૮૫૬ના રોજ ૬૦ વર્ષની ઉંમરે અવસાન થયું હતું. (રતન માર્શલ પૃ. ૯૫) મૃત્યુ વખતે તેમના પર નવ લાખનુ દેવુ હતું. લેણદારોએ તેમની જમીન જાગીર જપ્ત કરી લેતાં તેમના કુટુંબની હાલત ઘણી કફોડી થઇ હતી. તેમના વિધવાને ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ૧૫૦ રૂપિયા માસિકનું પેન્શન બાંધી આપ્યું હતું (બે, પૃ. ૭૨) તેમને ૧૭ સંતાનો હતા. તેમાંથી તેમના મૃત્યુ સમયે માત્ર એક જ (જહાંગીરશા, ૧૮૩૫-૧૮૫૯) હયાત હતા.૩ ઓગસ્ટ ૧૯૪૨ના રોજ સુરતમાં એન્ડ્રુસ લાઇબ્રેરીથી લઇ અઠવાની પોલીસ ચોકી સુધીના માર્ગને અરદેશર કોટવાળ રસ્તો નામાભિધાન કરી તેમના નામ અને કામનું ગૌરવ કરવામાં આવ્યું હતું. (રતન માર્શલ, પૃ. ૧૧૪-૧૧૫)

**(૨) સહજાનંદ સ્વામી અને અરદેશર કોટવાળની મુલાકાતઃ**

સહજાનંદ સ્વામી અને અરદેશર કોટવાળ સમકાલીન હતા. સ્વામીજી સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રચાર અર્થે ધર્મયાત્રાઓ કરતા રહેતા હતા. આ સમયે સુરતમાં વલ્લભાચાર્ય પ્રેરિત પૃષ્ટિમાર્ગનો દબદબો હતો. આ વાતાવરણમાં તેઓ ચુસ્ત પધાર્યા હતા. ધનબાઇ વાડીયાએ નોંધ્યું છે.[૪] કે સુરતના કેટલાક લોકોની ખાયશ મહારાજને સુરત બોલાવવાની થવાથી તેઓ સુરત પધાર્યા. અને તે વખતના નામાંકિત હાકેમ અરદેશર કોટવાળે તેને ઘણી કિંમતી મદદ કરી હતી. (ધનબાઇ, પૃ. ૮૩-૮૪)

સ્વામી સહજાનંદજી સંવત ૧૮૨૩ માં સુરત આવેલા ત્યારે પ્રથમ શહેર બહાર રૂસ્તમ બાગમા ઉતારો કર્યો હતો. એમને મળવાને અરદેશર સામા ગયા અને ત્યારે ધામધૂમ અને દોરદમામથી શહેરમા તેડી લઇ આવ્યા. ભક્ત કવિ નિષ્કુલાનંદજી સ્વામીજીના સમકાલીન શિષ્ય હતા તેમણે સંત અને કોટવાળના આ પ્રથમ મિલનનું વર્ણન ભકત ચિંતામણી નામના પોતાના કાવ્યગતમાં કર્યુ છે. તેની કેટલીક પંકિતઓ જોઇએ.:

'એમ કરતા વીતી ઘડી ચાર, આવ્યો સામો શહેર સરદાર
તેનુ નામ અર્દેશજી છે, અતિ ડાયો જાતે પારસી છે.
આવી લાગ્યો પ્રભુજીને પાય, નિખી હખ્યો અતિ મનમાંય
પછી અલબેલો અઢળ ઢળ્યા, નાથ બાથ ભરી તેને મલ્યા.'
(રતન માર્શલ પૃ. ૬૩)

બંને મહાનુભાવોની પ્રથમ મુલાકાતે પરસ્પરનું પોત પીછાણ્યુ હતું સ્વામીજીના ઉપદેશ પ્રવચનની અરદેશર પર ગાઢ અસર થઇ હતી. ઉભય પક્ષે અરદેશરના સદ્‌ગુણી વ્યક્તિત્વની અરદેશર પર મજાની છાપ પડેલી ધનબાઇએ નોંધ્યું છેકે વલ્લભાચાર્ય પંથના મહારાજ તે વખતે આ નવા પંથના આચાર્ય શ્રી સહજાનંદની ઘણા વિરૂદ્ધ હતા અને ઘણા બધા લોકોએ

સહજાનંદને ઘણી હરકતો કરી પણ અરદેશજી બહાદુર હંમેશાં સહજાનંદની તરફમાં રહ્યા અને એમના સેવકોમાં ઘણો મોટો વધારો થયો.(ધનબાઇ પૃ.૮૪) સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રર્વતક સહજાનંદ સ્વામીનું અરદેસરના ત્યાં જવું એ વલ્લભ સંપ્રદાય માટે કોઇ ચિંતાનું કારણ બન્યું હતું તેને ધનબાઇ વાડિયાએ કવિતમાં ઊતાર્યુ છે.

'એવામાં કોઇ એક ને અદેખાઇ
કાગલ વરગાડયું છે નીંદા લખાઇ
સ્વામીએ આપ્યો અરદેશરજીને હાથ
ઉખેડીને વાંચે છે બંને જણા સાથ
વાંચતાની સાથે અરદેશર તતકાલ
સ્વામી ને કહે છે કે કરૂ તેના હાલ
પણ અરદેશરને રોકી ને સ્વામી તો કહે.

જવાનો પાપીઓ ભોગવસે કર્યુ તેહ
સ્વામી સાથે અરદેશર ને પ્રીત છે હે તે
સ્વાનીના ધરમને વધાર્યો શેઠે'
(ધનબાઇ, પૃ.૮૫)

આ પંક્તિઓ સહજાનંદ સ્વામી અને અરદેશરના સ્વભાવને હૂબહૂ પ્રતિબિંબિત કરે છે. સહજાનંદ ભક્ત અરદેશર સ્વામી વિશે લખનાર સામે બદલો લેવાનું કહે છે તો સહજાનંદ એક સાચા ધર્મપ્રર્વતકમાં હોવો જોઇતો દ્દષ્ટિકોણ દાખવી પાપીઓના બક્ષવાની કર્મોની સજા ભોગવશે તેમ કહે છે. સ્વામી અને ભક્ત વચ્ચેના આ સંબંધની વાત અહીં જ પૂરી થઇ જતી નથી. માગસર સુદ ત્રીજ ને સંવત ૧૮૮૧ રોજ સહજાનંદ સ્વામીએ સુરતથી પ્રયાણ કર્યુ ત્યારે અરદેશર તેમને વળાવવા માટે અશ્વિની કુમારના રૂસ્તમબાગમાં ગયા. (ધનબાઇ પૃ.૮૪) અહીં સહજાનંદ સ્વામીએ અરદેશર ને પોતાના માથા પરથી પાઘડી ઉતારી અરદેશર ના માથા પર મુકી હતી. આની સાથે સ્વામીજીએ પોતાની છબી અને એક શ્રીફળ પણ અરદેશરના આપ્યા હતા. (માર્શેલ, પૃ.૬૧) તેને લગતું કવિતા આ પ્રમાણે છેઃ

'શેઠ સાથેનો સ્નેહ જોતા મનમાં મુંજાય
મારી યાદગીરીમાં તમને શું અપાય
કાપોટાને ઘાટે ઇતર્યા રાય
અરદેરશજીને મુગટ આશિશથી દેવાય
સ્વામી એ માથેથી ઉતારી હેતે અપાર
અરદેશરના સર પર પહેરાવે તે વાર
જે માથેનું મુગટ સ્વામીનો પાઘ'
(ધનબાઇ, પૃ. ૮૬)

અત્રે ખાસ ઉલ્લેખનીય છેકે સહજાનંદ સ્વામી સાથે ગાઢ અનુબંધ રચાવા છતાં, સ્વામી તરફથી બહુમુલ્ય સોગાદ મળવા છતાં ધાર્મિક દ્દષ્ટિએ અરદેશર તેમની પુર્વાવસ્થામાં જ રહ્યા હતા, અર્થાત્ તેમણે સ્વામીનારાયણ સંપ્રદાય સ્વીકાર્યો ન હતો. પણ so what? તેનાથી શું થયું ! ખરેખર તો આ ઘટનાક્રમ પછી સહજાનંદ સ્વામી અને સ્વામીનારાયણ સંપ્રદાયમાં શિષ્યની એક નવી કક્ષા ઉમેરાઇ હતી. અત્યાર સુધી સંપ્રદાયમાં (૧) સાધુસંતો અને (૨) ગૃહસ્થી સંપ્રદાયીઓના પ્રકાર હતાં તેમાં અરદેશર કોટવાળના રૂપમા વૈચારિક અનુયાયીનો ત્રીજો પ્રકાર ઊભો થયો હતો. સહજાનંદ સ્વામીના કાર્યોથી પ્રભાવિત થયેલા અંગ્રેજ અધિકારીઓને પણ અનુયાયીઓની આ કક્ષામા મૂકી શકાય .આમ નવા અનુયાયી વર્ગનુ સર્જન દ્વારા સહજાનંદ સ્વામી અને અરદેશરની મુલાકાતનો આ અધ્યાય પૂરો થયો. તેઓ ફરી વખત મળ્યા હતા કે કેમ તેને લગતા પુરાવાઓ સાંપડતા નથી, પરંતુ પ્રથમ મુલાકાતે જ અરદેશરના જીવન અને તેમના પારસી સમાજ માટે કાયમી સ્મૃતિ ઊભી કરી હતી. જેમણે સ્વામિનારાયણ સંપ્રદાય અને પારસીઓ માટે અનેક સાંસ્કૃતીક પરિમાણો ઊભા કર્યા હતા. આગળના વિભાગમાં તેના વિશે ચર્ચા કરીશુ.

**(૩) સહજાનંદ સ્વામી અરદેશરના મુલાકાતનો સાંસ્કૃતિક સંદર્ભઃ**

ઇ.સ. ૧૮૨૩ માં (વિક્રમ સવંત ૧૮૮૧ કારતક સુદ દશમના રોજ યોજાયેલી સહજાનંદ સ્વામી અરદેશરની મુલાકાત એ સ્થૂળ મુલાકાત ન હતી. સ્વામી પાસેથી પાઘ અરદેશર માટે કાયમી સંભારણુ બની સાંપ્રદાયિક સદ્ભાવનું એક સ્થળ બન્યું હતું. રતન રૂસ્તમ માર્શલએ નોંધ્યું છે કે સ્વામીજીએ આપેલા છબી,શ્રીફળ અને પાઘ આજે પણ કોટવાળ વાડીમાં સચવાયેલાં છે. (૧૯૪૬) એ વસ્તુઓને કોટવાળના કુટુંબીજનો હાથ પણ લગાડતા નથી. દીવાલમાં ઊંચે લાકડાની બેઠક જડી તે પર એક કરંડિયામાં સ્વામીજીનો પાઘ શ્રીફળ સાથે મૂકવામાં આવેલા છે અને તેની નીચે સહજાનંદ સ્વામીએ આપેલી છબી ટાંગી છે જયારે સ્વામિનારાયણને લગતા લોકો એ પાઘ બતાવાય છે ત્યારે એ જ પંથના એક બ્રાહ્મણ પાસે તેના સ્થળેથી તે નીચે ઉતારી યોગ્ય ક્રિયા કરાવી એક મેજ પર મોટા ખુમચામાં મેલવામાં આવે છે. તે પ્રસંગે ઘીના દીવા, અગરબત્તી, લોબાન વગેરેની ખુશબો

પણ કરવામાં આવે છે. લોકો એના દર્શન કરી લે એટલે તેને માટે બનાવાયેલી બેઠક પર બ્રાહ્મણને હસ્તે જ પાછો મેલાય છે. (માર્શલ, પૃ. ૬૧-૬૨) આમ પારસી તેમ સ્વામિનારાયણના અનુયાયીઓ માટે સ્વામીજીનો પાઘ દર્શનીય, પવિત્ર સ્થાન બની રહ્યું હતું. ૧૮૪૧માં એકે ફોર્બ્સ સાથે દલપતરામ સ્વામીજીના પાઘના દર્શને પધાર્યા હતા. આ મુલાકાતને દલપતરામે ગુજરાતી સાહિત્યમાં અમરત્વ બક્ષ્યું છેઃ

'પરત્રાણ દીયે પ્રભુ પુજનકુ
જબ ભ્રાત કી ભક્તિ ભલી લગીયા
હનુમંતકુ તેલ કટોરી દીની,
જબ સીયકી શુધ્ધ લીની બગીયા
મહેતા નરસૈકુ હાર દીયો જબ
જીભ મે ભક્તિ ભલી લગીયાં
અરદેશર ,દલપત કહે
પરમેશ્વર રીઝી ધીની પધિયા'
(માર્શલ પૃ. ૬૪-૬૫)

અર્થાત્ કવિ સહજાનંદની ભેટને રામ-ભરત, કૃષ્ણ – નરસિંહ મહેતા જેવા હિન્દુ ઈતિહાસના પુરાણા ઈતિહાસની સર્વોત્તમ દેણગીઓની સમક્ષ મૂકે છે. રતન માર્શલે ઈ.સ. ૧૯૪૬ ના અરસામાં તેનું તાદશ્ય વર્ણન કર્યું છે : સવંત ૧૮૮૧ ના માગસર સુદ ત્રીજે સ્વામી સહજાનંદજીએ સુરત નગરીમાંથી પ્રસ્થાન કરતી વેળા અરદેશરને પાઘ બક્ષ્યો હતો. એટલે તેને એક સદી અને બે દસકા થયા છે. પહેલી નજરે કાપડના બોચકા જેવો લાગતો અને ફૂલહાર વગેરે મુકાવાને તથા લાંબી મુદત વહી જવાને કારણે સફેદને સ્થાને બદામી રંગનો જણાતો પાઘ આજે એક મહામૂલી ઐતિહાસિક વસ્તુ છે. સ્વામીજીની મૂળ વસ્તુઓમાં એ સૌથી શ્રેષ્ઠ લખાય છે.(માર્શલ, પૃ.૬૫)

અરદેશને સ્વયં સ્વામી સહજાનંદ પાસેથી પ્રાપ્ત આ ઐતિહાસિક ભેટ સ્વામિનારાયણ સંપ્રદાયીઓ માટે મહામૂલી સોગાદ હતી. તેમણે અરદેશરના વારસદાર શ્રી રૂસ્તમજી વાડીયા પાસેથી તે પ્રાપ્ત કરવા પ્રયત્નો કર્યા હતા. પરંતુ અરદેશરે તેમના કુટુંબીજનોને આ ભેટ પૂજયભાવે સાચવી રાખવા અને કદી ન વેચવા જણાવેલું હોવાથી આજે પણ તે અરદેશરની વાડીમાં સચવાયેલી રહી છે. (માર્શલ, પૃ. ૬૬)

સ્વામી સહજાનંદ અર્પિત પાઘ એ અરદેશરના વંશજો માટે કિંમતી જણાશે તો સ્વામિનારાયણ સંપ્રદાયીઓ માટે તીર્થસ્થાન બન્યું હતું સમયાંતરે સ્વામિનારાયણના સંતો તથા આમ જનતા તેના દર્શનાર્થે આવતી રહી હતી.

૨૩ ઓગસ્ટ ૧૯૦૯ના રોજ વડતાલ ગાદી આચાર્ય પાઘ દર્શન માટે અરદેશરની વાડીએ ગયા હતા. તેનું વર્ણન જામે જમશેદે આપ્યું છે. સ્વામિનારાયણ સંપ્રદાયની વડતાલ ગાદીના નવા આચાર્ય થોડા દિવસ થતા સુરત પધાર્યા હતા. તેમના દર્શન માટે એ પાઘ (કાઠિયાવાડીઓ પહેરે છે તેને મળતો ફેંટો) શેઠ સોરાબજી એદલજી વાડીયાની સુરત ટૂંકી ઉપરની વાડીના બંગલામાં એક ટેબલ ઉપર ખુમચામાં મેલવાર્મ આવી હતી. મહારાજશ્રી તેમના બાહોશ વૃદ્ધ કોઠારીજી, સાધુઓ વગેરેને વાજતે ગાજતે શેઠ હોરમજશા સોરાબજી વહાડીયા જાગીરદાર પોતાની વાડીમાં સ્વામિનારાયણના મંદિરમાંથી બોલાવી લાવ્યા હતા. મહારાજશ્રીએ સદરહુ પાઘની આરતી ઉતારી હતી. દર્શન કરી સર્વે પાછા મંદિરે પાછા ગયા હતા. સંપ્રદાયને લગતા મરદો ગયા પછી સ્ત્રીઓ પાઘના દર્શન કરવા આવી હતી. દર્શન કરી સર્વે ઘણા આનંદ પામ્યા હતા. (માર્શલ ,પૃ.૬૨-૬૩) પાછળથી અરદેશરના કુટુંબીઓએ સ્વામીના પાઘ દર્શનનો કાર્યક્રમ ભાઈબીજના દિવસે મુકરર કર્યો હતો. આ પ્રસંગે કોટવાળની વાડીમાં ધાર્મિક ઉત્સવનું વાતાવરણ સર્જાતુ હતું. જે આજ પર્યત ચાલુ છે.[૯]

સહજાનંદ સ્વામી અને અરદેશરની મુલાકાત સમયે સુરત અને ગુજરાતમાં હિંદુ ધર્મની અંદર પણ એટલું તંદુરસ્ત વાતાવરણ ન હતું. અરદેશર સ્વામિનારાયણ સંપ્રદાયી બન્યા વિના સહજાનંદનો અને સ્વામીનારાયણ સંપ્રદાયનો પ્રચાર કરી રહયા હતા. ત્યારે સુરતમાં વૈષ્ણવ સંપ્રદાયનો દબદબો હતો. પરિણામે વૈષ્ણવ અને સ્વામીનારાયણ સંપ્રદાયીઓ વચ્ચે વૈચારિક સંઘર્ષ પણ સર્જાયો હતો. ઉદા. તરીકે ૧૮૪૩ માં સહજાનંદ સ્વામી અને સ્વામિનારાયણ સંપ્રદાયના પુસ્તકો વિશે સુરતમાં દીનમણિશંકર શાસ્ત્રી અને આમોદના દીનાનાથ ભટ્ટ વચ્ચે ચડભડ થઈ હતી. તેમાં મુદ્દો સહજાનંદ સ્વામીના દૈવી વિષયનો અને સ્વામિનારાયણના ગ્રંથોની આધારભુતતાનો હતો. (રમેશ શુકલ, પૃ. ૭૧-૭૨) દુર્ગારામ ચરિતમાં નોંધાયા મુજબ બીજા એક ઘટનાક્રમમાં સુરતમાં ગોંસાઈજી વ્રજરત્નજી મહારાજે પોતાના સેવકો ને બોલાવી પોતપોતાના નાતીલાઓને સ્વામીનારાયણ ના દર્શન

કરવા ન જવા દેવા અને જાય તો નાત બહાર મુકવાનો બંદોબસ્ત કરવા તાકીદ કરી હતી. (રમેશ શુકલ, પૃ. ૧૮૫) સ્વામીનારાયણ સંપ્રદાય સામે આવા વિકટ સંજોગો હતા ત્યારે અરદેશરનો સુરતમાં ચડતો સિતારો હતો. વળી સહજાનંદ સ્વામી સાથેની મુલાકાત પછી તેઓના જીવન અને કાર્યથી પ્રભાવિત થઇ તેઓ સંપ્રદાયના વિકાસ માટે કટિબદ્ધ બન્યા હતા. અરદેશર ખુદ શ્રીમંત હતા. સહજાનંદ સ્વામીના પ્રભાવમાં તેઓ પણ પરોપકાર, પ્રજાકલ્યાણના કાર્યોમાં પ્રવૃત્ત બન્યા હતા. રતન માર્શલે નોંધ્યું છે કે સ્વામી સહજાનંદજીના સદ્‌ઉપદેશથી અરદેશર પર ભારે અસર થયેલી અને તેને પરિણામે જ પોતાનું ધન છુટે હાથે ગરીબોના હિતાર્થે વાપર્યું. પાછલા વર્ષોમાં પૈસા ટકા વગેરે બાબતમાં એમને ઉત્કટ વૈરાગ્ય આવી ગયેલો (માર્શલ, પૃ. ૬૩) સહજાનંદના પ્રભાવને આગળ ધપાવતા ધનબાઇ વાડીયાએ નોંધ્યું છે કે પોતાની ત્રાહીદ કામોમાં પોતે માથું ઘાલતાને ગાંઠના રૂપિયા ખર્ચતા પોતે રસ્તા કે કૂવા વિગેરેના બાંધકામો માટે સરકારને પોતાના મનની સૂચના કરતા. અડધા પોણા ભાવે પોતે ઈજારા લઇ ઘરના પૈસા ઉમેરીને બાંધી આપતા. (ધનબાઇ, પૃ.૮૮) આમ સહજાનંદ સ્વામી અને સ્વામિનારાયણ સંપ્રદાય સ્વીકાર્યો ન હોવા છતાં તેઓ સ્વામી અને સંપ્રદાયનુ કાર્ય આગળ ધપાવતા હતા. લોક કલ્યાણકારી કાર્યોની ધૂનમાં પોતાની આ બરબાદીને પણ ભૂલી ગયા હતા. ઉદા. તરીકે સાંઇ સાધુઓ અને ગરીબોને જમાડવા પાછળ, રસ્તા બાંધવા અને સમારવા, પોતે, સુરત બહારથી પધારતા નામાંકિત નરનારોને બાદશાહી આવકાર આપવામાં અને તેમની પરોણાગત કરવા અંગે, ધાર્મિક મકાનોના બાંધકામમાં, કલાકારોને ઉત્તેજન આપવાના વિષયમાં અઢળક ધન વાપર્યુ હતું. આ બધાને પરિણામે તેમના પર સાડા ચાર લાખનું કરજ થયું હતું. (એદલજી પટેલ,પૃ.૨૫૬)

અરદેશર કોટવાળ એ સહજાનંદ સ્વામીના પ્રભાવમાં સ્વામિનારાયણ સંપ્રદાયના ઉત્કર્ષમાં પોતાનું સર્વ ન્યોછાવર કરી દીધું હતું, અલબત્ત એમની કરજદાર અને વિસ્મૃત થઇ જતી ઓળખ સહજાનંદ સ્વામીના પાધને કારણે ટકી રહી હતી. રતન માર્શલ આ સંદર્ભે નોંધે છે કે સુરતના ઈતિહાસમાં કોટવાળનું નામ ભૂંસાઇ રહ્યું હતું, ત્યારે વૃદ્ધોમાં સ્વામિનારાયણની પાધ અરદેશર કોટવાળની વાડીમાં સચવાઇ હોવાને લીધે, અરદેશર જેવી વ્યક્તિ સુરતમાં ગઇ સદીમાં થઇ ગયેલી એમ કોઇક જાણતા. (રતન માર્શલ ,પૃ.૧૦૪)

આમ સ્વામીનારાયણ સંપ્રદાય ને સમકાલીન સમયમાં સંપ્રદાયના વિકાસ માટેનો એક આધાર સ્તંભ મળ્યો હતો તો બીજી તરફ અરદેશર પોતાના સમયનું કદાવર ન હોવા છતાં તેમની ઓળખાણ તો સહજાનંદ સ્વામીએ આપેલી પાધના રખેવાળ રક્ષક તરીકેની હતી. એ રીતે બંને પક્ષે સુખદ સાંસ્કૃતિક સમન્વયની કડી રચાઇ હતી જેની ૧૯માં સૈકાના ગુજરાતને જરૂર હતી.

**સમાપનઃ**

પ્રસ્તુત પત્રમાં આપણે સહજાનંદ સ્વામી અને અરદેશર કોટવાળ વચ્ચે ઇ.સ.૧૮૨૩માં યોજાયેલી મુલાકાતનો સાંસ્કૃતિક સંદર્ભે જોયો. અરદેશર પોતે સંપ્રદાયમા જોડાયેલા ન હોવા છતાં તેમણે સવાયા સંપ્રદાયી બનીને માનવતાવાદી, કલ્યાણકારી સંપ્રદાયના ઉત્કર્ષમાં રસ લીધો. વળી, સહજાનંદ સ્વામી એ આપેલી પાધનું તેમણે ખુદ અને તેમના વારસદારોએ જીવની જેમ જતન કરી સાંસ્કૃતિક સમન્વયની ઉચ્ચ કક્ષાની મિશાલ પેશ કરી હતી. આજે હિંદુ ધર્મના જ સંપ્રદાયો વચ્ચે ગળાકાપ હરીફાઇઓ ચાલી રહી છે. ત્યારે આજથી ૧૯૦ વર્ષ પહેલા અરદેશર કોટવાળે સુરતમાં કલ્યાણકારી સ્વામિનારાયણ સંપ્રદાય માટે જમીન તૈયાર કરવામાં અને સ્વામીની પ્રસાદીનું જતન કરવામાં જે પુરુષાર્થ કર્યો તે આજે પણ એટલું જ પ્રસ્તુત છે.

**સંદર્ભોઃ**

(૧) બે ખાન બહાદુર અરદેશર કોટવાળ તેમની જિંદગીનો સંક્ષેપ, સુરત, ૧૮૭૨, આ પુસ્તક 'બે' ના ઉપનામથી રામજી બમનજી માસ્તરે લખ્યું હતું.

(૨) ધનબાઇ બમનજી વાડીયા, અહેવાલે અરદેશર કોટવાળ બહાદુર, સુરત ૧૯૩૦.

(૩) રતન રૂસ્તમજી માર્શલ, અમરવીર અરદેશર કોટવાળ સુરત, ૧૯૪૬.

(૪) એદલજી બરજોરજી પટેલ, સુરતની તવારીખ , સુરત ,૧૮૯૦.

(૫) નર્મદાશંકર લાલશંકર, સુરતની મુખતેસર હકીકત, સુરત ૧૮૬૬.

(૬) હીરાલાલ ત્રિ. પારેખ, અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન ખંડ -૧, અમદાવાદ, ૧૯૩૫.

(એસો. પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ મોઃ ૯૬૩૮૯૮૧૩૮૮)

# કૌટિલ્યનું શિક્ષણ-ચિંતન

**જયશ્રી કે. દવે**

આચાર્ય કૌટિલ્યનું અર્થશાસ્ત્ર સમગ્ર ગ્રંથ તરીકે કેળવણી-વિષયક ગ્રંથ નથી, પરંતુ રાજા, રાજય, રાજયવ્યવસ્થા, નાગરિક ધર્મ જેવા વિષયાંગો પર વિચાર કરતાં આચાર્યે, પરોક્ષ-પ્રત્યક્ષરુપે શિક્ષણવિચારને પણ નિરૂપિત કર્યો છે.

અર્થશાસ્ત્રમાંથી પ્રાપ્ત થતા આચાર્ય કૌટિલ્યના શિક્ષણ-વિચાર અંતર્ગત વિદ્યાની વિભાવના, ઉદ્દશો, શિક્ષણપદ્ધતિ, અભ્યાસક્રમ, ભાષાવિચાર, શિસ્ત, શિક્ષણનું વ્યવસ્થાપન, મૂલ્ય-વિચાર, ગુરુ, વિદ્યાર્થી, ગુરુ-શિષ્ય, સંબંધ અને રાજાના ધર્મો જેવી વિવિધ વિચારણાનું અર્થઘટન કરી, તેના આધારે વિગતવાર તારણો અહીં રજૂ કરવામાં આવ્યાં છે.

**૧. વિદ્યાની વિભાવના :**

આચાર્ય કૌટિલ્યના શિક્ષણને વ્યક્તિના સામાજિક, નૈતિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસનું સાધન માને છે, અને ધનપ્રાપ્તિ માટે નહીં, પણ જ્ઞાનપ્રાપ્તિ માટે શિક્ષણનું મહત્ત્વ અને અનિવાર્યતા સ્વીકારે છે. તેમના મતે જ્ઞાનને ધનપ્રાપ્તિ સાથે કશો સીધો સંબંધ નથી. તેઓ શિક્ષણ દ્વારા વ્યક્તિના બૌદ્ધિક ગુણો બુદ્ધિમત્તા, વાક્ચાતુર્ય, પ્રત્યુત્પન્નમતિત્વ, વાદવિવાદક્ષમતા, વિદ્વતા અને તર્કનો વિકાસ થાય તેમ ઈચ્છે છે, કારણ કે આ ગુણોને કારણે જ વ્યક્તિ સમાજમાં આદરપાત્ર બને છે. કૌટિલ્ય વયોવૃદ્ધ વ્યક્તિ કરતાં જ્ઞાનવૃદ્ધ વ્યક્તિને વધુ પૂજનીય માને છે. શિક્ષણ વિદ્યાર્થીને સારું-નરસું પારખવાની ક્ષમતાનો વિકાસ કરે છે, જેને કારણે તે આ લોક અને પરલોકમાં ઉન્નતિ કરે છે. આ સાથે કલાકૌશલના વિકાસને પણ આચાર્ય કૌટિલ્ય જરુરી માને છે.

**૨. શિક્ષણના ઉદ્દેશો :**

શિક્ષણ દ્વારા વ્યકિતનો સામાજિક, નૈતિક, બૌદ્ધિક, આધ્યાત્મિક અને વ્યક્તિગત વિકાસ થાય તેવા ઉદ્દેશો આચાર્ય કૌટિલ્યના અર્થશાસ્ત્રના અભ્યાસ પરથી તારવી શકાય તેમ છે. તેઓ ધર્મ-અધર્મને પારખનાર, વિવેકને જાગૃત કરવાના ઉદ્દેશને શિક્ષણનો પ્રધાન ઉદ્દેશ માને છે. શિક્ષણ દ્વારા વ્યક્તિમાં આત્મસંયમનો વિકાસ થાય અને તે પ્રત્યેક સ્થિતિમાં સ્થિર બુદ્ધિવાળો બને તે શિક્ષણનો મહત્ત્વનો હેતુ છે. કૌટિલ્ય રાજધર્મનું પાલન કરવાની સમજ તથા શિક્ષણ દ્વારા આજીવિકા પૂરી પાડવાનો ઉદ્દેશ પણ વ્યકત કરે છે. આ ઉપરાંત, ચારિત્ર્ય ઘડતર, બુદ્ધિગત કૌશલો વાક્ચાતુર્ય, પ્રત્યુત્પન્નતા અને તર્ક જેવા બોધાત્મક અને ભાવાત્મક ઉદ્દેશોનો પણ તેઓ નિર્દેશ કરે છે.

આચાર્ય કૌટિલ્યના શિક્ષણ વિચારમાંથી નિમ્નલિખિત ઉદ્દેશો તારવી શકાય છે. ધર્મ-અધર્મનો વિવેક કેળવવો. ઈન્દ્રિયસંયમ કેળવવો. જ્ઞાન દ્વારા બુદ્ધિનાં કૌશલોનો વિકાસ કરવો. નાગરિકતાનો વિકાસ કરવો. વ્યક્તિનો ધાર્મિક વિકાસ કરવો. આજીવિકા પ્રાપ્ત થઈ શકે તેવાં કૌશલોનું શિક્ષણ આપવું. વ્યકિતનો સર્વાંગીણ વિકાસ કરવો.

**૩. શિક્ષણની પ્રક્રિયા :**

આચાર્ય કૌટિલ્ય જ્ઞાનને જીવનનું પરમ અને ચરમ લક્ષ્ય માને છે, કારણ કે જ્ઞાનથી વ્યક્તિની બુદ્ધિમત્તા, વાક્ચાતુર્ય, તર્કશક્તિ અને તત્ત્વદષ્ટિનો વિકાસ થાય છે. જ્ઞાનપ્રક્રિયા માટે તેઓ શુશ્રુષા, શ્રવણ, મનન, ધારણ, વિજ્ઞાન, ઊહાપોહમાં વિવેક, તર્ક અને બુદ્ધિને અનિવાર્ય માને છે. આ સાથે જ ન સમજાયેલ જ્ઞાનને વારંવાર પુનરાવર્તન અને અભ્યાસથી સમજી લઈ ચિત્તમાં સ્થાયી કરવાનો તેઓ નિર્દેશ કરે છે. તેમના મતે આ રીતે પ્રાપ્ત કરેલ જ્ઞાન ચિરસ્થાથી હોય છે, અને તેનાથી વ્યક્તિનાં વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય છે તથા વ્યક્તિ સમાજમાં તેના ઉપયોજન દ્વારા વિકાસ સાધી શકે છે.

**૪. અભ્યાસક્રમ :**

વિદ્યાર્થીનો સર્વાંગીણ વિકાસ થઈ શકે તેવો બહુઆયામી અભ્યાસક્રમ આચાર્ય કૌટિલ્ય આપે છે. આધ્યાત્મિક જ્ઞાન માટે, આજીવિકાનાં સાધના પ્રાપ્ત થઈ શકે તે માટ અને વ્યકિતગત કૌશલોનો વિકાસ થઈ શકે તે માટે તેઓ જુદા-જુદા વિષયોના અભ્યાસની ભલામણ કરે છે, જેના અભ્યાસથી વિદ્યાર્થી પોતાનું ઈચ્છિત ધ્યેય પ્રાપ્ત કરી શકે છે.

અર્થશાસ્ત્રમાં આચાર્ય કૌટિલ્ય નીચેના વિષયો જણાવે છે.

**૧. મુખ્ય વિષયો :**

આન્વીક્ષિકી : સાંખ્ય-દર્શનશાસ્ત્ર, યોગ-ઉપાસનાશાસ્ત્ર, લોકાયત ચાર્વાક દર્શન.

**ત્રયીઃ** વેદ વિદ્યા, ધર્મ-અધર્મનું નિરૂપણ કરનાર શાસ્ત્રો, ઋગ્વેદ, યજુર્વેદ, અથર્વવેદ અને વેદાંગો.

**વાર્તા:** કૃષિ, પશુપાલન, ચિકિત્સા, ધન-પ્રાપ્તિના વિષયો.

દંડનીતિ: કૂટનીતિ, રાજ્યશાસ્ત્ર.

**૨. સૈનિકવિદ્યાના વિષયો :**

સારથિવિદ્યા, ધનુર્વિદ્યા, મલ્લવિદ્યા, ગજવિદ્યા, અશ્વવિદ્યા.

**૩. સ્ત્રીઓ માટેના કૌશલલક્ષી વિષયો :**

ગાયન, વાદન, વર્તન, અભિનય કળા, લેખન, ચિત્રકળા, વીણા-વેણુ-મૃંદગવાદન, સુગંધી પદાર્થો બનાવવા, માળાગૂંથણી, શરીરનાં અંગોની ચંપી કરવી, પગ તળાંસવા, વેષભૂષા તથા કેશગૂંફન વગેરે ચોસઠ કળાઓ પૈકીની કેટલીક અન્ય આવશ્યક કળાઓ.

**૪. કલા-કૌશલલક્ષી વિષયો :**

શિલ્પકલા, કાંતણ, વણાટ, છાપકામ, રંગકામ, વાસ્તુકલા, ચિત્રકલા, મૂર્તિકલા, સંગીત, વાદ્ય, નાટય, હસ્તવિદ્યા, ઈન્દ્રજાલવિદ્યા, મંત્ર-તંત્ર-વિદ્યા, શકુનવિદ્યા, વિષવિદ્યા, શુલ્બશાસ્ત્ર, અશ્વવિદ્યા, અંગવિદ્યા, કપટવિદ્યા, ધાતુશાસ્ત્ર, મણિરાગ, પાકવિધિ, રસાયન વગેરે.

**૫. ભાષાવિચાર:**

આચાર્ય કૌટિલ્યે લખાણમાં ઉદ્દેશની સ્પષ્ટતાને સર્વાધિક મહત્ત્વ આપ્યું છે. તેઓ લખાણમાં ભાષાની શુદ્ધિ અને વ્યાકરણની સજજતા ઉચ્ચ પ્રકારની હોય તેવી અપેક્ષા રાખે છે. તેઓ લખાણને દોષમુક્ત બનાવવાના આગ્રહી છે. તેમના મતે લખાણમાં અર્થક્રમ, અર્થસંબંધ, પરિપૂર્ણતા, માધુર્ય, ઔદાર્ય અને સ્પષ્ટતા જેવા ગુણોનો ઉચિત સમન્વય અને સન્નિવેશ આવશ્યક છે.

**૬. શિસ્ત :**

વિદ્યાર્થીઓમાં સુટેવોના ઘડતર માટે અને સમ્યક્ જ્ઞાનપ્રાપ્તિ માટે આચાર્ય કૌટિલ્ય શિસ્તની આવશ્યકતા સ્વીકારે છે. તેઓ આત્મસંયમ, નમ્રતા અને સેવા દ્વારા સુટેવોનું ઘડતર કરવામાં માને છે. આ માટે જરૂર પડ્યે તેમણે શારીરિક દંડની પણ હિમાયત કરી છે. શિસ્ત અંગેની તેમની આ વિચારણા આદર્શવાદને અનુરૂપ જણાય છે.

**૭. વ્યવસ્થાપન :**

જ્ઞાનપ્રાપ્તિ માટે પારંપરિક શિક્ષણસંસ્થાઓને આચાર્ય કૌટિલ્ય સવિશેષ મહત્ત્વ આપે છે. આ માટે તેમણે પરંપરાથી ચાલી આવતી ગુરુકુલપ્રથાનો સ્વીકાર કર્યો છે. ગુરુઆશ્રમમાં ગુરુ-શિષ્યના દીર્ઘકાલીન સહવાસથી થતા વિદ્યાર્થીના માનસિક, શારીરિક, નૈતિક, બૌદ્ધિક અને આત્મિક વિકાસના તેઓ પુરસ્કર્તા છે. શિક્ષણસંસ્થાને સમાજ અને રાજય આર્થિક અને અન્ય રીતે સંપૂર્ણ સહાયરૂપ બને તેમ તેઓ ઈચ્છે છે. તેમ છતાં શિક્ષણમાં કોઈ પણ બાહય હસ્તક્ષેપનો તેઓ સ્પષ્ટ વિરોધ કરતા જણાય છે. શિક્ષણ સંપૂર્ણતઃ સ્વતંત્ર અને સ્વાયત હોય તેવો સ્પષ્ટ અભિગમ તેઓ વ્યકત કરે છે. શિક્ષણ અંગેના તમામ નિર્ણયો અને નિયમો નિશ્ચિત કરવાની પૂર્ણ સ્વતંત્રતા તેઓ શિક્ષકને આપે છે, તેમાં તેમના આ દષ્ટિકોણનાં જ દર્શન થાય છે.

**૮. મૂલ્યવિચાર :**

શિક્ષણ દ્વારા સત્ય, અહિંસા, ધર્મ, સદાચાર જેવાં માનવજીવનનાં શાશ્વત મૂલ્યો, વ્યક્તિનું ચારિત્ર્યઘડતર થાય તેવાં પુરુષાર્થ, ઈન્દ્રિય સંયમ જેવાં વ્યક્તિગત મૂલ્યો, તથા બુદ્ધિ બળ, ધન જેવાં કાર્યસાધક મૂલ્યોની હિમાયત દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તેવા, મૂલ્યલક્ષી શિક્ષણનો તેઓ આગ્રહ રાખે છે.

**૯. વિકાસ :**

આચાર્ય કૌટિલ્યના મતે જે વિવિધ શાસ્ત્રેમાં પારંગત, ચારિત્ર્યશીલ, પ્રેમાળ, નમ્ર, જ્ઞાની અને પોતાના જ્ઞાનને વિદ્યાર્થીઓમાં સમ્યક્ રીતે સંક્રમિત કરી શકે તેવો હોય તે જ સાચો ગુરુ છે. તેઓ સમગ્ર શિક્ષણપ્રક્રિયામાં માત્ર શિક્ષકના જ સંપૂર્ણ આધિપત્યનો સ્વીકાર કરે છે, અને આ રીતે ગુરુદેવો ભવ ના ભારતીય આદર્શને મૂર્તિમંત કરે છે.

**૧૦. વિદ્યાર્થી:**

આચાર્ય કૌટિલ્ય વિદ્યાર્થી માટે સદાચાર, નમ્રતા, ઈન્દ્રિયસંયમ, સેવા, તિતિક્ષા, ગુરુ અને વડીલો પ્રતિ આદર અને જ્ઞાનપ્રાપ્તિમાં રુચિ જેવા ગુણોને આવશ્યક માને છે. તેમના મતે વિદ્યાર્થીએ નિયમિત સ્વાધ્યાય, અગ્નિહોત્ર, ભિક્ષાટન તેમજ બ્રહ્મચર્યાશ્રમના જીવનપર્યન્ત ગુરુની સમીપ રહી, ગુરુને અધીન રહી, ગુરુની સેવા કરવી જોઈએ.

**૧૧. ગુરુ-શિષ્ય સંબંધ:**

ગુરુગૃહે વિદ્યાધ્યયન દરમિયાનના દીર્ઘકાલીન સહવાસને કારણે ગુરુ-શિષ્ય સંબંધમાં આત્મીયતા કેળવાઈ હોય એ સ્વાભાવિક છે. આચાર્ય કોટિલ્ય ગુરુ-શિષ્ય સંબંધ, પિતા-પુત્રના સંબંધની જેમ, લાગણીપૂર્ણ સહાનુભૂતિપૂર્ણ તેમજ મધુર હોય એવો નિર્દેશ કરે છે.

## ૧૨. રાજાના ધર્મો:

રાજા પોતાના આંતરિક સદ્‌ગુણોનો વિકાસ કરી પ્રજા સમક્ષ 'રાજા'નો નહીં, પણ 'રાજર્ષિ'નો આદર્શ પૂરો પાડે તેવી આચાર્ય કૌટિલ્ય અપેક્ષા રાખે છે. પ્રજાનું રક્ષણ, પાલન અને તેમના યોગ-ક્ષેમનું વહન રાજાનું પરમ કર્તવ્ય છે. આ ઉપરાંત ધાર્મિક પ્રવૃત્તિઓ અને શિક્ષણને ઉત્તેજન આપવું, તેમજ રાજયનું બાહ્ય આક્રમણોથી સંરક્ષણ કરી તેનું સંવર્ધન કરવું અને રાજયને કલ્યાણરાજય બનાવવું તે પણ રાજાનું કર્તવ્ય છે.

**આચાર્ય કૌટિલ્યનાં જીવનલક્ષી ચિંતનનાં તારણો :**

૧. આચાર્ય કૌટિલ્ય શિક્ષણ દ્વારા થતા વિદ્યાર્થીના બૌદ્ધિક વિકાસને સવિશેષ મહત્ત્વ આપે છે, પણ શિક્ષણ દ્વારા કેવળ ધનપ્રાપ્તિના ઉદ્દેશનો અસ્વીકાર કરે છે.

૨. સાંસારિક પ્રલોભનો અને વિપત્ત કે સંપત્તિમાં પણ ઈન્દ્રિયો પર વિવેક રાખી, આત્મસંયમ કેળવવાના, આચાર્ય કૌટિલ્ય ખાસ આગ્રહી છે.

૩. ચારિત્ર્યઘડતર માટે કિશોરાવસ્થાથી જ સુટેવોનું ઘડતર થાય તેની તેઓ હિમાયત કરે છે. જયારે અસંસ્કારી, ઉદ્ધત અને અધાર્મિક વિદ્યાર્થીઓને આચાર્ય, શિક્ષણ માટે અપાત્ર માની તેમની અવગણના કરે છે.

૪. બુદ્ધિમાન, શાસ્ત્રજ્ઞ અને તત્ત્વજ્ઞ વ્યક્તિને પૂજનીય અને આદરપાત્ર ગણી તેને તેઓ સવિશેષ મહત્ત્વ આપે છે, જયારે અજ્ઞાની અને ચારિત્ર્યહીન વ્યક્તિની તેઓ ભર્ત્સના કરે છે.

૫. વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ માણસો પાસેથી તેમના સંચિત અનુભવોનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો કૌટિલ્ય આગ્રહ રાખે છે આ રીતે જ્ઞાનને અભ્યાસકાળ દરમિયાન જ પ્રાપ્ત કરવા પૂરતી બાબત ન ગણાવતાં જીવનપર્યન્ત પ્રાપ્ત કરવાની બાબત જણાવે છે.

૬. સત્ય, અહિંસા, સદાચાર, પુરુષાર્થ, ઈન્દ્રિયસંયમ, ક્ષમા અને સેવા જેવાં માનવીય મૂલ્યોની સાથે સાથે બળ, બુદ્ધિ અને ધનની મહત્તાનો પણ સ્વીકાર કરી તેમણે શિક્ષણની વ્યાવહારિક ઉપયોગિતાનો પણ સ્વીકાર કર્યો છે, અને જીવનયાપન માટે ધનપ્રાપ્તિનો હેતુ પણ માન્ય કર્યો છે.

**ફલિતાર્થો :**

૧. આચાર્ય કૌટિલ્યના સમયમાં વ્યકતિ વધુમાં વધુ જ્ઞાન અને કળાઓનું કૌશલ પ્રાપ્ત કરે તે જરૂરી મનાતું હતું. આચાર્ય કૌટિલ્યનાં વિદ્યાવિષયક વિચારો આધારિત તારણો પરથી ફલિત થાય છે કે તેઓ જ્ઞાનપ્રાપ્તિને ઉત્કૃષ્ટ જીવનપનનું શ્રેષ્ઠ સાધન માને છે. સમ્યક્ જ્ઞાનપ્રાપ્તિથી વ્યકિતના બૌદ્ધિક કૌશલો જેવા કે વાક્ચાતુર્ય અને તાર્કિકતાનો વિકાસ થતો અને જ્ઞાનનું કાર્યમાં ઉપયોજન શક્ય બનતું અને તે દ્વારા વ્યકિત સારું સમાજજીવન જીવવા માટે તેમજ આજીવિકા પ્રાપ્તિ માટે સક્ષમ બની શકતી.

કૌટિલ્ય વિદ્યાધ્યયન માટે વિદ્યાર્થી પાસે શ્રદ્ધા, વિશ્વાસ, સેવા ઈન્દ્રિયસંયમ અને નમ્રતા જેવા સદ્‌ગુણોને અનિવાર્ય માને છે. તેમના મતે કૂમળી વયે જ આવા સદ્‌ગુણોના સિંચનથી બાળકોનો બૌદ્ધિક ઉપરાંત માનસિક, નૈતિક, સામાજિક અને વ્યકિતગત વિકાસ થાય છે, જે તેના ભાવિ નાગરિકજીવન માટે મદદરૂપ બને છે. આ રીતે આચાર્ય કૌટિલ્ય મૂલ્યશિક્ષણ પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે.

જીવનના કોઈપણ ક્ષેત્રમાં જ્ઞાન અને કુશળતા હોય તો તે કાર્યને તેના નિશ્ચિત ધ્યેય સુધી પહોંચાડી શકાય છે. આચાર્ય કૌટિલ્ય આ કારણે જ શાસ્ત્રજ્ઞાન ઉપરાંત, વિવિધ કળાઓના કૌશલ અને વ્યાવસાયિક કુશળતાને કર્મચારીઓની નિયુક્તિમાં વિશેષ લાયકાત તરીકે ગણાવે છે, જેને માટે અર્વાચીન યુગમાં વ્યાવસાયિક સજ્જતા અને વ્યાવસાયિક કુશળતા જેવા શબ્દો પ્રયોજાય છે.

જ્ઞાનને માત્ર વિદ્યાર્થીકાળ દરમિયાન આરાધ્ય બાબત ન ગણાવતાં, આચાર્ય તેને સમગ્ર જીવન દરમિયાન વિદ્યા, બુદ્ધિ, પુરુષાર્થ, કુળ અને સેવામાં આગળ વધેલ વ્યક્તિના સહવાસ અને સેવા દ્વારા અર્જિત કરવાની બાબત જણાવે છે. તેમનો આ વિચાર નિરૌપચારિક શિક્ષણના અર્વાચીન વિચાર સાથે ખૂબ સામ્ય ધરાવે છે.

વિદ્યા અને આંતરિક સદ્‌ગુણો સામાન્ય વ્યક્તિ અને અધિકારી વર્ગ ઉપરાંત, રાજાના સુશાસન અર્થે પણ મહત્ત્વના છે. રાજા અધ્યાત્મવિદ્યાની સાથે નીતિશાસ્ત્ર, ઈતિહાસ કળા અને રાજનીતિશાસ્ત્ર વગેરેના જ્ઞાનથી સમૃદ્ધ હોય તેવો આગ્રહ આચાર્ય કૌટિલ્ય રાખે છે, કારણ કે તે તેના રાજયના સંચાલન અને પ્રજાપાલનમાં ઉપયોગી સાબિત થાય છે.

જ્ઞાનનું અર્વાચીન યુગમાં જેટલું મહત્ત્વ છે એટલું જ, બલ્કે એથી પણ વિશેષ મહત્ત્વ આચાર્ય કૌટિલ્ય માને

છે તેઓ વ્યકિતના સચ્ચારિત્ર્ય અને વિદ્વતાને સન્માનનીય અને પૂજનીય નજરે જુએ છે. તેઓ વયોવૃદ્ધ વ્યક્તિને નહિ પણ જ્ઞાનવૃદ્ધ વ્યક્તિને રાષ્ટ્રધન તરીકે સ્વીકારે છે, કારણ કે, ચારિત્ર્યશીલ અને જ્ઞાની વ્યક્તિ જ આદર્શ વ્યક્તિઅને આદર્શ નાગરિક બની સમાજ અને રાષ્ટ્રનો ઉત્કર્ષ કરી, રાષ્ટ્રહિતમાં ઉપયોગી પુરવાર થાય છે.

૨. આચાર્ય કૌટિલ્ય શિક્ષણને વ્યક્તિના ચતુર્વિધ વિકાસનું કારણ માને છે. તેમના મતે આધ્યાતિમક, બૌદ્ધિક, ભાવાત્મક અને ક્રિયાત્મક એ ચારેય પાસાંનો વિકાસ કરવાની જવાબદારી શિક્ષણની છે. સર્વાંગી વિકાસનો અર્થ આ જ થાય છે. આચાર્યે નિર્દિષ્ટ કરેલા ઉદ્દેશો પરથી ફલિત થાય છે કે શિક્ષણનું વિષયવસ્તુ ઉદાત્ત હોવું જોઈએ તેમજ શિક્ષણપદ્ધતિ વિદ્યાર્થીને સક્રિય અને જવાબદારીપૂર્ણ બનાવે તેવી હોવી જોઈએ. આવા શિક્ષણ દ્વારા જ વિદ્યાર્થી કોઈપણ પરિસ્થિતિમાં મૂકાતાં, જે તે પરિસ્થિતિને પારખીને સદ્-અસદ્નો મૂલ્યનિર્ણય કરી શકે. આધ્યાત્મિક મનુષ્યનું ઘડતર એ આચાર્ય કૌટિલ્યના મતે શિક્ષણનું શિરમોર કાર્ય છે, અને ઈન્દ્રિયનિગ્રહ એ સુશિક્ષિત મનુષ્યનું લક્ષણ છે. ઘણાંબધાં સામાજિક દૂષણો અને ગુનાખોરીનુ કારણ ઈન્દ્રિયનિયગ્રહનો અભાવ હોય છે. જો શિક્ષણ, વ્યક્તિમાં આત્મસંયમના ગુણનો વિકાસ કરી શકે તો, વિદ્યાર્થી આદર્શ નાગરિક અને સ્વશાસિત વ્યક્તિ બની શકે છે, આવા સંજોગોમાં રાજયવ્યવસ્થા અંતર્ગત ઓછામાં ઓછા નિયમો અને દંડની જરૂર પડે છે. ચારિત્ર્યઘડતરનો ઉદ્દેશ એ જ્ઞાનપ્રાપ્તિના ઉદ્દેશનો જ એક પેટા ભાગ છે.

આચાર્ય કૌટિલ્ય લોકશાહી રસમોવાળી રાજાશાહીની હિમાયત કરે છે, અને તેથી કેળવણીકારના શિરે વ્યક્તિના બૌદ્ધિક કૌશલોનો વિકાસ કરવાનું ઉત્તરદાયિત્વ નાખે છે. આવો નાગરિક જ રાજયવ્યવસ્થા અને લોકવ્યવહારમાં સક્રિય રીતે સહભાગી બની શકે. બૌદ્ધિક કૌશલોના વિકાસ માટ સ્વાભાવિક રીતે જ તર્કશાસ્ત્ર અને વાણીકૌશલ જેવા વિષયોની જરુર પડે અને શિક્ષણપદ્ધતિ સમૂહચર્ચા, જૂથચર્ચા કે પરિવિવાદની જ હોવી જોઈએ. માત્ર વ્યાખ્યાનોથી બૌદ્ધિક કૌશલનો વિકાસ શકય બને નહી.

આજીવિકા માટેના કૌશલવિકાસ અર્થે શિક્ષણ આપવાની વાત કરીને આચાર્ય કૌટિલ્યે પોતાની વ્યવહારવાદી વિચારણાને પ્રતિબિંબિત કરી છે. સુશાસન વ્યવસ્થા અને સુરાજયનું નિર્માણ એ આચાર્યની વિચારણાનો મુખ્ય સૂર હોવાના કારણે સહજ રીતે જ એમનું ધ્યાન ઉત્પાદકતાલક્ષી શિક્ષણ તરફ જાય છે. રાજયનો પ્રત્યેક નાગરિક કોઈ ને કોઈ ઉત્પાદન કે શ્રમકાર્ય દ્વારા રાજયની સમૃદ્ધિ વધારવામાં યોગદાન આપે તે તેમને સર્વથા અપેક્ષિત છે. વળી, જે રાજયમાં નાગરિકો ઉદ્યોગ અને હુન્નર જાણતા હોય તે રાજ્ય આર્થિક રીતે પણ સાબૂત રહે છે. સાંપ્રત શિક્ષણ પણ આજીવિકા માટેની આવી કેળવણીને મહત્ત્વની માને છે.

આજીવિકા માટેની કેળવણી એટલે કે 'ટેકનિકલ એજ્યુકેશન' જેની આવશ્યકતાને આજથી લગભગ ૨૩૦૦ વર્ષ પૂર્વે થઈ ગયેલા મનાતા આચાર્ય કૌટિલ્યે અધોરેખિત કરેલી. પ્રાપ્ત ઉલ્લેખો જણાવે છે તેમ તે કાળમાં તક્ષશિલા અને નાલંદા જેવી વિદ્યાપીઠોની સાથે સાથે વિવિધ ઉદ્યોગોને અનુરૂપ રસશાળા, વર્કશોપ અને સૈનિકવિદ્યાની કેટલીક તાલીમશાળાઓનું પણ અસ્તિત્વ હતું.

૩. શિક્ષણ એ માત્ર માહિતી પ્રાપ્તિ જ નથી, પણ એથી વધીને કંઈક વિશેષ છે. જ્ઞાન દ્વારા માત્ર સ્મરણશક્તિ વિકાસનું ધ્યેય નથી, પણ બૌદ્ધિક વિકાસનું પણ લક્ષ્ય હોવું જોઈએ. એ વાત આચાર્ય કૌટિલ્યના શિક્ષણ પદ્ધતિ અંગેનાં તારણો પરથી ફલિત થાય છે. તેમના મતે વિદ્યાર્થીની માનસિક શક્તિઓ, ક્ષમતાઓ અને કુશળતાઓનો સમ્યક દિશામાં વિકાસ થવો જોઈએ.

જ્ઞાનપ્રાપ્તિમાં ઈન્દ્રિયોની ચંચળતા અને બાહ્ય આકર્ષણ અવરોધક બને છે, અને તે નિવારવા માટે ઈન્દ્રિયસંયમ અનિવાર્ય બને છે એ બાબતને ધ્યાનમાં રાખી આચાર્ય કૌટિલ્ય ઈન્દ્રિયસંયમ ઉપરાંત વિદ્યાર્થીના મનની શાંતિ, સાવધાનતા અને એકાગ્રતાને પણ જ્ઞાનપ્રાપ્તિ માટે આવશ્યક માને છે.

કૌટિલ્યના મતે માત્ર માહિતીનું આદાન-પ્રદાન કે પ્રવચન-શ્રવણ એ જ્ઞાનપ્રાપ્તિ નથી. આ કાર્ય તો ગુરુ સિવાય પણ સંભવી શકે. આચાર્ય આવા જ્ઞાનની વાત કરતા નથી, પણ બુદ્ધિગત ક્ષમતાઓનો વિકાસ કરે તેવા, જીવનોપયોગી જ્ઞાનની ચર્ચા કરે છે. તેમના મતે, જ્ઞાનપ્રાપ્તિ માટે વિદ્યાર્થીની રુચિ, શ્રદ્ધા, નમ્રતા અને નિષ્ઠા આવશ્યક છે. આ ઉપરાંત જ્ઞાનની સમગ્ર પ્રક્રિયા યોગ્ય રીતે થાય તે માટે આચાર્ય વિગતે ચર્ચા કરે છે. તેમાં જ્ઞાનનું શાંત ચિત્તે શ્રવણ, પ્રાપ્ત જ્ઞાનનું મનન અને તેનું ગ્રહણ, ચિત્તમાં તેનું ધારણ, વિજ્ઞાન અને ઊહાપોહમાં વિવેક અર્થાત્ પ્રાપ્ત જ્ઞાનનાં વિવિધ પાસાં પર વિવેકપૂર્ણ વાદ-વિવાદ કરવો, તેમજ બુદ્ધિ અને તર્ક દ્વારા જ્ઞાનની પ્રાપ્તિ

આ બધી બાબતોનો જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયામાં સમાવેશ થાય છે. આ સમગ્ર જ્ઞાનપ્રક્રિયા મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત પર આધારિત છે. આના દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે ચિરસ્થાયી અને વ્યક્તિને આવશ્યકતા અનુસાર તત્કાળ દિશાસૂચન કરી શકે તેવું હોવું જોઈએ. આ ઉપરાંત, જ્ઞાનપ્રાપ્તિ માટે વારંવાર પુનરાવર્તન તેમજ સ્વાધ્યાયને પણ આચાર્ય કૌટિલ્ય આવશ્યક માને છે.

૪. અભ્યાસક્રમના સીમિત અર્થમાંથી બહાર નીકળી, આચાર્ય કૌટિલ્ય તેને વ્યાપક અર્થમાં પ્રયોજે છે. અભ્યાસક્રમ અંગેના તેમના ચિંતન પરનાં તારણો પરથી એવો નિષ્કર્ષ પ્રાપ્ત થાય છે કે અભ્યાસક્રમ એવો હોવો જોઈએ જેના દ્વારા વિદ્યાર્થીનો સર્વાંગીણ અને ઊર્ધ્વગામી વિકાસ થાય અને તેમાં અભ્યાસવિષયોની સાથે સાથે મૂલ્યશિક્ષણ અને કલા-કોશલનું શિક્ષણ પણ સમાવિષ્ટ હોવું જોઈએ.

અર્વાચીનયુગમાં જયારે મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે ત્યારે આવા મૂલ્યશિક્ષણની તાતી આવશ્યકતા આજના શિક્ષણવિદોને પણ સમજાઈ છે, અને શિક્ષણમાં મૂલ્યશિક્ષણનો કૌટિલ્યપ્રેરિત વિચાર સ્વીકારાયો છે. તેજ રીતે આજીવિકા-પ્રાપ્તિ માટે વિવિધ કળાઓ અને કૌશલોના શિક્ષણ પર પણ કૌટિલ્યની જેમ જ તેઓ દ્વારા ભાર મૂકાયો છે અને તે માટેની વિવિધ સંસ્થાઓની સ્થાપના પણ કરવામાં આવી છે.

આચાર્ય કૌટિલ્ય શિક્ષણનાં મુખ્ય ત્રણ ધ્યેયો સ્વીકારે છે જ્ઞાનપ્રાપ્તિ, ધનપ્રાપ્તિ અને કૌશલપ્રાપ્તિ. આ માટે તેઓ મુખ્ય ચાર વિદ્યાઓની જરૂર જણાવે છે. તેમાં આન્વીક્ષિકી (સાંખ્ય-દર્શનશાસ્ત્ર, યોગ-ઉપાસનાશાસ્ત્ર, લોકાયત-ચાવાક દર્શન) ત્રયી (ચાર વેદ, વેદાંગો), વાર્તા (કૃષિ, પશુપાલન વગેરે ધનપ્રાપ્તિના વિષયો) તથા દંડનીતિ (કૂટનીતિ અને રાજયશાસ્ત્ર) સમાવિષ્ટ છે.

સ્ત્રીશિક્ષણ માટેના અભ્યાસક્રમમાં કૌટિલ્ય કળા-કૌશલલક્ષી વિષયો સૂચવે છે તેમાં ચોસઠ કળાઓ પૈકીની ગાયન, વાદન, કેશગૂંફન આદિ કળાઓનો નિર્દેશ કરે છે. આ જ કળાઓને તેઓ ગણિકા અને દાસી જેવી વ્યક્તિઓ માટે પણ શીખવવા યોગ્ય જણાવે છે. આ રીતે આચાર્ય કોટિલ્ય જ્ઞાનોપાર્જન અને અર્થોપાર્જન કરાવવામાં સક્ષમ તેમજ કુશળતાલક્ષી વિષયો દ્વારા વ્યક્તિ પોતાના ધ્યેય સુધી પહોંચી શકે તેવો સર્વતોમુખી અભ્યાસક્રમ આપે છે. આ ઉપરાંત, ધાતુશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર જેવા રોજગારલક્ષી શિક્ષણના વિષયોને પણ તેઓ મહત્ત્વ આપે છે. આ રીતે આચાર્ય કૌટિલ્યની અભ્યાસક્રમ વિચારણામાં વ્યવહારવાદી અને આદર્શવાદી વિચારધારાનો સુભગ સમન્વય થયેલો જોવા મળે છે.

૫. 'લેખપત્ર' નું લેખન કોઈપણ સમયમાં અનન્ય મહત્ત્વ ધરાવતું હોઈ, આચાર્ય કૌટિલ્યે કરેલી લેખપત્ર અંગેની ચર્ચા સાંપ્રત સમયમાં પણ એ સમય જેટલી જ મહત્ત્વપૂર્ણ અને લાભદાયી છે. આચાર્ય કૌટિલ્યના 'લેખપત્ર' અંગેના વિચારો પર આધારિત તારણો પરથી ફલિત થાય છે કે તેઓ લેખપત્ર માટે સોદેશ્ય લખાણને જ સ્વીકારે છે. તેમના મતે લખાણ સંપૂર્ણ વિગતપૂર્ણ, લેખકના પ્રયોજનને સુસ્પષ્ટ કરે તેવું, ઉતમ લખાણના ગુણોથી યુક્ત, ભાષાકીય અને વ્યાકરણગત શુદ્ધિવાળું અને લખાણના સંભવિત સર્વ દોષોથી મુક્ત હોવું જોઈએ.

લખાણમાં જો કોઈપણ પ્રકારનો દોષ હોય તો, તે લખાણને તેના ધ્યેય સુધી પહોંચાડવામાં મુશ્કેલી આવે છે. પરિણામે સમય અને શક્તિનો દુવર્ય થાય છે. લખાણના આ સર્વ દોષોથી મુક્ત થવા માટે અર્વાચીનયુગના સામાન્યજનો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, લેખકો અને ભાષાવિદોએ ઉત્તમ લખાણના ગુણો, દોષો તેમજ તેની વિગતો અંગેની માહિતી જાણવી જરૂરી બને છે. આચાર્ય કૌટિલ્યના લેખપત્ર અંગેના આ વિચારો, આજે પણ કોઈપણ લેખકને માર્ગદર્શન પૂરું પાડવા માટે સમર્થ છે.

૬. આચાર્ય કૌટિલ્ય કડક શિસ્તના આગ્રહી છે. તેમના મતે અપરાધીને તેના અપરાધ અનુસાર સજા કરવી જ જોઈએ. ગુનેનાર વ્યક્તિના કુળ કે હોદ્દાને આધારે તેને થયેલી સજામાં ઘટાડો, વધારો કે મુક્તિમાં તેઓ માનતા નથી. શિસ્ત અંગેના તેમના નિર્દેશો પર આધારિત તારણો પરથી એમ કહી શકાય કે તેઓ દંડને જ સુશાસન માટેનું મહત્ત્વનું હથિયાર માને છે. તેમના મતે દંડથી જ રાજા રાષ્ટ્રની અનિષ્ટ પ્રવૃત્તિઓ પર નિયંત્રણ મેળવી, રાષ્ટ્રનો વિકાસ સાધી શકે છે. તેમના મતે કોઈપણ સંસ્થા કે રાજ્યનું સુવ્યવસ્થિત સંચાલન કરવા માટે દંડ જ ઉત્તમ સાધન છે.

વિદ્યાર્થી માટે માનસિક અને શારીરિક, એમ બંને પ્રકારની શિસ્તને આચાર્ય અનિવાર્ય માને છે. વિદ્યાર્થીમાં માનસિક શિસ્ત કેળવાય તે માટે તેઓ ગુરુકુળમાં જે કડક નિયમોની હિમાયત કરે છે તેમાં, બ્રહમચર્ય, ઈન્દ્રિયનિગ્રહ, સ્વાધ્યાય અને ભિક્ષાટન મુખ્ય છે. આ ઉપરાંત ગુરુની સેવા, આજ્ઞાપાલન, ગુરુ પ્રત્યે સમર્પિતતાનો ભાવ તેમજ નમ્રતાને પણ તેઓ મહત્ત્વ આપે

છે. આ નિયમોનું ઉલ્લંઘન થતાં તેમને ઉચિત શિક્ષા કરવાનું પણ તેઓ જણાવે છે. એ જ રીતે શિષ્ય કોઈપણ અપરાધ કરે તો તેને તેના અપરાધ મુજબ સજા અવશ્ય મળવી જોઈએ તેવો સ્પષ્ટ નિર્દેશ આચાર્ય કૌટિલ્ય કરે છે.

૭. વ્યક્તિનો બૌદ્ધિક વિકાસ કરવાની સાથે સાથે વ્યક્તિનો નૈતિક, સામાજિક અને આધ્યાત્મિક વિકાસ કરવાની જવાબદારી શિક્ષણસંસ્થાઓની છે કારણ કે બાળક બાલ્યાવસ્થાથી જ શિક્ષણસંસ્થા સાથે સતત સંપર્કમાં રહે છે. આથી શિક્ષણસંસ્થાઓનું કાર્ય અને સ્વરુપ વિદ્યાર્થીનો સર્વતોગામી વિકાસ કરી શકે તેવું હોવું જોઈએ એમ કૌટિલ્ય માને છે.

શિક્ષણના વ્યવસ્થાપન અંગેના, આચાર્ય કૌટિલ્યના વિચારો આધારિત તારણો પરથી નિષ્કર્ષ નીકળે છે કે તેઓ ગુરુ-શિષ્યના દીર્ઘકાલીન સહવાસ દ્વારા પ્રાપ્ત થતા શિક્ષણને અર્થાત્ ગુરુકુલપ્રથાને સ્વીકારે છે. તેમના મતે અધ્યયન-અધ્યાપન ઉપરાંત ગુરુના સાહચર્ય, અનુકરણ તેમજ સ્વાનુભવથી વિદ્યાર્થીનું નૈતિક, ચારિત્રિક અને સામાજિક ઘડતર થવું જોઈએ, અને આ કાર્ય શિક્ષણસંસ્થાઓનું છે. ઉદાત્તશીલવાળા ગુરુ સાથેનો શિષ્યનો સીધો, અંગત અને સતત સંપર્ક તેનામાં સુટેવોના ઘડતર માટે તેમજ આંતરિક-બાહય વિકાસ માટે પ્રેરણાદાયક બને છે. કુમારાવસ્થાના પરિવર્તનશીલ અને ગ્રહણશીલ કાળમાં વિદ્યાર્થી તેના શિક્ષક પાસેથી જે કાંઈ શીખે છે તે તેના ભાવિ જીવન પર ગાઢ અસર કરે છે.

શિક્ષણસંસ્થાનું વાતાવરણ પણ વિદ્યાર્થીના મન અને અધ્યયનશીલતા પર પરોક્ષ છતાં ખૂબ ઘેરી અસર કરે છે. શિક્ષણસંસ્થાઓ અધ્યયનપ્રેરક વાતાવરણ પૂરું પાડી વિદ્યાર્થીઓને સંસ્થાની રુઢ પરંપરા તથા ગુરુ પ્રત્યે એકરૂપ થવા પ્રેરે તેવી હોવી જોઈએ. ગુરુકુલપ્રથાનું આ સ્વરૂપ કેટલાક અર્વાચીન શિક્ષણચિંતકોની ગુરુકુળની પરિકલ્પનામાં દષ્ટિગત થાય છે. આચાર્ય કૌટિલ્ય શિક્ષણ અંગેની વ્યવસ્થાની સંપૂર્ણ જવાબદારી રાજ્ય અને સમાજ પર નાખે છે, જેમાં આજની શિક્ષણપ્રણાલીનાં બીજ આપણે જોઈ શકીએ છીએ. તેમના મતે શિક્ષક તેમજ શિક્ષણસંસ્થાઓને શકય એટલી આર્થિક મદદ અને અન્ય સવલતો રાજયે પૂરી પાડવી જોઈએ. આમ છતાં, શિક્ષણ કોઈપણ પ્રકારની બાહય દખલથી સંપૂર્ણ મુકત હોય તેવો ખાસ આગ્રહ આચાર્ય રાખે છે.

૮. આચાર્ય કૌટિલ્ય શિક્ષણ શિક્ષણ દ્વારા આદર્શ નાગરિકનું નિર્માણ થાય તેવા શિક્ષણને સ્વીકારે છે. આથી જ તેઓ બૌદ્ધિક વિકાસની સાથે સાથે જ વિદ્યાર્થીના નૈતિક વિકાસ પર પણ ભાર મૂકે છે. તેઓ વિદ્યાર્થીના ચારિત્રિક અને નૈતિક વિકાસને જ, બૌદ્ધિક વિકાસના પાયામાં રહેલો માને છે.

આચાર્ય કૌટિલ્યના મતે વિદ્યાર્થીમાં સેવા, આજ્ઞાપાલન, નમ્રતા તેમજ ગુરુ પ્રત્યે સમર્પિતભાવ વગેરે ગુણો હોવા જોઈએ. વિદ્યાર્થીમાં મૂલ્યોનો વિકાસ થાય તે માટે આચાર્ય વિદ્યાર્થીના જીવનમાં મૂલ્યઘડતર થાય તેવી શિક્ષણવ્યવસ્થા અને અભ્યાસક્રમની હિમાયત કરે છે. વિદ્યાર્થીમાં વિવિધ વિદ્યાઓના અધ્યયન સાથે જ સત્ય, અહિંસા, સદાચાર જેવાં શાશ્વત મૂલ્યો, ધર્મ, નીતિ અને તપ જેવાં ધાર્મિક મૂલ્યો, ઈન્દ્રિયસંયમ, પુરુષાર્થ, ક્ષમા, કર્તવ્યપાલન જેવાં વ્યક્તિગત મૂલ્યો તથા બુદ્ધિ, બળ અને ધન જેવાં કાર્યસાધક મૂલ્યોનો વિકાસ થવો જોઈએ એવો આચાર્ય આગ્રહ રાખે છે. આ મૂલ્યો પ્રત્યેક વ્યક્તિના જીવનમાં સ્વીકારાય તો જ વ્યકિત સમાજ સાથે સમાયોજન સાધી ઉત્તમ જીવન જીવી શકે. મૂલ્યવિચાર દ્વારા આચાર્ય કૌટિલ્યનો હેતુ આદર્શ નાગરિકતા ઘડતરનો છે. આવા આદર્શ નાગરિકો જ સમાજ અને રાષ્ટ્રના ઉત્થાનમાં યથોચિત ફાળો આપી શકે. આ માટેની નૈતિક જવાબદારી શિક્ષણસંસ્થાઓની છે બાલ્યકાળથી વિદ્યાર્થીમાં મૂલ્ય-ઘડતર થાય તો જ ભવિષ્યમાં તે ઉત્તમ નાગરિક બની શકે.

આજે સમાજમાંથી ધીમે ધીમે ઉચ્ચ મૂલ્યોનું મહત્ત્વ ઓછું થઈ રહયું છે. અને તેનું સ્થાન નકારાત્મક મૂલ્યોએ લીધું છે. આ સ્થિતિમાં આજના શિક્ષણચિંતકો શિક્ષણમાં મૂલ્યશિક્ષણના મહત્ત્વને સ્વીકારે છે, જેને આજથી લગભગ ૨૩૦૦ વર્ષ પૂર્વે થઈ ગયેલા આચાર્ય કૌટિલ્યે પોતાના શિક્ષણચિંતનમાં રજૂ કર્યુ હતું એટલું જ નહિ, શિક્ષણમાં તેનો સફળ વિનિયોગ પણ કરી બતાવ્યો હતો.

૯. જ્ઞાનપ્રાપ્તિનો સ્રોત ગુરુ છે. શિક્ષક દ્વારા પ્રાપ્ત થયેલ જ્ઞાનનું વિદ્યાર્થીના વ્યકિતત્વ વિકાસમાં સવિશેષ મહત્ત્વ છે. આચાર્ય કૌટિલ્યની સમગ્ર શિક્ષણ વિચારણા પર આધારિત તારણો પરથી ફલિત થાય છે કે આચાર્ય કૌટિલ્ય સમગ્ર શિક્ષણપ્રક્રિયામાં શિક્ષકને કેન્દ્રસ્થાને મૂકે છે, અને શિક્ષણમાં તેના આધિપત્યનો સ્વીકાર કરે છે. તેમના મતે શિક્ષક વિવિધ શાસ્ત્રોમાં પારંગત, વિદ્વાન, તત્ત્વવેત્તા, ચારિત્ર્યશીલ, વ્યાવસાયિક સજ્જતાયુક્ત, વિનયી પોતાના જ્ઞાનને વિદ્યાર્થીઓમાં સારી રીતે સંક્રમિત કરી શકે તેવો અને પ્રેમાળ હોવો જોઈએ.

શિક્ષકનું મુખ્ય કાર્ય શિક્ષણ આપવાનું છે, એ વાતનો સ્વીકાર કરતાં આચાર્ય કૌટિલ્ય વિષયવસ્તુના અધ્યયન અંગેના નિર્ણયો અને નિયમો નિશ્ચિત કરવાનો અધિકાર એકમાત્ર શિક્ષકને જ આપે છે. શિક્ષક જો પોતાના કાર્યમાં પૂર્ણ સ્વતંત્ર હોય તો પોતાની આત્મસૂઝ દ્વારા સારી રીતે અધ્યાપન કરાવી શકે અને આવા શિક્ષણમાં શિક્ષકની અભિરુચિ સામેલ હોઈ તેનું ઈચ્છિત અને ચોક્કસ પરિણામ પ્રાપ્ત થઈ શકે.

જ્ઞાનપ્રાપ્તિ અને ચારિત્ર્યઘડતર માટે આચાર્ય કૌટિલ્ય શિક્ષકને શિક્ષણનું અપરિહાર્ય અંગ માને છે. તેમના મતે વિદ્યાર્થીએ ગુરુના આધિપત્ય, વિદ્વતા અને બુદ્ધિમત્તાનો આદર કરી તેમની સેવા કરવી જોઈએ તેમજ નમ્રતા અને ગુરુ પ્રત્યે સમર્પિત ભાવ રાખી, ગુરુને પૂજનીય માની વિદ્યાધ્યયન કરવું જોઈએ.

૧૦. શિક્ષણની સમગ્ર પ્રક્રિયામાં શિક્ષક જેટલું જ મહત્ત્વપૂર્ણ, અનિવાર્ય અને જીવંત અંગ વિદ્યાર્થી છે. શિક્ષણની સમગ્ર પ્રક્રિયા વિદ્યાર્થી પર થાય છે. આચાર્ય કૌટિલ્યના વિદ્યાર્થી અંગેના નિર્દેશો પરનાં તારણો પરથી ફલિત થાય છે કે તેઓ વિદ્યાર્થીને શિક્ષકની સરખામણીએ ઓછું મહત્ત્વ આપે છે. આમ છતાં, તેમના સમગ્ર શિક્ષણચિંતન પરથી એમ કહી શકાય કે તેમના શિક્ષણચિંતનમાં વિદ્યાર્થીનું પણ આગવું મહત્ત્વ છે. વિદ્યાર્થીનો આંતરિક-બાહય વિકાસ કરવો એ જ શિક્ષણનું અંતિમ ધ્યેય હોવું જોઈએ એમ તેઓ માને છે. એ અર્થમાં અર્વાચીન શિક્ષણશાસ્ત્રીઓની વિદ્યાર્થી અંગેની વિચારણા સાથે તેમનો વિદ્યાર્થીના સર્વાંગી વિકાસનો મત ખૂબ સામ્ય ધરાવે છે.

આચાર્ય કૌટિલ્ય જ્ઞાનપ્રાપ્તિ માટે વિદ્યાર્થી પાસે નૈતિકતા, નમ્રતા તેમજ જ્ઞાનપ્રાપ્તિમાં અભિરુચિ જેવા ચારિત્રિક ગુણો હોવાનું આવશ્યક માને છે. કારણ કે તેઓ સ્પષ્ટપણે માને છે કે વિદ્યાર્થીના ચારિત્રિક વિકાસ દ્વારા જ તેનો બૌદ્ધિક વિકાસ સંભવી શકે. વિદ્યાર્થી સદ્‌ગુણોથી યુકત હોય અને તેનામાં ગુરુ પ્રત્યે આદર, શ્રદ્ધા અને સમર્પિત ભાવ હોય તો જ ગુરુ દ્વારા શીખવેલ જ્ઞાનને તે સારી રીતે આત્મસાત્ કરી શકે છે. એ દૃષ્ટિએ જોતાં આચાર્ય દ્વારા વિદ્યાર્થીમાં અપેક્ષિત સદ્‌ગુણોનું મહત્ત્વ સમજાય છે. કૌટિલ્યના મતે વિદ્યાર્થીએ શિક્ષણસંસ્થાના સર્વ નિયમો અને શિસ્તનું ચુસ્ત પાલન કરવું જોઈએ, અન્યથા તે વિદ્યાપ્રાપ્તિ માટે અપાત્ર ઠરે છે.

વિદ્યાર્થીમાં સુટેવોના ઘડતર માટે સ્વાધ્યાય, નિત્ય સ્નાન, ભિક્ષાટન, અગ્નિહોત્ર, ગુરુસેવા વગેરે નિયમોના પાલનને આચાર્ય અનિવાર્ય માને છે. આ ઉપરાંત, જ્ઞાનના દ્દઢ અને દીર્ઘકાલીન સ્થાપન માટે તેમજ ઉપયોજન માટે તેઓ વિદ્યાર્થીઓમાં શ્રવણ, મનન, ગ્રહણ, ધારણ, વિજ્ઞાન અને ઊહાપોહમાં વિવકે તેમજ બુદ્ધિ અને તર્ક દ્વારા તેની પ્રાપ્તિ એ સમગ્ર પ્રક્રિયા તેના ઉચિત ક્રમમાં થાય તેમ ઈચ્છે છે. આચાર્ય કૌટિલ્યના જ્ઞાનપ્રાપ્તિ માટેની પ્રક્રિયાના વિચારો મનોવૈજ્ઞાનિક આધાર ધરાવે છે.

૧૧. શિક્ષણની સમગ્ર પ્રક્રિયા ગુરુ-શિષ્ય વચ્ચેની પરસ્પરની આંતરક્રિયા પર અવલંબે છે. આ આંતરક્રિયામાં આત્મીયતાનું પ્રમાણ જેટલું વધુ તેટલું વધુ સારું શિક્ષણકાર્ય થાય છે.

આચાર્ય કૌટિલ્યના શિક્ષક-વિદ્યાર્થી સંબંધ પરના વિચારો આધારિત તારણો પરથી એવો નિષ્કર્ષ નીકળે છે કે શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ પિતા-પુત્રવત્ હોવો જોઈએ. તેમની વચ્ચેનો સંબંધ સીધો, અંગત અને સતત સંપર્કયુકત હોય તો જ, બંને પરસ્પરને સારી રીતે સમજી શકે અને આ પારસ્પરિક સમજ જ જ્ઞાનપ્રાપ્તિમાં પરોક્ષ રીતે મદદરૂપ બને છે. ઉભય પરસ્પરના હદયની નજીક હોય તો જ તેમની વચ્ચે મધુર, લાગણીપૂર્ણ અને સહાનુભૂતિપૂર્ણ સંબંધ વિકસી શકે. આચાર્યના મતે શિક્ષક વિદ્યાથી પ્રત્યે વત્સલ અને પ્રેમાળ હોવો જોઈએ તો સામે પક્ષે તેઓ એવી પણ અપેક્ષા રાખે છે કે વિદ્યાર્થી પણ ગુરુ પ્રત્યે માન, આદર અને પૂજયભાવથી યુકત હોવો જોઈએ. ગુરુ-શિષ્ય વચ્ચેના આવા લાગણીપૂર્ણ સંબંધો હોય તો જ શિક્ષણનો સ્તર ઊંચો આવી શકે, અને શિક્ષણ તેનાં લક્ષિત ધ્યેયોને સિદ્ધ કરી શકે, જેના ફલસ્વરૂપ શિક્ષક અને વિદ્યાર્થી બંનેનો વિકાસ પણ થઈ શકે. આચાર્ય કૌટિલ્ય શિક્ષણના આવા ધ્યેયને જ તાકે છે.

૧૨. રાજાએ પોતાના જ્ઞાન, આવડત અને કુશળતાઓથી રાજયનું સુસંચાલન કરવાનું છે. રાજા રાજ્યનો સ્વામી હોવા ઉપરાંત એક માણસ પણ છે અને તેથી તેનામાં એક મનુષ્યે પ્રાપ્ત કરવાના બધા સદ્‌ગુણો ઉપરાંત કંઈક વિશેષ ગુણો પણ હોય તે જરૂરી છે.

આચાર્ય કૌટિલ્યના રાજાના ધર્મો અંગેના વિચારો આધારિત તારણો પરથી ફલિત થાય છે કે રાજાએ રાજકાર્ય અને પ્રજાપાલન સિવાય પ્રજા સમક્ષ એક આદર્શ મનુષ્ય તરીકેનો આદર્શ પણ પૂરો પાડવાનો છે. આચાર્ય કૌટિલ્ય શિક્ષણ દ્વારા આવા રાજાના નિર્માણને ઈચ્છે છે

તેમના મતે રાજા આન્વીક્ષિકી, વાર્તા, ત્રયી એન દંડનીતિ ઉપરાંત અન્ય વિદ્યાઓ અને કળાઓમાં પણ નિપુણ હોવો જોઈએ. આ સાથે તેનામાં આંતરિક સદ્ગુણો જેવા કે ઈન્દ્રિયસંયમ, ક્ષમા, સદાચાર, ઉત્સાહ, ઉદ્યોગશીલતા, કૃતજ્ઞતા અને દક્ષતા વગેરે પણ હોવા જોઈએ. આ સદ્ગુણો દ્વારા તેનો નૈતિક વિકાસ થાય છે. અને તે સુયોગ્ય રીતે પ્રજાપાલન કરવા સમર્થ બને છે. ધાર્મિક, સત્યપ્રિય અને વિદ્યાપ્રિય રાજા જ તેના આંતરિક સદ્ગુણો અને ઉચ્ચ ચારિત્રિક ગુણો દ્વારા પ્રજાનો આદર અને સન્માન પ્રાપ્ત કરી શકે છે. રાજા પોતાના શાસ્ત્રજ્ઞાનનો અને બુદ્ધિપ્રતિભાનો પ્રજારક્ષણ અને રાજયસંચાલનમાં વિનિયોગ કરી શકે તેવો ક્ષમતાયુકત હોય, અને આવો ઋષિગુણસંપન્ન રાજા જ આચાર્ય કૌટિલ્યને અપેક્ષિત છે.

આજથી લગભગ ૨૩૦૦ વર્ષ પૂર્વે રજૂ થયેલા કૌટિલ્યના આ વિચારોનો પ્રચાર-પ્રસાર અને પ્રયોગીકરણ આજના પ્રાયઃ દિશાશૂન્ય શિક્ષણ જગતને માર્ગદર્શન આપવાનું પૂરું સામર્થ્ય ધરાવે છે. શિક્ષકનું કાર્ય વર્ગખંડની ચાર દીવાલોમાં વિદ્યાર્થીઓને પુસ્તકિયું જ્ઞાન આપવાનું જ નથી, પણ જરુર પડયે દેશની સંસ્કૃતિના સંરક્ષણ માટે આત્મત્યાગી શિષ્યો તૈયાર કરવાનું પણ છે એવું દિશાસૂચન એમાંથી પ્રાપ્ત થાય છે. શિક્ષણ જીવનલક્ષી અને સમાજાભિમુખ હોય તો કેવી ક્રાંતિ સર્જી શકે છે, તેના પાઠ અહીં શીખવા મળે છે. વિદ્યાર્થીનો શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસ કરવાની ક્ષમતા આજે પણ આ વિચારોમાં છે. શિક્ષક-વિદ્યાર્થીની આચારસંહિતા તેમજ શિક્ષણપદ્ધતિ અંગેનું સુંદર દિગ્દર્શન અહીં પ્રાપ્ત થાય છે. કૌટિલ્યસૂચિત શિક્ષણ-વ્યવસ્થામાં સૌથી નોંધપાત્ર બાબત એ છે કે તેમાં રાજય અથવા સમાજના શિરે શિક્ષણની સમગ્ર જવાબદારી હોવા છતાં, શિક્ષણક્ષેત્રે કોઈની કશીયે દખલગીરીનો પૂર્ણતયા અભાવ હતો. શિક્ષણનું ક્ષેત્ર સંપૂર્ણ મુકત હતું, જે આજના શિક્ષણ સંચાલકો માટે અનુકરણીય અને દિશાપ્રેરક બાબત છે. આવી શિક્ષણ વ્યવસ્થા જ કૌટિલ્ય જેવા મહાન આચાર્ય અને ચંદ્રગુપ્ત જેવા આદર્શ શિષ્યો આપી શકે, જેની ભારત દેશને આજે તાતી જરૂર છે.

**(ડી-૧૦, નીલકંઠ બંગલોઝ, નાના બજાર,
વલ્લભ વિદ્યાનગર ૩૮૮૧૨૦ ફોન. ૦૨૬૯૨-૨૩૯૪૬૪)**

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

॥ સમીક્ષા ॥

## કળાકારના આંતરજગતની પ્રેરણાદાયી સંઘર્ષ કથા

### સિલાસ પટેલિયા

'A Brush with Life: Satish Gujaral: An Autobiography' આ શીર્ષક અંતર્ગત સતીષ ગુજરાલે આત્મકથા લખી છે. આ ગ્રંથની પ્રસ્તાવના પ્રસિદ્ધ લેખક ખુશવંતસિંહે લખી છે. ખુશવંતસિંહ ગુજરાલ વિશે લખે છે : 'Satish Gujaral is the most outstanding man I have met in my life' (p.6). આઠ વર્ષની વયે જે માણસના જીવનમાં બહેરાશ આવી, એણે કેવી રીતે જીવનનો વિકાસ કર્યો એની આ કથા છે. આ એક ચિત્રકારના કારમા સંઘર્ષની કથા છે. કોઈપણ જાતની ડિગ્રી, યા તાલીમ વિના એમણે જાહેર અને અંગત મકાનોની ડિઝાઈન કરી છે. નવી દિલ્હીના Beligian Embassy પણ એમાં આવી જાય. વ્યક્તિગત હિમ્મત અને સંઘર્ષમાં ટકવાની શક્તિ દાખવીને આ માણસે દેશ-દુનિયામાં ઉત્તમ ઉદાહરણ રચ્યું છે. માટે જ ખુશવંતસિંહે એમના માટે યથાર્થ લખ્યું : 'What faith Wills, fate fulfils' (ઃ૦૯) આ આત્મકથાનાં પ્રકરણોમાંથી પસાર થતાં સાચે જ રોમાંચિત થઈ જવાય છે. થોડાં પ્રકરણોની સંક્ષેપમાં વાત કરીએ.

'Jeelum: Childhood year' આ પ્રકરણમાં બચપણના સંસ્મરણોની સરવાણી છે. લેખકનો જન્મ હાલ જે પાકિસ્તાનમાં છે એ Jhelum માં થયો હતો. ૧૯૨૫ની સાલ, ક્રિસ્મસનો દિવસ માતાપિતા, એ જમાનામાં નવા વિચારોને વધાવનારાંઓમાં અગ્રેસર રહેતાં. પિતા રાજકીય રંગે રંગાયેલા વકીલ હતા. પાશ્ચાત્યઢબ અપનાવી હતી. અન્ય કુટુબોથી કંઈક અલગ લાગે એવું ઘરનું વાતાવરણ. આવા વાતાવરણમાં ઉછેર થયો. બચપણમાં જે કરુણ ઘટના ઘટી એનું બયાન 'The Descet of Silence' પ્રકરણમાં છે. એ દિવસની સવાર, આમાં જે વર્ણન થયું છે, એ હૃદયદ્રાવક છે. સતીષ નોંધે છે કે મને થયું રોજ સવારે જે અવાજો સાંભળતો હતો, એ આજે નથી સંભળાતા. મા હલાવે છે, ઊઠાડવાની કોશિશ કરે છે ત્યાં લાગી અવાજોનો અણસારેય આવતો જ નથી. થાય છે સ્વપ્ન યા દુઃસ્વપ્ન છે આ ? માને અને પોતાને ય થાય છે કે આ કંઈક વિચિત્ર અનુભવ તો છે જ. ભય સાચો પડે છે. મોઢું ખોલે છે અવાજ કરે છે પરંતુ અવાજ સંભળાતો નથી. મા બોલાવે છે. પણ પ્રતિસાદ દઈ શકતો નથી. એ જોરથી હલાવે છે. બૂમો પાડે છે. માનું આ વર્તન જ માત્ર જોઈ શકાય છે. પરંતુ જવાબ નથી આપી શકાતો. આ કરુણ દૃશ્ય મા માટે અસહય છે. એ પછી પિતા પાસે આવે છે. બેસે છે. ત્રણવાર કાનમાં બૂમો પાડે છે કશો જ પ્રતિભાવ મળતો નથી. ડોકટર પાસે લઈ જાય છે. નિદાન સાચું નીકળે છે. એ વેળા પિતાની ચિંતા અને પુત્ર માટે થઈ રહેલી વેદના બાળક સતીષ જુએ છે અને એ અંદરથી હલી જાય છે. પિતાએ ચૂપચાપ આ યાતનાને હૈયામાં ધરબી દીધી. માની વેદનાને વ્યકત કરતા લેખક લખે છે : એ રડતી. આમ દિવસો લગી ચાલ્યુ. આમ છતાં હું એને રડતાં સાંભળી ના શકયો. ફકત એનાં આંસુઓને જ જોઈ શકયો. એ પછી અવાજ વિનાની દુનિયા બની ગઈ. જોવું જ મહત્વનું બની ગયું. કોઈ મૂંગી ફિલ્મ જોતા હોય, એવું એમને લાગવા માંડયું. અવાજ સાંભળવાની અસમર્થતાને કારણે એમને લાગતું કે પોતાનું અસ્તિત્વ પ્રમાણી શકાતું નથી. પોતે રંગ અને અતિવાસ્તવની સૃષ્ટિમાં હોય એવું લાગતું. આવી સ્થિતિમાં માતાપિતા પછી એમને ભાઈ ઈન્દર, રાજ તથા પિતરાઈ ભાઈ ઓન્કારનો ખૂબ સાથસહકાર મળે છે. અવાજ વિનાની દુનિયામાં જે એકલવાયાપણાનો ટાપુ રચાયો હતો, એમાં આ સ્વજનો માર્ગદર્શક પૂરવાર થયાં, લેખકે એમના વિશે ઉમળકાથી સંસ્મરણો લખ્યાં છે. રાજ વિશેનું એક સ્મરણ ભાવકના હૈયાને દ્રવિત કરી દે એવું છે. અમૃતસરમાં મા કોઈ સંબંધીના ઘરે લગ્ન પ્રસંગે ગઈ હતી. મિત્રો સાથે રાજ જમ્બુરી નદીમાં નહાવા ગયો. ડૂબી ગયો. એનો મૃતદેહ ચાર દહાડે મળ્યો. લાચાર પિતાના ચહેરા પરના ભાવો અને માની વ્યથાથી લેખક હલી ગયા, કહે છે કે એ કરુણ ઘટના અને એના આ પ્રત્યાઘાતો દિવસો, મહિનાઓ, વર્ષો લગી મારા મનમાં ઘર ઘાલીને રહ્યાં તે રહ્યાં જ.

શાળાજીવનનાં સ્મરણો ય ખૂબ જ સુંદર રીતે રજૂ થયાં છે. ઘર બહારની દુનિયાએ એમના ઘડતરમાં મોટો ભાગ ભજવ્યો. દિલ્હીની બહેરા-મૂંગાની શાળામાં જોડાયા. લાહોરની શાળામાં રહ્યા. આ શાળાઓ અંગે માની ચિંતા જુદી હતી, એ માનતી કે શારીરિક-માનસિક રીતે જે બાળકો અપંગ છે, એમના માટે આવી શાળાઓ બરાબર છે. દીકરો દૂર જાય, એ પણ માને માટે પીડાજન્ય બાબત હતી. છતાં પુત્રના વિકાસ માટે એ બધું જ કરે છે. ૧૩ વર્ષની વયે સતીષ લાહોરની મેયો સ્કૂલ ઓફ આર્ટમાં જોડાય છે. પિતા દર અઠવાડિયે આવે છે સાથે રહે છે. પ્રથમવાર અહીં નોર્મલ માણસ લેખે સ્વીકાર થયો. આ શાળામાં જ ભાવિજીવન માટેના આત્મવિશ્વાસનાં મૂળ નંખાયાં. પોતાનાથી છ વર્ષ મોટાભાઈ ઈન્દર સાથે આ વર્ષોમાં જ ગાઢ મૈત્રી જામી, ‘બોમ્બે’ પ્રકરણમાં લાહોરથી મુંબઈ આવવાની ઘટના છે. સતીષના મનમાં શાંતિનિકેતન

હતું પણ ત્યાં જવાનું શક્ય ના બન્યું. JJ School of Art માં જોડાયા. માએ અને ભાઈ ઈન્દરે ખૂબ જ જહેમત ઊઠાવી. માએ પ્રાણનાથ મેગો નામના વિદ્યાર્થીનો સંપર્ક કરાવી આપ્યો, એ ઉર્દૂ જાણતો હતો. ઈન્દરના મિત્રો મુંબઈમાં હતા અને નામાંકિત હતા જેવા કે ક્રિશનચંદર, રાજેન્દ્રબેદી, સરદાર જાફરી, સાહિર લુધિયાનવી આદિ, આ બધાને કારણે ઘણી સરળતા થઈ ગઈ. આ સ્થળ સતીષના જીવનમાં અગત્યની ભૂમિકા ભજવનારું બની રહ્યું કે.કે. હબ્બર, શિવાક ચાવડા, એન.એસ.બેન્દ્રે જેવા ચિત્રકારો અહીં સાથે હતા. વળી, પ્રાણમેગો, હરિકૃષ્ણ લાલ, લક્ષ્મણ પૈ, રાઝા, જહાંગીર સબાવાલા પણ ભણવામાં સાથે હતા, જે આગળ જતાં વિખ્યાત બન્યા. અહીં જ પિલુ મોદીનો પરિચય થયો, એમના વડે જ ઝુલ્ફીકાર અલી ભુટ્ટો સાથે પરિચય થયો. આર્કિટેકને કારણે પીલુ સાથે સંબંધ તો થયો પણ પિલુને વિશેષ રસ રાજકારણમાં હતો. સતીષની કલમે અહીં મૈત્રીનું સ્મરણ જુદી રીતે રજૂ થયું છે. આમ, આ અભ્યાસકાળ મિત્રોની સંગતને કારણે ખૂબ જ સમૃદ્ધ બની રહ્યો. ભાવિજીવનનો અહીં જાણે પાયો નંખાયો યા પાયો મજબૂત બનતો ગયો. Partition પ્રકરણમાં ભારત-પાકિસ્તાનના ભાગલાની ઘટના છે. બોમ્બે છોડયા પછી ૧૯૪૬માં લાહોરમાં ગ્રાફિક સ્ટુડિયો એમણે શરૂ કર્યો હતો. પિતાનો પુષ્કળ સહ્યોગ હતો. એમની કમાણી આમાં રોકી હતી. આ સંઘર્ષનો ગાળો તો હતો જ, આ ભાગલાનો ય સમયગાળો હતો. આથી સતીષનું હૃદય ભારે વ્યથિત હતું. સ્ટુડિયોમાં બેઠાં બેઠાં એમણે જે અનુભવ્યું, એનું એમણે કરેલું વર્ણન મર્મસ્પર્શી છે. લખે છે : ગ્રાહકોને આવકારવાને બદલે સ્ટુડિયોમાં બેસી રહેતો. જોયા જ કરતો. ટાંગાઓમાં બેગો અને પટારાઓ ખડકીને, એમાં બેસી, હિન્દુ અને શીખ કુટુંબો સ્ટેશન ભણી જતાં. આ લાઈન અનંત લાગતી ....... આ કારમો અનુભવ જ પછી સર્જન ભણી વાળે છે સીમલા પ્રકરણમાં ભાગલાનાં જે ચિત્રો છે એનું પરિબળ આ વેદનગર્ભ અનુભવયાત્રા જ છે.

Mexico પ્રકરણમાં ત્યાંના સ્મરણો તો છે જ, સાથે સાથે ત્યાં મિત્ર ચાલર્સ ફેબરી અને એની ભારતીય પત્ની રત્નાનાં સ્મરણો પણ છે. એમની સહાયથી તેઓ ત્યાં ગયા હતા. બંનેના દામ્પત્ય જીવનની પીડા તથા ચાલર્સના મરણની અંતિમ પળોની ઝલક હૃદયદ્રાવક છે. આ પ્રકરણમાં એક સ્મરણ અમીટ છાપ જન્માવનારું છે. ૧૯૫૩ માં Frida Kahlo Lkwt yuf Solo Exhibition સતીષે જોયું હતું. સાત વર્ષની વયે Frida ને પોલિયો થયો હતો. જીવનભર એ હોસ્પિટલની અંદર બહાર રહી. એ હંગેરિયન ફોટોગ્રાફર અને ચિત્રકારની પુત્રી હતી. વિદ્યાર્થી અવસ્થામાં જ, એના જીવનમાં વિખ્યાતર કળાકાર Diego Rivera નું મહત્ત્વનું સ્થાન દૃઢ થયું હતું. મેકસિકન કળાકારો અંગે એ કામ કરતી હતી. ૧૯૫૪ માં એની સાથે મુલાકાત થઈ હતી. એનાં ચિત્રોમાં એની શારીરિક-માનસિક યાતનાનું ચિત્રણ થયું છે. એ એક કમ્યુનિસ્ટ કળાકાર હતી. લાંબી યાતનાએ એને અધ્યાત્મ ભણી વાળી હતી. લેખક એને મળ્યા ત્યારે એ પથારીવશ હતી. તાજેતરમાં જ એના શરીર પર વાઢકાપ થઈ હતી છતાં એ દોરવાના કામમાં મગ્ન જ હતી. એણે ઉપનિષદ વિશે વાતો કરી. દરેક મુલાકાતે એ લેખકને વિવિધ ભેટોથી નવાજતી. લેખક કહે છે કે ઘણીવાર હું જાઉં ત્યારે ત્યાં Diego Rivera ને બેઠેલો જોતો. આમ તો એ અલગ રહેતો હતો. મારી સાથેનો Frida નો સ્નેહભાવ એ જાણતો જ હતો. તેથી જ Frida ના મૃત્યુ સમયે જે થોડાક એના કોફીન સાથે હતા, એમાં હું યે હતો. આવું જ એક સ્મરણ Ruth Reves નામની અમેરિકન કન્યા સાથેની ગાઢ મૈત્રીનું છે. એ થિયેટરની સ્ટુડન્ટ હતી. ૧૯૫૪માં મુલાકાત થઈ હતી. ન્યૂયોર્ક તથા મેકસિકોના વસવાટ દરમિયાન એની સાથે ગાળેલા સુખદ દિવસોનું આલેખન અને છલ્લે એનું કરુણ અવસાનનું વર્ણન સાચે જ પ્રભાવક થયું છે.

New Delhi પ્રકરણમાં મિત્રોનાં સ્મરણો છે બળવંત ગાર્ગી, મુલ્કરાજ આનંદ, નેહરું, ઈન્દિરા ગાંધી આદિ સાથેની મૈત્રી તથા મુલાકાતની વાતો અહીં છે. નહેરુના સંવેદનશીલ હૈયાની વાતો રસપ્રદ બની છે. ચિત્રકારની આંખ અહીં પ્રગટ થઈ છે. ૧૯૫૫ થી ૧૯૫૭ નો આ ગાળો છે. અહીં જ એક પ્રદર્શન દરમિયાન ભાવિપત્ની કિરણ રામનાથ સાથે પરિચય થયો. ૨૮ જૂન ૧૯૫૭ લગ્નની તારીખ નકકી થઈ ગઈ. એ પ્રસંગ માર્મિક છે. આખું ઘર શુભપ્રસંગમાં મગ્ન છે પરંતુ સતીષ વ્યથિત છે. કિરણને પોતે શું આપી શકશે ? કેવું હશે ભાવિ ? એ ચિંતિત છે. આવી એમની મનઃ સ્થિતિ છે એ વેળા ભાઈ ઈન્દર પાસે આવે છે. મનોમન મન વાંચી લે છે. હાથમાં હાથ લઈને બેસે છે. ઉષ્માથી જાણે એની યાતનાને બળ આપે છે. સતીષ અનુભવે છે કે એનો પ્રબળતમ સ્નેહભર્યો આત્મવિશ્વાસ મારામાં વહેવા લાગ્યો. એ શાંત સ્થિતિમાં એક જાદુ આવી ગયો. નવું જ બળ મળ્યું આ પ્રસંગ મનને અડી જાય છે. બે ભાઈઓમાં, હૃદયની કેવી તદ્રુપતા હતી, એનું આમાં નિદર્શન છે. જે વાચકના દિલમાં એક જુદી જ છાપ છોડે છે.

Yoyages પ્રકરણમાં સાહિત્યકારો જેવા કે ગાલિબ, ડો. ઝાકિર હુસૈન, ફૈઝ અહમદ ફૈઝ આદિના સાહિત્યમાં કેમ રસ પડયો એની રસાળ વાતો છે. એ પણ અહીં જોઈ શકાય છે. બચપણના વાચન સંસ્કારની પણ અહીં વાતો છે અહીં અંધ લેખક વેદ મહેતાની વાત નોંધી છે. ન્યૂયોર્કના પોતાના એક પ્રદર્શનમાં ભેટો થયો હતો. એનું નાનકડું શબ્દચિત્ર યાદગાર છે. વેદ મહેતા સાથે પોતાની સરખામણી કરવાનું એમને મન થાય છે. એને માટેનાં કારણોય આપે છે કહે છે કે બંનેએ પોતાની ભારે નબળાઈ પર વિજય મેળવ્યો છે. એક પાસે આંખ નથી, બીજા પાસે અવાજ સાંભળવાની શક્તિ નથી, છતાં સામાન્ય માણસ જુએ, સાંભળે અને જીવે, એનાથી વિશેષ સિદ્ધ કરીને જીવનને ધન્ય બનાવ્યું છે. અહીં એમ.એફ. હુસૈન સાથેની મૈત્રીનાં સ્મરણો પણ છે.

World crafts meet at Lima in peruમાં ૧૯૬૮માં સતીષ ગયા હતા. મ્યૂરલ (Mural) અને Sculpture માં વિશેષ રસ. ત્યાં જે જોયું અને અનુભવો થયા એનાથી એમની કળાને નવો વળાંક મળ્યો. બળેલા લાકડાનો ઉપયોગ, Paper collage તથા Metalwork આદિના પ્રયોગોમાં આ પ્રવાસ એક પરિબળ ગણી શકાય. આ બધામાં એ કાર્યરત રહ્યા, છતાં અખતરા પછી વળી નવી દિશા, આમ સતત વર્ધમાન કળાકાર. કહે છે : The Urge to create is Universal' સતત પ્રયોગખોરી અને પ્રવાસના અનુભવોએ એમનામાં રહેલા કળાકારને જીવતો અને વિકાસ પામતો રાખ્યો છે. Murals Painting કરતાં કરતાં અનેક દિશાઓ ખુલી. આર્કિટેકચરની ડિગ્રી વિના જ એ ક્ષેત્રમાં આગળ વધતા રહ્યા, એમાં ધગશ તથા એસ્થેટિકસેન્સનો ફાળો જ અગત્યનો બની રહ્યો. કળાકીય પ્રયોગો જ એમને વિશ્વ સાથે જોડે છે. ૧૯૭૪ માં ઈરાનમાં ગયા. પોતાની કળાશકિતનો લાભ આપ્યો. બંને દેશની કળાનો સમન્વય પણ અંતે તો કળાકારને માટે લાભદાયી જ હોય છે ને ! પ્રવાસ અને અનુભવોની સંપત્તિથી તેઓ સમૃદ્ધ બન્યા. આ સંપત્તિવાન અનુભવ જ એમને કળાના અનેક પડકારો સામે ટકાવી રાખે છે. ઉદયપુરની હોટલનું ઘડતર-ચણતર હોય કે Belgian embassy નું ભગીરથ કામ હોય, એ સતત વિકસતા રહ્યા છે. કામ અને શરીરની નાજુક સ્થિતિ- બંને વચ્ચેના જંગમાં જીત્યા જ છે. આ જંગમાં પુત્ર મોહિત સાથે રહ્યો, એનો એમને આનંદ છે. મોહિત પોતે આર્કિટેકચરનું એ વેળા ભણતો હતો. પિતા-પુત્ર વચ્ચેનો સ્નેહસમજ નીતરતો હૂંફાળો સંબંધ પણ અહીં જે રીતે શબ્દસ્થ થયો છે, એ રસાદ્ર છે. તેઓ માને છે કે ........An uncreative life is a life gone to waste' તેથી જ સંતાનોને વારસામાં 'The gift of creativity' આપવામાં ધન્યતા અનુભવે છે. પુત્ર અને બે પુત્રીઓ સાથેનાં સંસ્મરણો પણ રળિયામણાં બન્યાં છે.

આમ, એક ચિત્રકારની આ આંતરબાહય કળાયાત્રા, જીવનવિકાસની યાત્રા પણ છે જે કોઈપણ માનવી માટે, ભાવકવાચક માટે ખૂબ જ પ્રેરણાદાયી બની રહે એવું સત્ત્વ ધરાવે છે.

**સંદર્ભ :**

A brush with life: Satish Gujaral: An Autobiography, Penguin Books India Ltd., 210 Chiranjiv Tower, New Delhi, 1997, pp: 265, Rs.695

(૨૦૧, સેફોન કલાસિક, એસબીએસ કોલોની, ડિલક્ષ ચાર રસ્તા,
નિઝામપુરા, વડોદરા-૩૯૦૦૦૨ મો: ૯૩૭૭૨૬૬૮૨૮)

|| Review ||

# Reflections of an Educationist

**Sulbha Natraj**

**(MARA VICHARO by Dr. C.L. Patel, Publisher: CVM's CERLIP, Vallabh Vidyanagar 388120, April 2015, Rs. 200 pp.192 + X)**

Written in Gujarati, the author's mother tongue in the form of the Chairman's message for the magazine 'V' (for Vallabh Vidyanagar), the book 'Mara Vicharo' (My Thoughts or Reflections) is a bouquet of myriad thoughts on diverse themes. Bearing the title, From the Chairman's Desk in the magazine, these are indeed reflections of an engineer turned academic administrator/ manager who has carved a niche for himself and the Charutar Vidya Mandal (CVM), an eminent educational Trust. The articles spread over 192 pages are Dr. C L Patel's own independent thoughts expressed in a fearless, forthright and clear manner.

Published between January, 2010 and April, 2015 these articles bear themes and thoughts that are rich, diverse, varied, serious social and ethical issues. There are in-depth discussions on trends and quality in education, society and polity. There is concern for quality of life in general and of life of the youth in particular. A strong case has been made to protect the cow, as well. Significance of the cow in our life, how she is truly the mother of the humanity, has been elaborated at length (Pages 70 to 77). To those with a utilitarian eye, there are articles on Ayurved and medicinal plants found ubiquitously. Discussion on environment protection is very useful as initial reading for projects on environmental awareness and protection. How commonly found plants such as Tulsi (Basil plant), Limdo (Neem tree) are useful has been discussed in detail (p. 105 to 109). Other themes include social work, trusteeship, economics, democracy, government, role of the opposition party in the government, unemployment among the youth, corruption, jan aandolan or civic revolutions, accidents, values such as tolerance, service and other contemporary topics. Concern for life is reflected on discussions on themes such as accidents on the road, rail, places of pilgrimage, need for secularism and respect for all religions, responsibility of masses in a democracy, callous attitude of the government in general and the traffic police in particular.

Education is seen as a holy field and teaching a pious duty. Late Charotar Ratn Shri Vitthalbhai Patel, the author's Guru, has been interviewed. Both the interviewer (Dr. C LPatel) and the interviewee (Shri Vitthalbai Patel) are Charotar Ratn Awardees. In the full-length interview there is discussion on dearth of quality in education and erosion of values in the society today. Although happy about the growth of the township, the duo seems to agree that it is easier to realize our tangible goals than the intangible goals normally expressed in terms of values rather than actual goods or services.

Some articles in the book provide a historical perspective on the establishment and development of Vallabh Vidyanagar. In fact, penned by someone who has been a witness to the entire journey of Vallabh Vidyanagar since its foundation, these articles are highly reliable, therefore valuable, as first hand sources of information. The book is an academic-administrative trajectory of Dr. C. L. Patel since he joined the CVM. The document provides a brief history of CVM institutions, acquisition of land for establishing new institutions, creation of a whole new township called New Vallabh Vidyanagar, the conception and rationale for establishing each new institution, progress and the challenges faced so far in sustaining quality of education imparted at these institutions, celebration of the Golden Jubilee year of CVM in 1996, etc. The vision of the Chairman is to recreate ancient Indian universities such as Nalanda and Takshshila and also borrow the best practices of modern Western universities. He seems to say, "Aano bhadraha kratavo yantu vishwtah", i.e. 'Let noble thoughts come to us from all sides'.

The author of the book has also taken care to acknowledge his predecessors at the CVM and their contribution to the development of Vallabh Vidyanagar. This indeed is very useful information for the new comers to the town as well as to the posterity.

The book mirrors righteousness in

conduct, sincerity and passion towards one's duties, readiness to accept the onus for societal wellbeing and angst against rampant corruption and loss of ethics prevalent in the society. In fact, there are both fury and agony over the state of affairs in the educational system. A warning is sounded about how enmity and envy of groups and individuals can cause harm to the university system. Challenges faced in managing quality institutions are major illustrations in this respect. Running quality self-financing educational institutions (SFIs) is a real gauntlet these days. Establishing SFIs and sustaining their quality can be a real uphill climb especially when donors back out after promising to help. Challenges, promises, priorities and demands of the globalised world of the 21st c also have found place in the articles. Specific challenges slated in the articles are repairs and maintenance of old buildings in the absence of any financial aid from the government, retaining qualified, senior faculty members in the face of rising pay-packages, student and parent unrest owing to raise in tuition fees, attempts to create a climate that is congenial for learning even when there is unfair competition from outside sources by dubious means, etc. There is also an expression of indebtedness to all those who've lent their helping hand generously and humility to accept that he has learnt a lot from juniors, secretaries, academicians. However, the largest part of indebtedness is explicitly expressed towards Param Poojya Pramukhswami Maharaj but for whose blessings, the author of the book believes, nothing of any worth could have been achieved by him.

The wealth of thoughts on numerous issues and areas and concern for the young generation and the society in general, too are reflected in the writing. The articles provide moments and materials for introspection. They are an indication of sincerity, concern, commitment, conviction, passion to empower the society with values, encourage the young to imbibe values. There is a great influence of Sardar, the Iron Man of India, on Dr C L Patel's life and writing. It is visible through the frequent quotes from Sardar's life and works: "Our aim is not to produce helpless job-seekers but youth of sterling quality who have a strong character and can contribute to the welfare of the nation." While bestowing the title of 'rishi', that is a knowledgeable ascetic on teachers, they are also reminded of their duties. Challenging the teaching fraternity, reverend Pandurang Athawaleji has been quoted, "Let's take an oath to mould character of the youth along with imparting to them formal education". Param Poojya Pramukhswami Maharaj has been quoted saying, "Children are preservers of our culture. Protect them. Take good care of them. Time spent for them is time invested for bright and safe future. Be conscious to give to children these three things: Sanskar, education and health". The author, apart from being the Chairman of the largest educational Trust in Gujarat, has also been a philanthropist in that he and his family have been major contributors to the funds donated to the Charutar Vidya Mandal. Care has been taken to acknowledge the predecessors at the CVM and their contribution to the development of Vallabh Vidyanagar. This information about the genesis and development of Vallabh Vidyanagar is indeed very useful for the new comers to the town, as well as to the posterity.

There is a great deal of angst against corruption and myopic decisions of the various agencies permitting corruption on the sly. The case in point is UGC's sanction for 80 students for each division which is further enhanced to 90, 120, 130 students. Are the students expected to really attend classes where in the classrooms can accommodate only 60-80 people?

Writing is an invaluable skill. Thinking and writing are inextricably intertwined. The columnist, Walter Lippmann, when asked about his thoughts on a particular topic is said to have replied, "I don't know what I think on that one. I haven't written about it yet." Skills like writing, once very popular and highly respected, are in steep decline these days. From this perspective, this book can serve as a source of inspiration for all involved in education. Guidance, direction and help in planning a course of action are available through these articles for the youth and those who care to understand and follow the same.

Being a member of the CVM fraternity, it's been a matter of pleasure for me to review the articles authored by the visionary engineer-turned-educational leader offering lots of useful lessons for the posterity.

(Principal, Waymade College of Education,
Vallabh Vidyanagar-388120 Phone:- 02692-230050)

॥ રમન્તે તત્ર દેવતા ॥

## સ્મૃતિકાળમાં વધૂપસંદગી

પારુલટીના દોશી

**કુલજાં સુમુખી સ્વાંગી સુવાસાં ય મનોહરામ।**
**સુનેત્રાં સુભગાં કન્યાં નિરીક્ષ્ય વચ્ચેદ્ બુધ : ॥**

અર્થાત્ જે ઉત્તમ કુળમાં જન્મી હોય, સુંદર જેનું મુખડું હોય, સૌષ્ઠવપૂર્ણ અંગો હોય, સુંદર વસ્ત્રો ધારણ કરતી હોય, મનોહર હોય, આકર્ષક નેત્રોવાળી હોય, રૂપવતી અને સુંદર સ્વરુપવાળી હોય તથા ભાગ્યશાળી હોય એવી કન્યા સાથે વિવાદ કરવા જોઈએ ![૧]

લઘુ આશ્વલાયન સ્મૃતિના આ શ્લોક પરથી એ કાળની કન્યાપસંદગીના માપદંડનો અંદાજ મળે છે. અન્ય સ્મૃતિઓમાં પણ કન્યાની પસંદગી અંગેના ધારાધોરણો નિર્ધારિત કરાયાં છે. મનુએ એવું સૂચન કર્યું છે કે પોતાના વર્ણની, ઉત્તમ લક્ષણવાળી[૨], જે માતૃપક્ષે સપિંડી ન હોય તથા પિતૃપક્ષે સગોત્રી ન હોય તે કન્યા પત્નીના ધર્મકાર્યો તેમ જ પ્રજોત્પાદન માટે શ્રેષ્ઠ ગણાય છે.[૩] કન્યાનાં લક્ષણો વર્ણવતાં મનુએ કહયું છે કે, જે ખોડખાંપણ વગરની હોય, સૌમ્ય નામવાળી હોય, હંસ અને હાથી જેવી ચાલવાળી હોય, ઝીણાં રુંવાટાંવાળી હોય, પાતળા કેશવાળી હોય તથા નાના દાંતવાળી હોય તેવી કોમળ અંગવાળી કન્યા પરણવી જોઈએ.[૪] એ જ રીતે યાજ્ઞવલ્કયના મતે જે કન્યા અગાઉ અન્ય કોઈ પુરુષને ન આપી હોય અથવા બીજા પુરુષ દ્વારા ભોગવાયેલી ન હોય તેવી અનન્યપૂર્વિકા હોય, અસપિંડ હોય અને ઉંમર તથા કદમાં પ્રમાણસર હોય તેવી શુભલક્ષણ સંપન્ન સ્ત્રી સાથે વિવાહ કરવા જોઈએ.[૫] સાથે જ તેમણે એવી સલાહ આપી છે કે જેને અસાધ્ય રોગ ન હોય, જેને ભાઈ હોય, જે સમાન ગોત્રની ન હોય,[૬] માતૃકુળમાં પાંચ પેઢીથી ઉપર અને પિતૃકુળમાં સાત પેઢીથી ઉપર હોય[૭] તથા જે ઉચ્ચ કુળના પુરુષ દસ પેઢીથી પ્રખ્યાત હોય તેવા કુળની કન્યા[૮] સાથે વિવાહ કરવા જોઈએ.

મનુ અને યાજ્ઞવલ્યકની જેમ અન્ય સ્મૃતિકારોએ પણ વધૂ પસંદગી અંગે માર્ગદર્શન આપ્યું છે. વેદવ્યાસ અનુસાર શુભ લક્ષણવાળી, પોતાનાથી ઉંમરમાં નાની, ભાઈ હોય તેવી, માતાપિતાની સગોત્ર ન હોય તેવી, સવર્ણ, જેના વિવાહ માટે ધન ન દેવાનું હોય, દસ પેઢીથી શુદ્ધ અને પ્રસિદ્ધ વંશવાળી તથા જેના પિતા પ્રખ્યાત, સદાચારી અને સાત્વિક હોય તેવી કન્યા સાથે વિવાહ કરવા જોઈએ.[૯] સંવર્તના મતે શુભ લક્ષણથી સંપન્ન, સુવર્ણ અને મહાન કુળમાં જન્મ હોય તેવી કન્યાને વધૂ તરીકે પસંદ કરવી જોઈએ. એ જ રીતે શંખના કહેવા મુજબ રૂપ, ગુણ અને શીલથી યુક્ત, અસમાન ગોત્રવાળી, માતાના કુળમાં પાંચ પેઢી ઉપર અને પિતાના કુળમાં સાત પેઢીથી ઉપર હોય તેવી કન્યાને પરણવું જોઈએ.[૧૦] ગૌતમ અને વસિષ્ઠના મતે પોતાનાથી નાની ઉંમરની, અસમાન ગોત્રની, પિતાના કુળમાં સાત પેઢી તથા માતાના કુળમાં પાંચ પેઢીથી ઉપર હોય તેવી કન્યા સાથે વિવાહ કરવા જોઈએ. હારીત અનુસાર અસમાન ગોત્રવાળી તથા ભાઈવાળી કન્યા સાથે વિવાહ કરવા જોઈએ. નારદના કથન પ્રમાણે અસમાન ગોત્રની, માતાથી પાંચ પેઢી પછીની અને પિતાથી સાત પેઢી પછીની કન્યા સાથે વિધિપૂર્વક વિવાહ કરવા જોઈએ. વિષ્ણુના મતે વિવાહ સંબંધ બાંધતી વખતે જેને કોઈ અંગે ખોડખાંપણ ન હોય, સુંદર નામવાળી હોય, હંસ તથા હાથી જેવી ચાલવાળી હોય, સૂક્ષ્મ રોમવાળી હોય, બારીક કેશવાળી હોય, નાના દાંતવાળી હોય તથા સુકુમાર હોય તેવી કન્યાને પસંદ કરવી જોઈએ.[૧૧] શતાતપના મતે હંસ જેવી મધુર વાણી ધરાવતી, મેઘ સમાન વર્ણ ધરાવતી અને વિશાળ આંખો ધરાવતી કન્યા સાથે વિવાદ કરવા જોઈએ. ભારદ્વાજના કથન મુજબ વિવાહયોગ્ય કન્યાના મન, રૂપ, બુદ્ધિ અને બાંધવો જેવા ચાર ગુણ પર વિચાર કરવો જોઈએ.[૧૨]

આ ઉપરાંત વધૂનો એક મહત્ત્વનો ગુણ હતો તેની સ્ત્રીત્વની ક્ષમતા યાજ્ઞવલ્કયના ટીકાકાર વિજ્ઞાનેશ્વર અનુસાર સ્ત્રી શબ્દનો અર્થ એ છે કે વાંઝિયાપણાની શંકાના નિવારણના ઉદ્દેશથી જેની પરીક્ષા સારી રીતે કરવામાં આવી હોય.[૧૩] આ સ્ત્રીત્વની પરીક્ષા સંતાનપ્રાપ્તિ માટે જ કરાતી. કારણ કે વિવાહનો મુખ્ય ઉદ્દેશ સંતાન પ્રાપ્તિનો હતો. જો કે વિવાહપૂર્વે આ પરીક્ષા કેવી રીતે કરવામાં આવતી એ અંગે સ્મૃતિ સાહિત્ય મૌન છે. પણ વધૂ પસંદગી માટે આ લક્ષણ અત્યંત મહત્ત્વનું હતું એ સ્પષટ છે !

વધૂ પસંદગી માટે મહત્ત્વનું અન્ય લક્ષણ તેનું નામ હતું. સ્મૃતિકાલીન યુગમાં સુંદર નામવાળી કન્યા સાથે વિવાહ કરવા પર ભાર મૂકાતો. જેનું નામ સારું ન હોય તેવી કન્યા સાથે વિવાહ ન કરવાની સલાહ પણ આપવામાં આવી છે. મનુ અનુસાર નક્ષત્ર, વૃક્ષ, નદી, મ્લેચ્છ, પર્વત, પક્ષી, સાપ અને દાસના નામવાળી તેમ જ ભયંકર નામ જેનું હોય તે કન્યા સાથે ન પરણવું.[૧૪] આ પ્રકારના પ્રતિબંધ પાછળનું કારણ જણાવતાં ડો. રાજબલી પાંડેયે નોંધ્યું છે કે, મૂળભૂત રીતે આ નામો અસંસ્કૃત, અસભ્ય તથા અન્ય નિમ્ન જાતિઓમાં પ્રચિલત હતા. સભ્ય ગણાતો સમાજ આ જાતિના સંપર્ક તથા રહેણીકરણીથી

દૂર રહેવા માંગતા હતા. આ જ કારણસર એ નામો પ્રતિબંધિત થઈ ગયા.[૧૫] એ જ રીતે યમે વેદ અને ગંધર્વ નામવાળી કન્યા સાથે વિવાહનો નિષેધ કર્યો છે તેનું કારણ વેદો પ્રત્યે પવિત્રતાની ભાવના જાળવવી તથા ગંધર્વોથી કામુકતાની પ્રતીતિ થવી જ રહયું હશે.[૧૬] આમ કન્યાનું નામ મહત્ત્વનું પરિબળ બની ગયું.

કન્યાના નામની જેમ જ તેનું કુળ પણ મહત્ત્વનું પરિબળ બની ગયું. તમામ સ્મૃતિકારોએ વિવાહ પહેલાં કન્યાના કુળ પર ધ્યાન દેવા પર વધારે ભાર મૂક્યો છે. અતિયા દાનિશે નોંધ્યું છે, 'કે સૂત્રકાળમાં સ્ત્રી કુળ માટે જ દેવાતી. કારણ કે એવી માન્યતા હતી કે વિવાહ કેવળ બે વ્યક્તિનો પારસ્પરિક સંબંધ નથી પણ બે પરિવારનું મિલન છે. તેથી કુળ વિવાહસંબંધનો મહત્ત્વપૂર્ણ આધાર બની ગયું. સ્મૃતિકાળમાં કુળને એટલું મહત્ત્વ અપાયું કે તેની તુલનામાં ભણતરની મહત્તા ઘટી ગઈ. વસિષ્ઠ અનુસાર નષ્ટ થયેલી હોય વિદ્યા તો પુનઃ પ્રાપ્ત થઈ શકે છે, પરંતુ જાતિનો નાશ કુળનો નાશ હોય છે. તેથી સદા કુલીન સ્ત્રી સાથે વિવાહ કરવા જોઈએ. યાજ્ઞવલ્કયે પણ શ્રેષ્ઠ કુળ પર ભાર મૂક્યો છે. મનુએ ઉચ્ચ કુળમાં થયેલા વિવાહના લાભ તથા નિમ્ન કુળમાં થયેલા વિવાહની હાનિઓનું સ્પષ્ટ વર્ણન કર્યુ છે. તે અનુસાર જે પોતાના કુળનો ઉત્કર્ષ ઈચ્છે છે તેણે ઉત્તમ વ્યક્તિ સાથે સંબંધ કરવો જોઈએ તથા અધમ વ્યક્તિ સાથે સંબંધનો ત્યાગ કરવો જોઈએ.[૧૭] મનુએ તો ત્યાં સુધી કહ્યું છે કે, ગાય, બકરાં, ઘેટાં, ધ અને ધાન્યથી અતિ સમૃદ્ધ હોય તોય આ દસ કુળ સ્ત્રીસંબંધમાં ત્યજી દેવાં: જાતકર્મ વગેરે સંસ્કાર વિનાનાં, પુરુષ પ્રજા વિનાનાં, વેદના અધ્યયનથી રહિત, ખુબ રુંવાંટાવાળાં, તેમજ હરસ, ક્ષય, મંદાગ્નિ, વાઈ અને કુષ્ઠરોગવાળાં[૧૮], જો કે આજ મનુએ એમ પણ કહયું છે કે કુળ હીન હોય પણ કન્યા ઉત્તમ હોય તો તેને સ્વીકારી લેવી. છતાં વધૂ પસંદગીની બાબતમાં અંતે તો કુળનું પલ્લું જ નમતું હતું.

નામ અને કુળ પસંદગીના માપદંડ પર ખરાં ઉતરે, પણ જો ભાઈ ન હોય તો તે વિવાહ માટે કન્યાની અયોગ્યતા ગણાતી. એ વિશે મનુએ કહ્યું છે કે, જેને ભાઈ ન હોય અથવા જેના પિતા વિશે ખબર ન હોય એવી કન્યાને બુદ્ધિમાન પુરુષે પુત્રિકાધર્મની શંકાને લીધે ન પરણવી.[૨૦] પુત્રિકાધર્મ એટલે પુત્રીનો જે પુત્ર થાય તેને પુત્રીનો પિતા ખોળે લે તે. એ વિશે ડો.રાજીવ નયને નોંધ્યું છે કે, 'મનુ ઉપરાંત યાજ્ઞવલ્કય અને વેદવ્યાસ પણ જેને ભાઈ હોય તેવી કન્યા સાથે વિવાહ કરવાના આગ્રહી છે. કન્યા પુત્રિકા બને એવી સંભાવના હોય તો વિવાહ ન કરવા જ ઉચિત હતું. કારણ કે વિવાહ પછી પતિના વંશને સંતાનોત્પત્તિના લાભથી વંચિત થવું પડતું. પુત્રિકા સાથે વિવાહ થવા પર પતિ પોતાના ઋણથી મુકત ન થઈ શકતો કારણ કે તેનો પુત્ર કન્યાના પિતાને ઋણમુકત કરતો. તેથી જ સ્મૃતિકારોએ ભાઈ વિનાની કન્યાને ન પરણવાની સલાહ આપી છે.'[૨૧] પરિણામે ભાઈ ન હોવો એ કન્યાની અયોગ્યતા ગણાઈ.

કન્યાની અન્ય અયોગ્યતાઓનું વર્ણન પણ સ્મૃતિકારોએ કર્યુ છે. મનુ અનુસાર ભૂરા વાળવાળી, અધિક અંગવાળી, રોગવાળી, રુંવાટાં વિનાની તેમજ અતિશય રુંવાટાંવાળી, બહુ જ બોલકી અને માંજરી આંખવાળી કન્યા પરણાવી નહી.[૨૨] એ જ રીતે જે ખૂબ જાડી હોય, ખૂબ પાતળી હોય, લાંબી હોય, ઠીંગણી હોય, ત્પોતાના કરતાં મોટી ઉંમરની હોય, ખોડખાંપણવાળી હોય અને કજિયાખોર હોય તેવી કન્યા ન પરણવી.[૨૩] યાજ્ઞવલ્કયના મતે જે મહાકુળમાં સંસર્ગજન્ય એટલે કે ચેપી રોગ થતા હોય તે કુળમાંથી કન્યા ન લાવવી.[૨૪] વિષ્ણુના કથન પ્રમાણે કુળહીન, રોગિણી, અધિક અંગોવાળી, અંગહીના, ભૂરા રંગવાળી અને વાતોડિયણ કન્યા સાથે વિવાહ ન કરવા જોઈએ. બૃહત્પરાશરના મતે વિષ્ણુએ કહેલા અવગુણો ઉપરાંત સ્થૂળ, અપ્રિયવાદિની તથા કાગડા જેવા કર્કશ અવાજવાળી કન્યાને વિવાદ માટે અયોગ્ય ઠેરવી છે.[૨૫] નારદ અનુસાર લાંબા સમયથી બીમારીથી પીડિત હોય, અંગમાં વિકાર હોય, ચરિત્રહીન કે અન્ય સાથે પ્રેમ કરનારી હોય તેવી કન્યા દૂષિત હોવાથી તેની સાથે વિવાહ ન કરવા જોઈએ.[૨૬]

સ્મૃતિગ્રંથોમાં કન્યાની જેમ જ વરની યોગ્યતાઓ અને અયોગ્યતાઓનું નિરુપણ પણ કરાયું છે મનુ કહે છે કે ઉત્કૃષ્ટ સુંદર અને યોગ્ય વર મળી આવે તો તેને વિધિ પ્રમાણે કન્યા આપી દેવી. પછી ભલે તે કન્યાની ઉંમર ઓછી હોય.[૨૬] યાજ્ઞવલ્કયના મતે વર સવર્ણ, વિદ્વાન, કાળજીપૂર્વક પુરુષત્વની પરીક્ષા કરાયેલો, યુવાન, વિવેકી અને જનપ્રિય હોવો જોઈએ.[૨૮] નારદે પણ વરની પુંસત્વ પરીક્ષા પછી જ વૈવાહિક યોગ્યતા પ્રદાન કરી છે, જેથી વિવાહ પછી સંતતિ ન થવાનું કારણ શારીરિક હીનતા ન રહે. તેમણે ૧૪ પ્રકારના નપુંસક પુરુષોનો ઉલ્લેખ કર્યો છે જે વિવાહ માટે વર્જિત છે.[૨૯] ગૌતમ અને આપસ્તમ્બ અનુસાર વિદ્યા, ચરિત્ર,બાંધવ તથા શીલથી યુકત હોય તેવા વર સાથે વધૂના વિવાહ કરવા જોઈએ.[૩૦] પરાશરના મતે કન્યાના સુખ માટે અને વંશની શુદ્ધિ માટે ગુણ વરનું વરણ કરવું જોઈએ. તેમના

મતે વરમાં આ આઠ ગુણ હોવા જોઈએઃ જાતિ, વિદ્યા, અવસ્થા, શક્તિ, આરોગ્ય, બહુમુખી વ્યક્તિત્વ, શીલ અને ધનસંપતિ. યમે વરના આ સાત ગુણને પ્રાધાન્ય આપ્યું છેઃ કુળ, શરીર, શીલ, યશ, વિદ્યા, ધન અને સંબંધીઓ. બૌધાયન અનુસાર ગુણવાન, પુરુષને જ કન્યા આપવી જોઈએ, ગુણહીનને નહીં. લઘુ અશ્વલાયનના મતે સુંદર, શાંત, ઉત્તમ કુળમાં જન્મેલા અને વેદ ભણેલા પુરુષને જ કન્યા આપવી જોઈએ.[૩૧]

સ્મૃતિકારોએ કેવા વરને કન્યા ન આપવી તે અંગે પણ માર્ગદર્શન કર્યું છે. મનુના સૂચન પ્રમાણે ગુણહીન પુરુષને ક્યારેય કન્યા ન આપવી જોઈએ.[૩૨] વસિષ્ઠ અનુસાર કુળ તથા શીલમાં હીન, નપુંસક, પતિત, કુઠરોગથી પીડિત, વિધર્મી, રોગી, પ્રચ્છન્ન વેશમાં રહેનારો અને સગોત્ર પુરુષ હોય તો વિવાહ પછી પણ કન્યા પાછી લેવી. કાત્યાયનના મતે જેનો કુળ તથા મિત્રોએ ત્યાગ કર્યો હોય, અસવર્ણ હોય, પક્ષાઘાતથી પીડિત હોય, મોટા પેટવાળો હોય, પતિત, અશક્ત કે નપુંસક હોય, સગોત્ર હોય, સાંભળવાની જોવાની શક્તિ સમાપ્ત થઈ ગઈ હોય અને કુષ્ઠરોગી હોય તો વિવાહ ન કરવા જોઈએ. વિવાહ પછી આ દોષ જણાયા હોય તો પણ કન્યાદાન ગેરકાનૂની ગણાય છે.[૩૩] એ જ રીતે પરાશરના મતે અત્યંત દૂર રહેતો હોય કે અત્યંત નજીક રહેતો હોય, મૂર્ખ, વિરકત, અતિમહાન, અતિલાડલો, દરિદ્ર, અત્યંત બળવાન કે અત્યંત નિર્બળ અને જીવિકાહીન હોય તેવા વરને કન્યા ન આપવી જોઈએ.[૩૪]

સ્મૃતિગ્રંથોમાં વર્ણવાયેલી યોગ્યતાના આ માપદંડો મુજબ જ વરકન્યાની પસંદગી થતી હતી. જો કે વર માટેના નિયમો પ્રમાણમાં હળવા હતા. વધૂની પસંદગી માટે કડક વલણ અપનાવવામાં આવતું એ સ્વાભાવિક પણ હતું. કારણ કે વંશ,કુળ અને કુટુંમ્બની જવાબદારી મુખ્યત્વે વધૂના શિરે રહેતી. એટલે જ વધૂએ અનેક પ્રકારની પરીક્ષાઓમાંથી પસાર થવું પડતું. પછી જ તેની પસંદગી થતી. અને છતાં, વધૂના કાન વખાણ સાંભળવા તરસ્યા જ રહેતા. તેને ભાગ્યે જ યશ મળતો. તેના પરથી જ પેલી કહેવતનો ઉદ્‌ભવ થયો હશે કે, વહુ અને વરસાદને જશ નહી !

**સંદર્ભઃ**

૧. कुलजां सुमुखी स्वाङ्गीं सुवासां च मनोहरम् ।
सुनेत्रां सुभगां कन्यां निरीक्ष्य वरयेद् बुधः॥
લઘુ આશ્વલાયન સ્મૃતિ, બીસ સ્મૃતિયાં, પંડિત શ્રીરામ શર્મા અચાર્ય પૃ.૪૬૯
બુદ્ધિમાન પુરુષે ગૃહસ્થ આશ્રમમાં પ્રવેશ કરવા માટે ઉત્તમ કુળમાં જન્મેલી સુંદર મુખાકૃતિવાળી, સુગઠિત, સુંદર અવયવોવાળી સુંદર વસ્ત્રો ધારણ કરનારી, સારાં નેત્રોવાળી, સુંદર સ્વરૂપવાળી તથા સારા ભાગ્યવાળી કન્યા સાથે વિવાહ કરવા જોઈએ.

૨. गुरुणानुमतः स्नात्वा समावृत्तो यथाविधि।
उद्वहेत द्विजो भार्यां सवर्णां लक्षणान्तिवताम् ॥
मनुस्मृति ३.४
ગુરુની સંમતિથી દ્વિજે વિધિ પ્રમાણે સ્નાન તથા સમાવર્તન કરી, પોતાના સમાન વર્ણની અને ઉત્તમ લક્ષણવાળી કન્યા પરણવી.

૩. असपिण्डा च या मातुरसगोत्रा च या पितुः।
स प्रशस्ता द्विजातीनां दारकर्मणि मैथुने ॥
मनुस्मृति ३.५
જે માતાપક્ષે સપિંડી ન હોય, તેમજ પિતાપક્ષે સગોત્રી ન હોય તે કન્યા પત્નીનાં ધર્મકાર્યો માટે તેમ જ પ્રજોત્પાદન અર્થે ઉત્તમ ગણાય છે.

૪. अव्यङ्गाङ्गीं सौम्यनाम्नों हंसवारणगामिनीम् ।
तनुलोमकेशदशनां मृद्वङ्गीमुद्वहेत्  स्त्रियम् ॥
मनुस्मृति ३.१०
ખોડખાંપણ વિનાની, સૌમ્ય નામવાળી, હંસ અને હાથી જેવી ચાલવાળી, ઝીણાં રુંવાટાંવાળી, પાતળા વાળવાળી, નાના દાંતવાળી અને કોમલ અંગવાળી કન્યા પરણવી.

૫. अविप्लुतब्रह्मचर्यो लक्षणां स्त्रियमुद्वहेत ।
अनन्यपूर्विकां कान्तामसपिण्डां यवीयसीम् ॥
याज्ञवल्क्य स्मृति ३.५२
બ્રહ્મચર્ય વ્રતનો ભંગ કરીને જે સ્ત્રી પ્રથમ અન્ય કોઈ પુરુષને ન આપી હોય અથવા કોઈ દ્વારા ઉપભોગ ન થયેલી હોય એવી સુંદર, અસપિંડ હોય અને ઉંમર તથા શરીરના પ્રમાણથી પોતાનાથી નાની હોય એવી શુભલક્ષણ સંપન્ન સ્ત્રી સાથે વિવાહ કરવા.

૬. अरोगिणीं भ्रातृमतीसमानार्षगोत्रजाम् ।
याज्ञवल्क्य स्मृति ३.५२
અસાધ્ય રોગથી રહિત હોય ને ભાઈ હોય એવી અને સમાન ગોત્ર કે પ્રવર ન હોય તેની સાથે વિવાહ કરવા.

૭. पञ्चमात्सप्तमादूर्ध्वं मातृतः पितृतस्तथा ।
याज्ञव्क्य स्मृति ३.५३
માતૃકુળમાં પાંચ પેઢીથી ઉપર અને પિતૃકુળમાં સાત પેઢીથી ઉપરની કન્યા સાથે વિવાહ કરવા.

૮. दश पुरुषविख्याता च्छ्रोत्रियाणां महाकुलात् ।
याज्ञवल्क्य स्मृति ३.५४
જે ઉચ્ચ કુળના પુરુષ દસ પેઢીથી પ્રખ્યાત હોય તેવા કુળની કન્યા ગ્રહણ કરવી.

૯. याज्ञवल्क्य समृति का व्यावहारिक एवं सैद्धान्तिक पक्ष, डॉ. राजीव नयन, पृ. १२६

– अनन्यपूर्विकां लध्वीं शुभलक्षण संपुताम् ।

ख्यातनाम्तः पुत्रवतः सदाचारवतः सतः ।
दातुमिच्छार्दुहितरं प्राप्य धर्मेणा चौद्वहेत् ।
वेद व्यास स्मृति, बीस स्मृतियां, पंडित श्रीराम शर्मा आचार्य, पृ. २३०.
અનન્ય મનવાળી, નાની, શુભ લક્ષણોથી યુકત, દસ પેઢી સુધી શુદ્ધ એવં પ્રસિદ્ધ વંશવાળી, ગૌર વર્ણવાળી કન્યા જેના પિતા પ્રસિદ્ધ હોય, પુત્રવાન હોય, સદાચારી અને સાત્વિક હોય તથા પુત્રીનુ દાન કરવા માંગતા હોય, તે કન્યા સાથે વિધિપૂર્વક વિવાહ કરવા જોઈએ.

૧૦. એજન

૧૧. સ્મૃતિ સાહિત્ય મેં ગૃહસ્થાશ્રમ-એક વિવેચન, અતિયા દાનિશ, પૃ.૧૧૩, ૧૪૪

૧૨. સ્મૃતિકાલીન ભારતીય સમાજ એવં સંસ્કૃતિ, ડો.રાજદેવ દૂબે, પૃ.૪૯

૧૩. હિન્દૂ સંસ્કાર, ડો.રાજબલી પાંડેય, પૃ.૨૪૯

૧૪. नर्क्षवृक्षनदीनाम्नीं नान्त्यपर्वतगामिकाम् ।
न पक्ष्यहिप्रेष्यनाम्नीं न च भीषणनामिकाम् ॥
मनुस्मृति ३.९
નક્ષત્ર, વૃક્ષ, નદી, મ્લેચ્છ, પર્વત, પક્ષી અને દાસના નામની તેમ જ ભયંકર નામવાળી કન્યા પરણવી નહીં

૧૫. હિન્દૂ સંસ્કાર, પૃ.૨૪૬

૧૬. ભારતીય સંસ્કૃતિ મેં નારી, ડો.લતા સિંહલ, પૃ.૯૩

૧૭. સ્મૃતિ સાહિત્ય મેં ગૃહસ્થાશ્રમ-એક વિવેચન, પૃ.૧૫૦,૧૫૧

૧૮. महान्त्यपि समृद्वानि गोजाविधनधान्यतः ।
स्त्रीसंबंधे दशैतानि कुलानि परिवर्जयेत् ॥
मनुस्मृति ३.६
हीनक्रियं निष्पुरुषं निश्छन्दो रोमशाससम् ।
क्षय्यामयाव्यपस्मः रिश्वित्रिकुष्ठिकुलानि ॥
मनुस्मृति ३.७
ગાય,બકરાં, ઘેટાં, ધન અને ધાન્યથી મહાસમૃદ્ધ હોય તોય આ દસ કુળ સ્ત્રીસંબંધમાં ત્યજી દેવાં, જાતકર્માદિ સંસ્કાર વિનાનાં, પુરુષ પ્રજા વિનાનાં, વેદાધ્યયન રહિત, ખૂબ રુંવાટાંવાળાં, તેમ જ હરસ, ક્ષય, મંદાગ્નિ, વાઈ ને કુષ્ઠરોગવાળાં.

૧૯. अन्त्यादपि परं धर्मं स्त्रीरत्नं दुष्कुलादपि ।
मनुस्मृति २.२३८
પરમ ધર્મ ચંડાળ પાસેથી પણ લેવાય અને હીન કુળમાંથી પણ ઉત્તમ સ્ત્રી સ્વીકારી લેવી.

૨૦. यस्यास्तु न भवेद्भ्राता न विज्ञायेत वा पिता ।
नोपयच्छेत ता प्राज्ञः पुत्रिकाधर्मशङ्कया ॥
मनुस्मृति ३.११
જેને ભાઈ ન હોય અથવા જેના પિતા વિશે ખબર ન હોય એવી કન્યા પુત્રિકાધર્મની શંકાને લીધે ન પરણવી.

૨૧. યાજ્ઞવલ્કય સ્મૃતિ કા વ્યવાહારિક એવં સૈદ્ધાન્તિક પક્ષ, પૃ.૧૩૦

૨૨. नोद्वहेत्कलिपां कन्यां नाधिकाङ्गी न रोगिणीम् ।
नालोयिकां नातिलोमां न वा चाटां न पिङ्गलाम् ॥
मनुस्मृति ३.८
ભૂરા વાળવાળી, અધિક અંગવાળી, રોગવાળી, રુંવાટાં વિનાની, તેમ જ અતિશય રુંવાટાંવાળી, બહુ જ બોલકી અને માંજરી આંખવાળી કન્યા પરણવી નહીં.

૨૩. नातिस्थूलां नातिकृशां न दीर्घां नातिवामनाम् ।
वायोधिका नांगहीनां न सैवत्कलहप्रियाम् ॥
मनुस्मृति ३.९
ઘણી જાડી, ઘણી દૂબળી, લાંબી, ઠીંગણી, પોતાના કરતાં મોટી ઉંમરની ખોડખાંપણવાળી અને કજિયો પસંદ કરનારી કન્યા ન પરણવી.

૨૪. स्कीतादपि न संचारिरोगदोषसमन्विताम् ।
याज्ञवल्क्य स्मृति ३.५४
જે મહાકુળમાં ચેપી રોગ હોય તેવા કુળમાંથી કન્યા ન લાવવી.

૨૫. ભારતીય સંસ્કૃતિ મેં નારી, પૃ.૮૯

૨૬. સ્મૃતિ સાહિત્ય મેં ગૃહસ્થાશ્રમ- એક વિવેચન, પૃ.૧૪૪

૨૭. उत्कृष्टायाभिरुपाय वराय सदृशाय च ।
अप्राप्तामपि तां तस्मै कन्यां दद्याद्याथाविधि ॥
मनुस्मृति ९.८८
ઉત્કૃષ્ટ, સુંદર અને યોગ્ય એવો વર મળી આવે તેને વિધિ પ્રમાણે કન્યા આપી દેવી પછી ભલે તે કન્યા ઉંમરમાં ન આવી હોય.

૨૮. एतैरेव गुणैर्युक्तः सवर्ण श्रोत्रियो वरः ।
यत्नात्परीक्षितः पुंस्त्वे युवा धीमान् जनप्रियः॥
याज्ञवल्क्य स्मृति ३.५५
વર સવર્ણ અને વિદ્વાન જોઈએ તેમ જ કાળજીપૂર્વક પુરુષત્વની પરીક્ષા કરાયેલો, યુવાન, વિવેકી તથા જનપ્રિય હોવો જોઈએ.

૨૯. સ્મૃતિકાલીન ભારતીય સમાજ એવં સંસ્કૃતિ પૃ.૫૦

૩૦. એજન

૩૧. સ્મૃતિ સાહિત્ય મેં ગૃહસ્થાશ્રમ-એક વિવેચન, પૃ.૧૪૬, ૧૪૭

૩૨. न चैवेनां प्रयच्छेतु गुणहीनाय कर्हिचित् ।
मनुस्मृति ९.८९
કન્યા ગુણહીન વરને કદી ન આપવી.

૩૩. ધર્મશાસ્ત્ર કા ઈતિહાસ, પૃ.૨૫૧

૩૪. સ્મૃતિયોં મેં નારી, ડો. ભારતી આર્ય, પૃ.૧૫૮

**(ક્રમશઃ)**

(સીવીએમ બંગલો ૧૧, ગો.જો. શારદામંદિર સામે, ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮૧૨૦ મોઃ ૯૮૯૮૦૭૦૨૦૫)

|| Gyan Vigyan ||

# Bio-pesticides: An eco-friendly approach for pest control

**Yachana Jha**

Agriculture has had to face the destructive activities of numerous pests like fungi, weeds and insects from time immemorial, leading to radical decrease in yields. With the advent of chemical pesticides, this crisis was resolved to a great extent. But the over dependence on chemical pesticides and eventual uninhibited use of them has necessitated for alternatives mainly for environmental concerns. Degraded soils and groundwater pollution has resulted in nutritionally imbalanced and unproductive lands. Volatile pesticide residues also sometimes raise food safety concerns among domestic consumers and pose trade impediments for export crops. Therefore, an eco- friendly alternative is the need of the hour. Bio-pesticides or biological pesticides based on pathogenic microorganisms specific to a target pest offer an ecologically sound and effective solution to pest problems. Most of the farmers do not use the bio-pesticide, yet they use chemical pesticide in the agricultural practice. The reason is most of them do not know the dangerous of chemical pesticide. Chemical pesticides, are generally synthetic materials that directly kill or inactivate the pest. An eco-friendly alternative to chemical pesticides is Bio-pesticides, which encompasses a broad array of microbial pesticides, biochemical derived from micro-organisms and other natural sources, and processes involving the genetic incorporation of DNA into agricultural commodities that confer protection against pest damage. Bio-pesticides fall into three major classes. The interest in Bio-pesticides is based on the disadvantages associated with chemical pesticides. In 2014, there are more than 430 registered bio-pesticides active ingredients and 1320 active product registrations takes place.[1]“Bio-pesticides” fall into three major classes:

1. Microbial pesticides consist of a microorganism (e.g., a bacterium, fungus, virus or protozoan) as the active ingredient. Microbial pesticides can control many different kinds of pests, although each separate active ingredient is relatively specific for its target pests.
2. Plant-Incorporated-Protectants (PIPs) are pesticidal substances that plants produce from genetic material that has been added to the plant.
3. Biochemical pesticides are naturally occurring substances that control pests by non-toxic mechanisms. Biochemical pesticides include substances, such as insect sex pheromones that interfere with mating, as well as various scented plant extracts that attract insect pests to traps.

**Microbial Bio-pesticides: Bacteria**

Bio-pesticides based on bacteria have been used to control plant diseases, nematodes, insects, and weeds. Bacteria are present in all soils and are the most abundant micro-organisms in soil samples. Many spore forming and non-spore forming bacteria are known to be effective against a wide spectrum of insects and diseases. The most well-known and widely used of all Bio-pesticides are insecticides based on Bacillus thuringiensis, commonly referred to as “Bt.”

**Microbial Bio-pesticides: Viruses**

Microbial Bio-pesticides known as Baculoviruses are a family of naturally-occurring viruses known to infect only insects and some related arthropods. Most are so specific in their action that they infect and kill only one or a few species of Lepidoptera larvae (caterpillars), making those good candidates for management of crop pests with minimal off-target effects. The infected insect stops feeding within a few days, dies and disintegrates, releasing billions of new OBs which can be ingested and cause new infection of neighbouring larvae.

**Microbial Bio-pesticides: Fungi**

Different fungal Bio-pesticides can be used to control plant diseases (caused by other fungi, bacteria or nematodes), as well as some insect pests and weeds. Fungi are a diverse group of organisms and can be found in almost every environment on Earth. Because fungal Bio-pesticides are so diverse in nature, their means of affecting the target pest can be equally diverse. The most common modes of action are through competitive exclusion, mycoparasitism, and production of metabolites. Some fungi can exhibit all of these modes of action. Two of the most common commercial fungal Bio-pesticides are Trichoderma spp. and Beauveriabassiana. Each are frequently used in the nursery, ornamental, vegetable, field crop, and forestry industries to control a variety of pests.

**Microbial Bio-pesticides: Protozoa**

Protozoa are single-celled eukaryotic organisms that exist in both water and soil. While most protozoa feed on bacteria and decaying organic matter, a wide range of protozoan species are insect parasites. AsNosemainfects at least 90 species of grasshoppers. It is non-toxic to humans and other mammals, as well as the over 250 natural predators of grasshoppers.

**Plant-pesticides**

Plant pesticides are pesticidal substances that plants produce from genetic material that has been added to the plant. For example, scientists can take the gene for the Bt pesticidal protein, and introduce the gene into the plants own genetic material. Then the plant, instead of the Bt bacterium manufactures the substance that destroys the pest.

**Biochemical Bio-pesticides**

Biochemical Bio-pesticides are naturally occurring compounds or synthetically derived compounds that are structurally similar (and functionally identical) to their naturally occurring counterparts. In general, biochemical Bio-pesticides are characterized by a non-toxic mode of action that may affect the growth and development of a pest, its ability to reproduce, or pest ecology. They also may have an impact on the growth and development of treated plants including their post harvest physiology [3].

Biochemical Bio-pesticides are divided into several different subcategories of products, including:

- Plant Growth Regulators
- Insect growth Regulators
- Organic Acids
- Plant Extracts
- Pheromones
- Minerals/Other

**Applications**

Bio-pesticides are biological or biologically-derived agents that are usually applied in a manner similar to chemical pesticides, but achieve pest management in an environmentally friendly way. With all pest management products, but especially microbial agents, effective control requires appropriate formulation and application.

Bio-pesticides for use against crop diseases have already established themselves on a variety of crops. For example, Bio-pesticides already play an important role in controlling downy mildew diseases. Their benefits include: a 0-Day Pre-Harvest Interval (see: maximum residue limit), the ability to use under moderate to severe disease pressure, and the ability to use as a tank mix or in a rotational program with other registered fungicides. Because some market studies estimate that as much as 20% of global fungicide sales are directed at downy mildew diseases, the integration of bio-fungicides into grape production has substantial benefits in terms of extending the useful life of other fungicides, especially those in the reduced-risk category.

A major growth area for Bio-pesticides is in the area of seed treatments and soil amendments. Fungicidal and bio-fungicidal seed treatments are used to control soil borne fungal pathogens that cause seed rots, damping-off, root rot and seedling blights. They can also be used to control internal seed–borne fungal pathogens as well as fungal pathogens that are on the surface of the seed. Many bio-fungicidal products also show capacities to stimulate plant host defense and other physiological processes that can make treated crops more resistant to a variety of biotic and abiotic stresses [1,2].

**Potential of Bio-pesticides**

The efficacy of many of the bio-pesticides can equal that of conventional chemical pesticides. However, the mode of action will be different. With many of the Bio-pesticides, the time from exposure to morbidity and death of the target insect may be 2 to 10 days. Understanding the fundamental differences in the mode of action of bio-pesticides vs. traditional pesticides is important, since the use patterns of a bio-pesticides may be different from traditional pesticides to control a particular pest species [4].

**Characteristics of bio-pesticides**

In order to be acceptable to users, bio-pesticides must be effective in controlling the pest(s) that they are designed to control. Many bio-pesticides are single host specific, but it is desirable to have a bio-pesticide that can control a wider range of targets. Researchers believe that biological pesticides may be less vulnerable to genetic variations in plant populations that cause problems related to pesticide resistance, which would make them very appealing by contrast. This has become the greatest concern among those who rely on these applications. Biological pesticides need to provide predictable performance standards, and they need to do so inexpensively.

**Advantages of using bio-pesticides**

1. Bio-pesticides are usually inherently less toxic than conventional pesticides.
2. Bio-pesticides generally affect only the target pest and closely related organisms, in contrast to broad spectrum, conventional pesticides that may affect organisms as different as birds, insects, and mammals.
3. Bio-pesticides often are effective in very small quantities and often decompose quickly, thereby resulting in lower exposures and largely avoiding the pollution problems caused by conventional pesticides.

4. When used as a component of Integrated Pest Management (IPM) programs, Bio-pesticides can greatly decrease the use of conventional pesticides, while crop yields remain high.

5. To use Bio-pesticides effectively, however, users need to know a great deal about managing pests.

**Disadvantages**

1. High specificity: which may require an exact identification of the pest/pathogen and the use of multiple products to be used; although this can also be an advantage in that the bio-pesticides is less likely to harm species other than the target.

2. Often slow speed of action (thus making them unsuitable if a pest outbreak is an immediate threat to a crop).

3. Often variable efficacy due to the influences of various biotic and abiotic factors (since Bio-pesticides are usually living organisms, which bring about pest/pathogen control by multiplying within the target insect pest/pathogen).

4. Living organisms evolve and increase their resistance to biological, chemical, physical or any other form of control. If the target population is not exterminated or rendered incapable of reproduction, the surviving population can acquire a tolerance of whatever pressures are brought to bear, resulting in an evolutionary arms race.

**Opportunities**

The area under organic cultivation (crops) in India is estimated to be around 1,00,000 hectare. Besides, there are lakhs of hectare of forest area being certified as organic. Further, some states like Uttaranchal and Sikkim have declared their states as organic. Moreover, the area under organic crop cultivation may rise because of the growing demand of organic food, a result of increasing health consciousness among the people. This indicates that there is huge scope for growth of the bio-pesticides sector in India. At the same time increasing population can be fed by organic farming dependence is a big question and unless organic farming yield can be brought equal to that of conventional farming involving the use of agrochemicals etc, the organic farming may not be feasible at the moment. The stress on organic farming and on residue free commodities would certainly warrant increased adoption of Bio-pesticides by the farmers. Increased adoption further depends on-

1. Concrete evidences of efficacy of Bio-pesticides in controlling crop damage and the resultant increase in crop yield,

2. Availability of high quality products at affordable prices,

3. Strengthening of supply chain management in order to increase the usage of Bio-pesticides. In this regard, an efficient delivery system from the place of production (factory) to place of utilization (farm) of Bio-pesticides is quite essential

**Limitations**

Farmers are used to pesticides which are packaged and available from the shelf .Even though farmers realize the importance of using plant products as alternatives to chemical pesticides, the widespread use of these plant products will take a while to become very popular. One of the ways by which they can be popularized is to process it and make it available to the farmers in a readily usable form.

**Conclusion**

India's rich bio-diversity is an ace factor, always providing a wide source of bio-pesticides which can be effectively used in agriculture at a large scale. Also increasing health consciousness of Indian citizens has created a demand of organic food. This indicates huge scope for growth of Bio-pesticides sector. The rich traditional knowledge base available with the highly diverse indigenous communities in India may provide valuable clues for developing newer and effective bio-pesticides. The stress on organic farming and on residue free commodities would certainly warrant increased adoption of Bio-pesticides by the farmers.

**References**

1. Matthews GA, Bateman RP, Miller PCH (2014) Pesticide Application Methods (4th Edition), Chapter 16. Wiley, UK.

2. Environmental Protection Agency of the USA (2012) Regulating Bio-pesticides. Accessed on 20 April 2012.

3. Bio-pesticides and Bio-fertilizers: Ecofriendly Sources for Sustainable Agriculture, article in journal, J Bio-fertil Bio-pestici Volume 4, Issue 1,1000e112.

4. Suman Gupta,Bio-pesticides: An eco-friendly approach for pest control, Journal of Bio-pesticides 3(1 Special Issue) 186 - 188 (2010).

(Assistant Professor in Biotechnology, NVPAS, Vallabh Vidyanagar 388120 M: 09426282152)

# આયુર્વેદમાં મધનું મહાત્મ્ય

સાગર ભીડે

મધ એ મધમાખીઓ દ્વારા ફૂલોના રસમાંથી બનાવવામાં આવતું પ્રવાહી છે. જેનો મધમાખીઓ પોતાના ભવિષ્યના ખોરાક તરીકે સંગ્રહ કરે છે. મધમાખીઓ ફૂલોના રસ અને ફૂલોની પરાગરજને આહાર તરીકે ઉપયોગમાં લઈને તેનું પાચન કરી, પોતે બનાવેલા મધપૂડામાં સંગ્રહ કરે છે. અને પ્રતિકૂળ ઋતુઓમાં જ્યારે વાતાવરણના ફૂલોની અછત હોય છે ત્યારે માખીઓને પૂરતો ખોરાક મળતો ન હોય ત્યારે તે સંગ્રહિત કરેલા મધનો ઉપયોગ કરીને જીવન નિર્વાહ કરે છે અને જ્યારે ફરીથી ફૂલોની ઋતુ આવે ત્યારે મધનું નિર્માણ કરે છે.

**મધમાખીઓની વિશિષ્ટતા :**

૧. પૃથ્વી પર આશરે ૫ કરોડ વર્ષ પૂર્વે મધમાખીઓની ઉત્પત્તિ થઈ હતી.

૨. દુનિયામાં મધમાખીઓની ૧૦,૦૦૦ થી પણ વધુ જાતો અસ્તિત્વમાં છે.

૩. ૫૦૦ ગ્રામ મધ બનાવવા માટે મધપૂડાની બધી જ મધમાખીઓએ સાથે મળીને કુલ ૨૧૦૦ કિ.મી. થી પણ વધારે ઉડવું પડે છે. (આ અંતર કાશ્મીરથી કન્યાકુમારીના સાડા છ પરિભ્રમણ જેટલું હોય છે.)

૪. એક મધપૂડામાં એક રાણી મધમાખી (જે બીજી મધમાખીઓ કરતા કદમા ઘણી મોટી હોય છે.) ૨૦૦-૩૦૦ નર મધમાખી અને ૪૦,૦૦૦ થી ૧૦૦૦૦૦ ની સંખ્યામાં કામદાર મધમાખી હોય છે.

મધપૂડામાં માત્ર રાણી એ પૂર્ણ વિકસિત માદા છે કે જે સમાગમ કરી શકે છે અને ઈંડા મૂકી શકે છે. કામદાર મધમાખીઓ અલ્પવિકસિત માદાઓ છે કે જેમાં સમાગમ કરવાની કે ઈંડા મૂકવાની ક્ષમતા હોતી નથી.

આશ્ચર્યની વાત એ છે કે રાણી મધમાખી પણ પોતાના જીવનકાળ દરમિયાન માત્ર એક જ વખત સમાગમ કરે છે અને સમાગમ બાદ નર તુરંત જ મૃત્યુ પામે છે. રાણી મધમાખીને પછી જીવનભર સમાગમની જરૂર રહેતી નથી. એક વખત નરને મળ્યા પછી રાણી રોજના ૧૫૦૦ થી ૨૫૦૦ ઈંડા મૂકી શકે છે.

૫. કામદાર મધમાખીની મસ્તિષ્ક ગ્રંથિમાંથી એક વિશિષ્ટ સ્ત્રાવ (રોયલ જેલી) નીકળે છે. જે પ્રોટીનથી ભરપૂર હોય છે. આ સ્ત્રાવ માત્ર રાણી મધમાખી ખાય છે જેથી રાણી મધમાખીનું આયુષ્ય ૨-૩ વર્ષનું હોય છે. જ્યારે કામદાર મધમાખીનું આયુષ્ય ૨-૩ મહિનાનું હોય છે.

**મધપૂડામાંથી મધ મેળવવાની હિંસક અને ખોટી રીત :**

માનવી હજારો વર્ષોથી મધનો ઉપયોગ કરતો આવ્યો છે. મનુષ્ય મધપૂડામાંથી મધ મેળવવા માટે અતિશય ધૂમાડો કરી મધમાખીઓને દૂર કરી મધપૂડાનો હિંસક રીતે નીચોવીને મધ મેળવે છે. આમ કરવાથી મધપૂડામાંના હજારો ઈંડા અને બચ્ચાઓ મરી જાય છે. આ ઉપરાંત ધમપૂડો નિચોવતી વખતે તેમાંના ઈંડા અને બચ્ચા પણ નિચોવાઈ જતા હોવાથી તેમાં જૈવિક અશુદ્ધિઓ પણ ભળે છે. અને આવું મધ સમય જતા બગડી જાય છે. ઘણા લોકો એટલે જ આવા મધને સાચવવા માટે પ્રીઝર્વેટીવ પણ નાખે છે. મધ મેળવવાની આ ઘાતકી રીતને લીધે પૃથ્વી પર મધમાખીઓની ઘણી જાતિઓ નામશેષ થઈ રહી છે.

**મધપૂડામાંથી મધ મેળવવાની અહિંસક અને સાચી રીત :**

મધપુડાની રચના જોઈએ તો તેમાં ષટકોણ આકારના મીણથી બનેલા અનેક ખાનાઓ હોય છે. ૫૦૦ ગ્રામ મીણ બનાવવા માટે મધમાખીઓને ૪ કિલો મધની જરૂર પડે છે. તો આ પરથી આપણે સમજી શકીએ કે મધપુડાનું મધ લીધા બાદ મીણના ખાનાઓને જેમના તેમ રાખવાથી મધમાખીઓને થતું મોટું નુકસાન અટકાવી શકાય છે. એટલા જ માટે જે તે જગ્યાએથી મધપૂડો તોડ્યા બાદ તેમાં રહેલા મધને મેળવવા માટે સેન્ટ્રિફ્યૂઝ મશીનનો ઉપયોગ કરવો જોઈએ. આ મશીનની રચના એવી હોય છે કે જેથી મધ કાઢવાની પ્રક્રિયા દરમ્યાન પૂડાને નુકશાન પહોંચ્યા વિના બધુ જ મધ બહાર આવી જાય છે. અને તે પૂડાનો ઉપયોગ મધમાખીઓ ફરીથી કરી શકે છે.

જો વૈજ્ઞાનિક પદ્ધતિથી લાકડાની પેટીમાં મધમાખીઓનો ઉછેર કરવામાં આવે તો આ પ્રક્રિયા ખૂબ જ સરસ રીતે કરી શકાય છે અને ખૂબ જ શુદ્ધ, પૌષ્ટિક અને આરોગ્યપ્રદ મધ મેળવી શકાય છે. વળી મધ મેળવવાની આ પ્રક્રિયામાં એક પણ મધમાખીનાં ઈંડા કે બચ્ચાને નુકસાન ન થતું હોવાથી કેટલાક લોકો આવા મધને જૈન મધ પણ કહે છે.

**આયુર્વેદમાં મધનું વર્ણન :**

ભાવપ્રકાશ સંહિતામાં મધુવર્ગમાં મધના આ મુજબના ગુણોનું વર્ણન જોવા મળે છે.

**मधुशीतंलधुस्वादुरुक्षग्ताही विलेखनम् ।**
**चक्षुष्यं दीपनं स्वर्य व्रणशोधनरोपणम् ।।२।।**
**सौकुमार्यकरं सूक्ष्मं परम स्त्रोतोविशोधनम् ।**
**कषायानुरस इल्लादि प्रसादजनकम परम् ।।३ ।।**
**वर्ण्यमेधाकरं वृष्यं विशदम् रोचनं हरेत् ।**
**कुष्ठार्शः कासपितास्त्रकफ मेहक्लमकिमीन ।। ४।।**
**मेदसतृष्णा वमि श्वास हिक्काडतीसार विडग्रहान् ।**
**दाहक्षतक्षयास्ततुयोगवाहाल्यवातलम् ।। ५।।**

અનુવાદઃ મધ શીતળ, લઘુ, સ્વાદિષ્ટ, રુક્ષ, ગ્રાહી, કફને ખોતરીને કાઢનાર આંખ માટે હિતકર, ભૂખ વધારનાર, સ્વરને ઉતમ બનાવનાર, ઘા માં રૂઝ લાવનાર, ત્વચાને કોમળ બનાવનાર, નાનામાં નાની કોશીકાઓમાં પહોંચનાર, શરૂઆતમાં મધુર રસવાળું અને અંતે તુરા સ્વાદવાળું, આનંદ આપનાર, વર્ણને ઉત્તમ બનાવનાર, બુદ્ધિને ઉત્પન્ન કરનાર, કામશક્તિવર્ધક, રોચક, યોગવાહી, થોડું વાતકારક, તેમજ હુષ્ઠ, હરસ(અર્શ), ઉધરસ, પિત, રક્તવિકાર, કફ, પ્રમેહ, કૃમિ, ચરબી, તરસ, દમ, શ્વાસ, હેડકી, ઝાડા, કબજીયાત, દાહ, ક્ષત અને ક્ષયનો નાશ કરનાર છે.

મહર્ષિ વાગ્ભટ્ટ રચિત અષ્ટાંગ હૃદયમાં પણ મધનું વર્ણન નીચે મુજબ જોવા મળે છે.

चक्षुष्यं छेदि तृट्श्लेष्म किष हिध्मास्त्रपितनुत
मेहकुष्ठ कृमि छर्दी श्वासकासातिसारजीत ।।५१ ।।
वृण शोधन सन्धान रोपण वातल मधु रुक्षं कषाया मधुर तांतुल्या मधुशर्करा।। ५२।।

અનુવાદઃ મધ આંખ માટે હિતકારી, છેદન ગુણવાળું, તૃષા દુર કરનાર, કફનાશક, વિશ નાશક, હેડકી બંધ કરનાર, રક્તપિત્ત નાશક, પ્રમેહ, કુષ્ઠ, ઉલ્ટી, શ્વાસ, ઉધરસ અને અતિસારનો નાશ કરનાર છે. મધ ઘાને સાફ કરનાર, તુટેલાને જોડનાર, ઘામાં રૂઝ લાવનાર, રુક્ષ, કષાય અને મધુર છે. મધુશર્કરાના ગુણ પણ મધ જેવા જ છે.

આયુર્વેદના અન્ય અદ્ય ગ્રંથોમાં પણ ઉપર મુજબ જ મધના ગુણોનું વર્ણન જોવા મળે છે.

આધુનિક વિજ્ઞાન મુજબ ધમના ફાયદાઓ :

૧. સંશોધનો પરથી જણાયું છે કે મધમાં એન્ટી ઓક્સિડન્ટનું પ્રમાણ વધુ હોય છે જે વધતી ઉમરના પ્રભાવે અટકાવે છે અને શરીરની રોગ પ્રતિકારક શક્તિને વધારે છે.

૨. મધમાં ઝીંક, આયર્ન વગેરે મિનરલ્સ, વિટામીન્સ, એન્ઝાઈમ્સ વગેરે ઘણા પોષક તત્ત્વો હોય છે. જેથી મધ જાતીય શક્તિને વધારે છે અને શુક્રાણુઓની સંખ્યા અને ક્રિયાશીલતામાં વધારો કરે છે. લીંગના ઉત્થાન સંબંધી સમસ્યાના નિવારણ માટે ડીંગળીના રસ સાથે મધનો ઉપયોગ દિવસમાં ૨ વખત કરવો જોઈએ.

૩. આધુનિક વિજ્ઞાન મુજબ, મધનો ગ્લાયસેમિક ઈન્ડેક્ષ પ્રમાણમાં ઓછો છે, જેથી ડાયાબિટીસના દર્દીઓ પણ પ્રમાણસર મધ લઈ શકે છે. મધ એ મધુર અને કષાય રસવાળું હોવાથી શરીરમાં સુગરનું પ્રમાણ વધતું નથી અને શક્તિ જળવાય રહે છે.

૪. એલર્જીક ઉધરસમાં પણ મધ લાભદાયક છે. એક સામાન્ય થીયરી મુજબ, મધમાં થોડા પ્રમાણમાં ફૂલોના પરાગરજ (પોલન્સ) રહેલા હોય છે. જો શરીરમાં એ થોડા પ્રમાણમાં જાય તો, રોગપ્રતિકારક શક્તિને જાગ્રત કરે છે અને શરીર એવા એલર્જન પ્રત્યે અનુકૂળ બની જાય છે. જેથી હિસ્ટામીનનો સ્ત્રાવ નથી થતો અને એલર્જીક રીએકશનથી બચી શકાય છે.

૫. મધ એ પ્રાકૃતિક એન્ટિબાયોટીક સમાન કાર્ય કરે છે. મધનો ઉપયોગ વ્રણ પર કરવાથી ઝડપથી રૂઝ આવે છે બ્રિટિશ જનરલ સર્જરીમાં એક સંશોધનાત્મક ચિકિત્સા દરમિયાન પગના પ્રણમાં ઘણા ઓફ ઉપાયોથી થાક્યા બાદ, મધ લગાવવાથી વ્રણ મટયા વિશે લેખ પણ છપાયેલો.

**મધ વિશેની કેટલીક ખોટી માન્યતાઓઃ**

૧. લોકોમાં એવી ભૂલ ભરેલી માન્યતા જોવા મળે છે કે મધ જામી જાય એટલે મધમાં ખાંડની ચાસણી ઉમેરલી છે પરંતુ જામી જવું એ મધનો સામાન્ય ગુણ છે. મધનું જામવું એ તેમાં રહેલા ગ્લુકોઝના પ્રમાણ પર આધાર રાખે છે. અને આ શર્કરાની માત્રા મધમાખી કયા ફૂલોમાંથી રસ મેળવે છે તેના

પર આધારિત છે.

૨. દરેક મધના રંગ, સુંગધ અને સ્વાદમાં ભિન્નતા જોવા મળે છે. આ ભિન્નતા મધમાખી કયા ફૂલોમાંથી રસ એકત્રિત કરે છે તેના પર આધારિત છે. સ્વાદમાં અતિશય કડવાથી માંડીને અતિશય ગળ્યુ એમ ઘણા સ્વાદમાં મળી આવે છે. એકદમ પાણી જેવું પારદર્શકથી માંડી અતિશય કાળા રંગનું મધ પણ મધમાખીઓ દ્વારા બનાવવામાં આવે છે. અમેરિકાની નેશનલ હની બોર્ડની પ્રયોગશાળામાં ૨૫૦ પ્રકારના અલગ અલગ મધનો સંગ્રહ છે.

**મધના ઉપયોગ વખતે ધ્યાન રાખવાની બાબતો :**

૧. શુદ્ધ મધ હજારો વર્ષો સુધી બગડતું નથી. જૂના મધમાં લેખન ગુણ સવિશેષ ઉત્પન્ન થતો હોવાથી ઘણા જટિલ રોગોની ચિકિત્સામાં ઉપયોગ થઈ શકે છે.

ઈજીપ્તના પીરાપીડોમાં ૩૪૦૦ વર્ષ જૂના શાહી કુંભો મળી આવ્યા છે. જેમા રહેલું મધ કાળું તો પડ્યું પણ બગડ્યું નથી.

જૂનું મધ જ કફને દૂર કરે છે જયારે નવું મધ પૌષ્ટિક અને બલ્ય છે. એટલે જ કફના રોગોમાં જૂનું અને શુદ્ધ મધ મળે તેવી વ્યવસ્થા કરવી.

૨. મધને કયારેય ગરમ ન  કરવું જોઈએ.

૩. મધને હંમેશાં કાચની બોટલમાં, સૂરજના સીધા તડકાથી દૂર રાખવું જોઈએ.

૪. અતિ ગરમીમાંથી આવીને, ગરમ આહાર કે ગરમ પાણી સાથે મધનો ઉપયોગ ન કરવો જોઈએ.

૫. મધનો પાછલી કે માંસ સાથે ખોરાક તરીકે ઉપયોગ ન કરવો જોઈએ.

૬. મધને સમાન માત્રામાં ઘી સાથે જ ખાવું જોઈએ.

૭. હાલમાં મોટી મોટી કંપનીઓમાં મધને ગરમ કરીને ફિલ્ટર કરવામાં આવે છે. પ્રીઝર્વેટીવ્સ નાખવામાં આવે છેં જે આરોગ્ય માટે હાનિકારક છે. તેથી શુદ્ધ મધ મળે તેવી વ્યવસ્થા કરી તેનો જ ઉપયોગ કરવો જોઈએ.

(આસિસ્ટન્ટ પ્રોફેસર, બાળરોગ વિભાગ, જી.જે.પટેલ આયુર્વેદ કોલેજ,એમ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૧, મો:૯૬૬૨૫૧૨૧૫૮)

॥ વિદ્યાવૃત્ત ॥

## બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયને ઓટોનોમસ સ્ટેટસ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય (બીવીએમ) ઈજનેરી કોલેજને યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન (યુ.જી.સી.) દ્વારા વર્ષ ૨૦૧૫-'૧૬ થી ૬ વર્ષ માટે ઓટોનોમસ સ્ટેટસ આપવામાં આવેલ છે.

બિરલ વિશ્વકર્મા મહાવિદ્યાલય ઈજનેરી કૉલેજ પૂ. સરદાર સાહેબની પ્રેરણાથી સ્થપાયેલી તથા વર્તમાન અધ્યક્ષ ડો. સી.એલ.પટેલના નિરંતર માર્ગદર્શન હેઠળ સંવર્ધન અને વિકાસ પામેલ રાજયની પ્રથમ ઈજનેરી કોલેજ હોવાનું ગૌરવ ધરાવે છે. છેલ્લા છ દાયકા કરતાં વધારે સમયથી ગુજરાતની બધી જ ઈજનેરી કોલેજમાં આગવી પ્રતિષ્ઠા અને ઓળખ ધરાવતી નામાંકિત સંસ્થા છે. સંસ્થા ખાતે સ્નાતક કક્ષાના ૮ અને અનુસ્નાતક કક્ષાના ૭ અભ્યાસક્રમમાં દેશભરના અંદાજિત ૩૨૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ સંસ્થા ખાતે અભ્યાસ માટે જરૂરી બધા જ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો એનબીએ દ્વારા એક્રિડેટેડ કરવામાં આવેલ છે. સંસ્થા ખાતે તમામ અભ્યાસક્રમને અનુરૂપ અદ્યતન પ્રયોગશાળાઓ, લાયબ્રેરી, વર્કશોપ, વિદ્યાર્થીઓની સુવિધાઓ ઉપલબ્ધ છે. અભ્યાસક્રમમાં સમયઅનુસાર તેમાં વધારે ને વધારે આધુનિક ટેકનોલોજીને અનુરૂપ સાધનો અને પ્રયોગશાળાઓનો ઉમેરો કરવામાં આવે છે. સંસ્થા ખાતે સમગ્ર રાજય અને દેશમાં ગૌરવ લઈ શકાય તે કક્ષાના અધ્યાપકો સતત વિદ્યાર્થીઓને અભ્યાસકીય તથા સમગ્રલક્ષી વિકાસ માટે કાર્યરત રહે છે. હાલમાં કુલ અધ્યાપકોના ૪૦ ટકા જેટલા અધ્યાપકો પીએચ.ડી. ની પદવી પ્રાપ્ત કરી ચૂક્યા છે. તથા આવતાં ૩ વર્ષમાં અંદાજિત ૭૫ ટકા અધ્યાપકો પીએચ.ડી. ની પદવી પ્રાપ્ત કરશે, એવું બી.વી.એમ.ના આચાર્ય ડો.એફ.એસ.ઉમરીગરે જણાવ્યું હતું.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાં બી.વી.એમ. એન્જિનિયરિંગ કોલેજ દરેક સ્તરે અગ્રેસર રહી છે. ઉપરાંત, છેલ્લાં ૩ વર્ષથી યુથ ફેસ્ટિવલ તથા સ્પોર્ટસ ફેસ્ટિવલમાં ચેમ્પિયનશિપ મેળવે છે. વિશ્વબેંકના ટેકનિકલ એજયુકેશન કવોલિટી ઈન્પ્રુવમેન્ટ પ્રોગ્રામ અંતગર્ત ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા દેશની ૧૯૦ એન્જિનિયરિંગ કોલેજોને રૂા. ૧૦ કરોડનું અનુદાન આપવામાં આવેલ છે. જેમાં

ગુજરાતની ૯ સરકારી કોલેજો સાથે બી.વી.એમ. કોલેજ પણ આ યોજના હેઠળ સમાવિષ્ઠ થયેલ છે. આ યોજના હેઠળ પ્રયોગશાળા, પુસ્તકાલય જનરલ ફેસિલિટીનું આધુનિકીકરણ, અધ્યાપકોની શૈક્ષણિક લાયકાતમાં ઉમેરો, સમયની જરૂરિયાત પ્રમાણે ગુણવત્તાસભર કાર્યક્રમોનું આયોજન, વિદ્યાર્થીઓની વિકાસલક્ષી પ્રવૃત્તિઓ સામાજિક તથા શૈક્ષણિક રીતે પછાત વિદ્યાર્થીઓના ઉત્થાન માટેના કાર્યક્રમોનું આયોજન થાય છે. આ યોજનામાં સંકળાયેલ સંસ્થાઓને તેની ક્ષમતાના આધારે યુજીસી દ્વારા ઓટોનોમસ સ્ટેટસ પ્રદાન કરવામાં આવે છે.

ગુજરાતની ૭ સરકારી કોલેજોએ ઓટોનોમસ સ્ટેટસ માટે યુજીસીના પ્રપોઝલ આપેલ હતી. જે પૈકી માત્ર બી.વી.એમ. એન્જિ. કોલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬થી ૬ વર્ષ માટે ઓટોનોમસ સ્ટેટસ આપવામાં આવેલ છે. દેશભરમાં અંદાજિત ૧૦૦ જેટલી ઓટોનોમસ એન્જિનિયરિંગ કોલેજો છે, જેમાં બી.વી.એમ. એન્જિ. કોલેજ ગુજરાતની એકમાત્ર ઈજનેરી કોલેજ છે કે જેણે આટોનોમસ સ્ટેટસ પ્રાપ્ત કરેલ છે.

ઓટોનોમી પ્રદાન કરવા માટે સંસ્થાનું શૈક્ષણિક સ્તર, ઈતર પ્રવૃત્તિઓ, શૈક્ષણિક અને વહીવટી સુશાસન, સ્ટાફની ગુણવત્તા, અનુભવ અને તેમનું ટેકનીકલ શિક્ષણમાં પ્રદાન, ટેકનોલોજી ઉત્કર્ષ, વિદ્યાર્થીઓનો વિકાસ અને ગુણવત્તા, એડમિશન પ્રાયોરીટી, સ્ટુડન્ટ રીટેન્શન રેશિયો, દરેક વર્ષના પરિણામ, ઈન્ડસ્ટ્રી સાથેનું સંગઠન, વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ, સંસ્થાનું ઈન્ફ્રાસ્ટ્રકચર, શિક્ષકો દ્વારા પ્રકાશિત સંશોધન લેખો, પુસ્તકો વગેરે બાબતોને ધ્યાનમાં લેવામાં આવેલ હતાં. યુજીસી કમિટીએ સંસ્થાની રૂબરૂ મુલાકાત લઈ ઉપરોકત દરેક પાસાઓનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરી સંતોષ વ્યકત કર્યો હતો, જેને લઈને ૬ વર્ષની મહત્તમ મર્યાદા માટે ઓટોનોમી પ્રદાન થયેલ છે.

આ ઓટોનોમીને કારણે સંસ્થાને શૈક્ષણિક અને વહીવટ શાસનમાં પોતાની રીતે ફેરફાર કરી શકાશે જેને લઈને સમયને અનુરૂપ અભ્યાસક્રમ તથા પરીક્ષાઓ લઈ શકાશે, સમયસર પરીણામ આપી શકાશે, વિદેશી તથા દેશની નામાંકિત સંસ્થાઓ સાથે વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે પ્રોજેકટ, સેમિનાર, વર્કશોપ વગેરેનું આયોજન કરવામાં અનુકૂળતા રહેશે. ઓટોનોમી અંતર્ગત વિદ્યાર્થીઓને ડિગ્રીનું પ્રદાન ગુજરાત ટેકનોલોજીકલ યુનિ. દ્વારા કરવામાં આવશે. ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ થી સંસ્થા ખાતે ચાલતા તમામ સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમોને ઓટોનોમસ સ્ટેટસ હેઠળ આવરી લેવા માટે ગુજરાત ટેકનોલોજીકલ યુનિ. દ્વારા જરુરી મંજૂરી આપી દેવામાં આવેલ છે.

બી.વી.એમ. ઈજનેરી કોલેજના સાતત્યપૂર્ણ વિકાસ માટે માતૃસંસ્થા ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડો.સી.એલ.પટેલ સાહેબ દ્વારા નિરંતર માર્ગદર્શન, પ્રેરણા અને નાણાકીય મદદ મળતી રહે છે. ચારુતર વિદ્યામંડળના હોદ્દેદારો, ગર્વનિંગ કાઉન્સિલના સભ્યશ્રીઓ, બી.વી.એમ. બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો, વિદ્યાર્થીઓ તથા સંસ્થાનું સ્તર ઉત્તરોત્તર વધે એ માટે સતત માર્ગદર્શન પુરું પાડે છે. આ સંસ્થાના આચાર્ય ડો.એફ.એસ.ઉમરીગર, વિભાગીય વડાઓ, તમામ શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક તથા વિદ્યાર્થી સમૂહે એક ટીમ વર્કની ભાવનાથી આ સિદ્ધિ હાંસલ કરેલ છે. આ સિદ્ધિ માટે અધ્યક્ષશ્રી ડો.સી.એલ. પટેલ, ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ. એસ.એમ.પટેલ અને અન્ય હોદ્દેદારો, ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન, ગાંધીનગર તથા કુલપતિ, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યાં છે.

**સેરલિપમાં દ્વિદિવસીય સંશોધન કાર્યશિબર**

ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) સંચાલિત સરદાર પટેલ સંશોધન સંસ્થા-સેરલિપના ઉપક્રમે એમ.ફિલ. અને પીએચ.ડી. નાં શોધાર્થીઓ માટે દ્વિ દિવસીય સંશોધન કાર્યશાળાનું આયોજન કરવાાં આવ્યું હતું. જાણીતા ઈતિહાસવિદ અને લેખક ડો. મકરંદ મહેતાએ ઉદ્‌ઘાટન સત્રમાં ચાવીરૂપ વ્યાખ્યાનમાં સંશોધનમાં રૂચિ કેળવવા વિદ્યાર્થીઓને પ્રેરિત કરીને સામાજિક વિજ્ઞાનના વિવિધ વિષયોને સાંકળીને ઈતિહાસનો એ તમામ સાથે જીવંત સંબંધ પ્રસ્થાપિત કર્યો હતો. અધ્યક્ષસ્થાને અમદાવાદની પ્રતિષ્ઠિત સંસ્થા ભો.જે.વિદ્યાભવનના નિયામક ડૉ.આર.ટી.સાવલિયા હતા. સેરલિપના નિયામક ડો.હરિ દેસાઈએ સ્વાગત પ્રવચન કર્યું હતું. સંશોધન કાર્યશાળાનાં સંયોજક અને સેરલિપનાં અધ્યાપિકા ડો.ટીના દોશીએ કાર્યક્રમનું સૂત્રસંચાલન અને આભારદર્શન કર્યું હતું. ઉદ્‌ઘાટનસત્રમાં સરદાર પટેલ યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડો.જિગીષ પંડયા, ઈતિહાસવિદ પ્રિ.બી.એન ગાંધી અને ડો.અરુણ વાઘેલા, ડો.નીલેશ બારોટ

તેમજ ડો.બી.એમ.પરમાર ઉપસ્થિત હતા.

અતિથિ મહાનુભાવોએ સીવીએમના અધ્યક્ષ ડો.સી.એલ. પટેલના વડપણ હેઠળ સરદાર પટેલના જીવન-કાર્ય અંગેની સમગ્ર દેશની એકમાત્ર સંશોધન સંસ્થા સ્થાપિત કરીને ચલાવવાના કાર્યને બિરદાવ્યું હતું. સંશોધન માટે સજ્જતા કેળવવા સંદર્ભે પ્રથમ બેઠક ગુજરાત યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના સહપ્રાધ્યાપક ડો.અરુણ વાઘેલાએ વ્યાપક વાંચન અને માહિતી એકત્રીકરણ પછી શોધનિબંધલેખનના તબકકાઓ અંગે સુપેરે માહિતી આપીને શોધાર્થીઓનું માર્ગદર્શન કર્યું હતું. આ બેઠકની અધ્યક્ષતા સેરલિપના નિયામક ડો.હરિ દેસાઈ કરી હતી. ઈતિહાસવિદો ડો.મકરંદ મહેતા અને પ્રિ.બી.એન.ગાંધીએ પણ આ સત્રમાં માર્ગદર્શન કર્યુ હતું. નલિની-અરવિંદ આર્ટર્સ કોલેજના રાજયનીતિશાસ્ત્ર વિભાગના વડા ડો.બી.એમ.પરમારની અધ્યક્ષતામાં પ્રશ્નાવલી તૈયારી કરવા અંગેનું માર્ગદર્શકસત્ર યોજાયું હતું.

બીજા દિવસે સંશોધન પદ્ધતિઓ અને સંશોધનની તરાહ વિશે સરદાર પટેલ યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડો.જિગીશ પંડયાનું માર્ગદર્શન વ્યાખ્યાન યોજાયું. અધ્યક્ષસ્થાને ગોધરા કોલેજના પૂર્વ આચાર્ય પ્રિ.બી.એન.ગાંધી હતા. નલિની-અરવિંદ આર્ટર્સ કોલેજના સમાજશાસ્ત્ર વિભાગના વડા ડો.નીલેશ બારોટની અધ્યક્ષતામાં સંશોધન અને માહિતી એકત્રીકરણ તથા વિશ્લેષણ અંગેનું સત્ર યોજાયું હતું. સમાપન સમારંભના અધ્યક્ષ તરીકે એચ.એમ.પટેલ ઈન્સ્ટિટ્યૂટના એકેડેમિક એડવાઈઝર ડો.રાજેન્દ્રસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પ્રિ.બી.એન.ગાંધી, ડો.જિગીષ પંડયા, ડો.નીલેશ બારોટ અને ડો.હરિ દેસાઈ ઉપસ્થિત હતા.

## આઈ.બી.પટેલનું એચએસસીમાં ૯૩ ટકા પરિણામ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કૂલ(માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ)ની મે-૨૦૧૫માં લેવાયેલ એચ.એસ.સી. પરીક્ષાનું પરિણામ ૯૩.૦૦ ટકા આવ્યું છે. ફિઝિક્સમાં-૯૫ ટકા કેમેસ્ટ્રીમાં ૯૩ ટકા, ગણિતશાસ્ત્રમાં ૯૭ ટકા બાયોલોજીમાં ૯૩ટકા, અંગ્રેજી તથા કોમ્પ્યુટરમાં ૧૦૦ટકા ઉત્કૃષ્ટ પરિણામ બદલ સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ તથા માનદ્ મંત્રીઓ દ્વારા શાળાના આચાર્ય ડૉ. મહેશકુમાર સ્ટેલીન તથા શાળા પરિવારદ્વારા ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને



ફલોરા બલજીતકૌર પટેલ ક્રિશ્ના સેતુમાધવન

અભિનંદન પાઠવ્યાં હતાં. શાળામાં આવેલ પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓમાં ફલોરા બલજીતકૌર કુલદીપસીંગ ૭૭.૭૧ ટકા, દ્વિતીય સ્થાને પટેલ ક્રિશ્ના સ્નેહલ ૭૫ ટકા અને તૃતીય સ્થાને સેતુમાધવન સહદેવન ૭૪ટકા પ્રાપ્ત કર્યા હતા.

## સંજના ડી શર્મા રાષ્ટ્રીય કક્ષાએ




આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ માધ્યમિક વિભાગમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી કુ. સંજના ડી. શર્માએ ૬૦મા નેશનલ સ્કૂલ ગેઈમ્સ - ૨૦૧૪-૧૫માં અંડર-૧૭ ગર્લ્સની ૨૦૧૪-૧૫ની ચેસ સ્પર્ધામાં તમિલનાડુ ખાતે સાલે મુકામે ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કું. સંજના ડી. શર્માએ તૃતીય સ્થાન (નેશનલ લેવલે) મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિ મેળવવા બદલ ચારુતર વિદ્યામંડળના ચેરમેનશ્રી, સેક્રેટરીશ્રી, શાળાના આચાર્યશ્રી તથા વ્યાયામશિક્ષકશ્રી તથા શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા છે. આચાર્યશ્રી ડૉ. મહેશ સ્ટેલીને રાષ્ટ્રકક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ અભિનંદન સાથે ઉજ્જવળ ભવિષ્યના આશીર્વાદ આપ્યા હતા. ચેસ સ્પર્ધા માટે વ્યાયામ શિક્ષકશ્રી મહેશભાઇ પટેલ દ્વારા સંજનાને સતત માર્ગદર્શન મળતું રહ્યું છે. સંજના આ અગાઉ પણ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બની છે. શૈક્ષણિક ક્ષેત્રે અગ્રતા રાખી પ્રથમ નંબરે પાસ થઇને, શાળાનું ગૌરવ વધાર્યું છે.

## એમ.યુ ટેકનિકલનું ગૌરવ

ચારુતર વિદ્યામંડળસંચાલિત એમ.યુ. પટેલ ટેકનિકલ હાઈસ્કૂલ, વલ્લભ વિદ્યાનગરનું માર્ચ ૨૦૧૫નું એસ.એસ.સી. બોર્ડના પરિણામાં સમગ્ર આણંદ જિલ્લામાં

એ૧ ગ્રેડમાં ૨૫ વિદ્યાર્થીઓમાંથી ૩ વિદ્યાર્થીઓ આ શાળાના છે.



અસિર વ્હોરા ચોકસી રાજ કોટેચા ધ્રુવિલ

જેમાંથી પ્રથમ વ્હોરા અસિર સિરાજભાઇ ૯૪.૧૬ ટકા, દ્વિતીય ચોકસી રાજ બંકીમચંદ્ર ૯૧ ટકા અને તૃતીય કોટેચા ધ્રુવિલ કમલેશભાઇ ૯૦.૮૩ ટકા થી ઉત્તીર્ણ થયા હતા. આ ત્રણેય વિદ્યાર્થીઓને ચારુતર વિદ્યામંડળ તરફથી તથા શાળાના આચાર્ય શ્રી સુરેશભાઇ પટેલ તરફથી અભિનંદન પાઠવી ભવિષ્યની સફળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## એમ.યુ. ટેકનિકલમાં વિદાયમાન



એમ.યુ. પટેલ ટેકનિકલ હાઇસ્કૂલમાં વયોચિત નિવૃત્ત થતા શાળાના ઓફિસ સુપ્રિન્ટેડેન્ટ શ્રી મુકેશભાઇ આર.શાહ અને સુપરવાઇઝર શ્રી ચંદ્રકાન્ત એન. ગામેતી અમદાવાદ ખાતે મદદનીશ શાસનાધિકારી તરીકે નિમણૂક થતા શુભેચ્છા સમારંભ શાપુરજી લર્નિંગ હોલ, વલ્લભ વિદ્યાનગર ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી સુરેશભાઇ પટેલ તેમજ અધ્યક્ષ સ્થાને ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રી ડૉ.એસ.જી. પટેલ અને મુખ્યમહેમાન તરીકે આણંદ જિલ્લા વિકાસ અધિકારી ડૉ.એમ.ડી. મોડિયા ઉપસ્થિત રહ્યા હતા.

## બીજેવીએમમાં એમકોમનું ૧૦૦ ટકા પરિણામ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ભીખાભાઇ જીવાભાઇ વાણિજ્ય મહાવિદ્યાલય (બી.જે.વી.એમ કોલેજ), સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા માન્યતા પ્રાપ્ત થયેલ એમ.કોમ (માસ્ટર ઓફ કોમર્સ)ના અભ્યાસક્રમનો જૂન ૨૦૧૩થી પ્રારંભ થયો છે. પ્રથમ બેચનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું હોવા અંગે સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ અને માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલે કોલેજના આચાર્ય સહિતનાને અભિનંદન પાઠવ્યાં હતાં.




ચાલુ વર્ષે એમ.કોમ સેમેસ્ટર-૪ના વિદ્યાર્થીઓની બીજેવીએમની પ્રથમ બેચનો વિદાય સમારંભ તથા આશીર્વાદ સમારંભ અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલના પ્રમુખસ્થાને તથા માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. આચાર્યશ્રી આર.એમ. પટેલે સર્વેનું સ્વાગત કર્યું હતું. એમ.કોમ. પ્રોગ્રામના કન્વીનર પ્રિ.એન.એલ. સંઘવી (નિવૃત્ત આચાર્ય, બીજેવીએમ)એ સર્વનો પરિચય આપી એમ.કોમ અભ્યાસક્રમની પૂર્વભૂમિકા રજૂ કરી હતી. કો-ઓર્ડિનેટર ડૉ. પ્રા. એમ.પી. ત્રિવેદીએ વર્ષ ૨૦૧૪-૧૫ની પ્રવૃત્તિઓનો વિગતવાર અહેવાલ રજૂ કર્યો હતો.

## એનવીપાસમાં કેમ્પસ ઈન્ટરવ્યૂ

ચારુતર વિદ્યામંડળસંચાલિત નટુભાઇ વી. પટેલ કૉલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસમાં સનફાર્મા લિમિટેડ તેમજ ઈન્ટાસ ફાર્માસ્યુટિકલ દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું હતું. બંને ઈન્ટરવ્યૂ માટે જુદી જુદી કોલેજનાં આશરે પચાસ જેટલાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત હતાં. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ડૉ. અર્ચના શાહે જહેમત ઉઠાવી હતી. કૉલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ.બાસુદેબ બક્ષીએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.




ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય(બીવીએમ)ના ઉપક્રમે બે સપ્તાહના સમાંતર તાલીમી કાર્યક્રમોનું ઉદ્‌ઘાટન ગુજરાત ટૅકનોલોજિકલ યુનિવર્સિટી(જીટીયુ)નાં કાર્યકારી કુલપતિ ડૉ.શ્રીમતી રાજૂલ ઠક્કરે કર્યું હતું. આ પ્રસંગે અધ્યક્ષસ્થાને સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ. પટેલ અને મુખ્ય વકતા ચારુસેટ યુનિવર્સિટીના પ્રો-વૉસ્ટ(કુલપતિ) ડૉ.બી.જી.પટેલ, સીવીએમના માનદ સહમંત્રીશ્રી વી.એમ. પટેલ, બીવીએમના આચાર્ય ડૉ.એફ.એસ. ઉમરીગર, તાલીમી કાર્યક્રમોના મુખ્ય સંયોજક ડૉ.ઈન્દ્રજિત પટેલ તથા પ્રા. મયૂર વેગડ મંચ પર જણાય છે.




સીવીએમસંચાલિત સરદાર પટેલ સંશોધન સંસ્થા-સૅરલિપ દ્વારા એમ.ફિલ.-પીએચ.ડી.નાં શોધાર્થી માટે યોજાયેલી દ્વિદિવસીય સંશોધન કાર્યશાળાના ઉદ્‌ઘાટનસત્રમાં ચાવીરૂપ વ્યાખ્યાન આપતા લબ્ધપ્રતિષ્ઠ ઇતિહાસવિદ ડૉ.મકરંદ મહેતા અને અધ્યક્ષ સ્થાને ભો.જે. વિદ્યાભવનના નિયામક ડૉ. આર.ટી. સાવલિયા (ઇન્સૅટ)માં હતા. સમાપન સત્રમાં અતિથિવકતા તરીકે સરદાર પટેલ યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ.જિગીષ પંડ્યા અને અધ્યક્ષસ્થાને ડૉ.રાજેન્દ્રસિંહ જાડેજા હતા. મંચસ્થ મહાનુભાવોમાં સૅરલિપના નિયામક ડૉ.હરિ દેસાઇ, પ્રિ.બી.એન. ગાંધી, ડૉ.અરુણ વાઘેલા, ડૉ.નીલેશ બારોટ તથા કાર્યશાળાનાં સંયોજક ડૉ.ટીના દોશી હતાં.

V-Vidyanagar 17 (7) July 2015 Postal Regd. No. AND/318/2015-17
Published on Tuesday, 30.06.2015 No. of Pages 48 Including Cover RNI Regd. No. Guj/2009-11/5433
ISSN 0976 – 9609 V-Vidyanagar Posted at Vallabh Vidyanagar on 25th of Every Month

Seredipity



Acrylic-on-canvas AnuradhaThakur

Editor: Dr. Hari Desai Printed at Anand Press, Anand 388 001
Printed, Published and owned by Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)